અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 21 જુલાઈ 2026 મંગળવાર
વિક્રમ સંવત 2082, અષાઢ સુદ -8
વર્ષ : 18
અંક : 22
તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  અમેરિકી સૈનિકોની રાહ જોઈ રહ્યા છીએ: ખાર્ગ આઈલેન્ડ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો, તો કોઈ જીવતું નહીં....

4  ધર્મની સાથે વિજ્ઞાનનો વિકાસ થશે તો સાચા વિશ્વગુરુ થવાશે

6  મેરે નૈનાં સાવન ભાદોં... પ્રેમીઓનાં હૈયાંમાં જીવતા ગીતની ભીતરી કહાણી

7  આજે સોનું ₹756 અને ચાંદી ₹3493 મોંઘી થઈ: 10 ગ્રામ સોનું ₹1.42 લાખ પર અને 1 કિલો ચાંદીની કિંમત ₹2.19 લાખ પહોંચી

## રામમંદિરમાં ચોરી-પેપર લીક મામલે સંસદમાં હોબાળો

### ખડગેએ કહ્યું- જંતર-મંતર પર લાઠીચાર્જથી બાળકોનો અવાજ દબાવી રહી છે સરકાર

**નવી દિલ્હી, તા.20**

લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યે ફરી શરૂ થઈ. જોકે વિપક્ષ પેપર લીક મામલાને લઈને હોબાળો કરી રહ્યો છે. વિપક્ષી સાંસદોના પોસ્ટર બેનર લહેરાવવા પર સ્પીકરે વાંધો ઉઠાવ્યો. લોકસભા અડધા કલાક માટે ફરી સ્થગિત કરી દેવામાં આવી. બપોરે 3 વાગ્યે લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થતાં જ વિપક્ષી સાંસદોના હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી મંગળવાર સુધી સ્થગિત કરવામાં આવી.



મોન્સૂન સત્રના પહેલા દિવસે રાજ્યસભામાં NEET પેપર લીકનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું- જંતર-મંતર પર વિદ્યાર્થીઓ ભેગા થયા, તેમનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. સરકારે તેમના પર લાઠીચાર્જ કર્યો. વિપક્ષના હોબાળાને કારણે બંને ગૃહની કાર્યવાહી લોકસભા-રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી.

સંસદની કાર્યવાહી સવારે 11 વાગ્યે શરૂ થઈ હતી. સત્ર શરૂ થયાના થોડા સમય બાદ વિપક્ષ પેપર લીકના મુદ્દે હોબાળો કર્યો. વિપક્ષના નેતાઓએ NEET-UG પેપર લીક અને રામ મંદિર દાન ચોરી સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચાની માંગ કરી. ઘણા સાંસદો પોસ્ટર, બેનરો લઈને હોબાળો કરતા વેલ સુધી પહોંચી ગયા હતા.

આ દરમિયાન, કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે સુપ્રીમ કોર્ટમાં જજોની સંખ્યા વધારવા માટેનું બિલ લોકસભામાં રજૂ કર્યુ.

આ પહેલા પીએમ મોદીએ સંસદના હંસ દ્વાર પર મીડિયાને 15 મિનિટ સંબોધન કર્યુ. પીએમ મોદીએ કહ્યું- ચોમાસું હોય કે ચોમાસુ સત્ર હોય, જો બંને પ્રો-એક્ટિવ હોય તો ખૂબ જ પ્રોડક્ટિવ રહે છે. તેનાથી દેશનું કલ્યાણ થાય છે. તેથી અમે એવી જ પ્રાર્થના કરીએ છીએ કે ચોમાસું અને ચોમાસુ સત્ર પ્રોડક્ટિવ રહે.

પીએમએ કહ્યું- સંસદમાં તર્ક સાથે ચર્ચા થાય. દરેક અવાજને સન્માન મળે. હું તમામ સાંસદોને ગૃહમાં ચર્ચા માટે આમંત્રણ આપું છું. સત્રના પહેલા દિવસે હોબાળો થવાની શક્યતા છે. વિપક્ષ સોનમ વાંગચુકના ઉપવાસ, NEET-UG પેપર લીક અને રામ મંદિરના દાન ચોરી સહિતના અનેક મુદ્દાઓ પર સરકારને ઘેરવાની તૈયારીમાં છે.

વડાપ્રધાનનો રાહુલ ગાંધી પર કટાક્ષ પોતાના સંબોધનમાં પીએમ મોદીએ વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું- હું કોઈ 56 વર્ષીય યુવકની વાત નથી કરી રહ્યો. હું દેશના એવા યુવા ઉદ્યોગસાહસિકોની વાત કરી રહ્યો છું જેમની સરેરાશ ઉંમર 28 વર્ષ છે... તેઓ અભિનંદનને પાત્ર છે, તેમાં કોઈ શંકા નથી. 56 નહીં, 28 વર્ષના યુવાન દેશનું સન્માન વધારી રહ્યા છે. તમે જાણો છો, ભારતમાં આત્મવિશ્વાસ વધારે છે. વિશ્વમાં ભારતની છબી સર્વત્ર સન્માનિત અને વ્યાપકપણે સ્વીકાર્ય બની રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના ચોમાસુ સત્રના સાર્થક થવાની આશા વ્યક્ત કરી. મોદીએ અવકાશ ક્ષેત્રે ભારતની વધતી સિદ્ધિઓની પ્રશંસા કરતા કરી. તેમણે ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને દેશની અવકાશ ક્ષમતાઓને વિસ્તૃત કરવામાં ખાનગી ક્ષેત્રની ભૂમિકાની પણ પ્રશંસા કરી.

પોતાના સંબોધનમાં પીએમ મોદીએ રાહુલ ગાંધીનું નામ લીધા વિના કટાક્ષ કર્યો. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, 'ભારતના એક યુવા સ્ટાર્ટઅપે ખૂબ મોટી સિદ્ધિ મેળવી છે. ભારતના યુવાનોએ અવકાશમાં નવી ઉડાન ભરી છે, ખૂબ મોટી સફળતા છે. લોકસભામાં સુપ્રીમ કોર્ટ (જજોની સંખ્યા) સુધારા વિધેયક, 2026 રજૂ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં જજોની મંજૂર સંખ્યા 34થી વધારીને 38 (મુખ્ય ન્યાયાધીશ સહિત) કરવામાં આવશે. આ બિલ મે મહિનામાં જારી કરાયેલા વટહુકમનું સ્થાન લેશે. વટહુકમ લાગુ થયા પછી, વધેલી મંજૂર સંખ્યાના આધારે સુપ્રીમ કોર્ટમાં 5 નવા જજોની નિમણૂક કરવામાં આવી છે. આ સુધારા માટે બંધારણમાં ફેરફાર કરવાની જરૂર નથી. તેને પસાર કરવા માટે સંસદમાં સાદી બહુમતીની જરૂર છે. જ્યારે સંસદનું સત્ર ચાલુ ન હોય, ત્યારે સરકાર તાત્કાલિક કાયદો બનાવવા માટે વટહુકમ અથવા અધ્યાદેશ જારી કરી શકે છે. પરંતુ સંસદનું સત્ર શરૂ થયા પછી, તેને 6 અઠવાડિયા (42 દિવસ)ની અંદર બંને ગૃહોમાંથી પસાર કરાવવું જરૂરી છે, નહીંતર વટહુકમ આપમેળે સમાપ્ત થયેલો માનવામાં આવે છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, અમે બધા શિક્ષણ સંબંધિત મુદ્દાઓ પર સંસદમાં ચર્ચાની માંગ કરી રહ્યા છીએ. શિક્ષણ નીતિમાં ઘણી ગંભીર સમસ્યાઓ છે, પરંતુ સરકાર તેના પર ચર્ચા કરવા તૈયાર નથી. તેના બદલે વિદ્યાર્થીઓ પર ટીયર ગેસના શેલ છોડવામાં આવી રહ્યા છે અને તેમને મારવામાં આવી રહ્યા છે. આખરે કેમ? તેઓ આપણા જ બાળકો છે. લોકસભાની કાર્યવાહી 11 વાગ્યે શરૂ થઈ. સદન લગભગ 7-8 મિનિટ ચાલ્યું. વિપક્ષના હોબાળાને કારણે સ્પીકરે કાર્યવાહી 12 વાગ્યા સુધી સ્થગિત કરી દીધી. ત્યારબાદ ચાર વાર વધુ સદનને સ્થગિત કરવું પડ્યું. બીજી તરફ રાજ્યસભા આખા દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવી છે.

## ભારતમાં પહેલી ડેન્ગ્યુ રસી QDENGAને મંજૂરી: કોઈપણ તપાસ વિના 4 થી 60 વર્ષ સુધીના લોકો ડોઝ લઈ શકશે, દેશમાં જ બનશે

**નવી દિલ્હી, તા.20**




ભારતમાં પહેલીવાર ડેન્ગ્યુની રસીને મંજૂરી મળી ગઈ છે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI)એ તાકેડા બાયોફાર્માસ્યુટિકલ્સ ઈન્ડિયાની રસી QDENGAને બજારમાં ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ રસી ચારથી 60 વર્ષ સુધીના લોકોને આપી શકાશે. તેને લેતા પહેલા એ તપાસ કરાવવાની જરૂર નહીં પડે કે વ્યક્તિ પહેલા ક્યારેય ડેન્ગ્યુથી સંક્રમિત થયો હતો કે નહીં. ભારતમાં મળેલી મંજૂરી તાકેડાના વૈશ્વિક ક્લિનિકલ ડેવલપમેન્ટ પ્રોગ્રામના આધારે આપવામાં આવી છે. આ અંતર્ગત ફેઝ-I, ફેઝ-II અને ફેઝ-III ના કુલ 19 ક્લિનિકલ ટ્રાયલ કરવામાં આવ્યા, જેમાં 28 હજારથી વધુ લોકોએ ભાગ લીધો. QDENGAના બે ડોઝ આપવામાં આવે છે. દરેક ડોઝ 0.5 મિલીલીટરનો હોય છે અને ત્વચાની નીચે ઈન્જેક્શન દ્વારા આપવામાં આવે છે. બંને ડોઝ વચ્ચે ત્રણ મહિનાનું અંતર રાખવામાં આવે છે. 'ક્યુડેંગા' (TAK-003) ખરેખર જાપાની કંપની 'ટાકેડા'ની શોધ છે, પરંતુ આપણા માટે સૌથી મોટી રાહતની વાત એ છે કે 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ તેનું મોટા પાયે ઉત્પાદન દેશમાં જ થશે. આ માટે ટાકેડાએ હૈદરાબાદની જાણીતી ફાર્મા કંપની 'બાયોલોજિકલ ઈ' સાથે કરાર કર્યો છે. ભારતમાં જ બનવાને કારણે તેનો પુરવઠો ઝડપી અને કોઈપણ અવરોધ વિના થશે.

હજુ તેની ચોક્કસ કિંમતની જાહેરાત થવાની બાકી છે, પરંતુ કારણ કે તે આપણા પોતાના દેશમાં જ બનશે, તેથી એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે તે સામાન્ય લોકોના ખિસ્સા પર વધુ ભારે નહીં પડે. બજારમાં લોન્ચ થયા પછી, સાવચેતીના ભાગરૂપે શરૂઆતના 6 મહિના સુધી લોકો પર તેની અસરનું સંપૂર્ણ નિરીક્ષણ પણ કરવામાં આવશે. તાકેડા અનુસાર, ભારત વિશ્વમાં ડેન્ગ્યુથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં શામેલ છે. દેશના ઘણા ભાગોમાં ડેન્ગ્યુ વાયરસના ચારેય સીરોટાઈપ એકસાથે ફેલાઈ રહ્યા છે. કંપનીના મેડિકલ અફેર્સના પ્રમુખ ગોહ ચૂ બેંગે જણાવ્યું કે QDENGA ને ચારેય સીરોટાઈપથી સુરક્ષા આપવા માટે તૈયાર કરવામાં આવ્યું છે.

આ મંજૂરી ભારતમાં ડેન્ગ્યુ નિવારણની વ્યૂહરચનાને મજબૂત કરશે. આની સાથે મચ્છર નિયંત્રણ, નિરીક્ષણ, જનજાગૃતિ અને અન્ય જાહેર આરોગ્યના ઉપાયો પણ જરૂરી રહેશે.

કંપનીએ એમ પણ કહ્યું કે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ડેન્ગ્યુ પ્રભાવિત વિસ્તારોમાં QDENGA ના ઉપયોગની ભલામણ કરે છે. WHO નું સમર્થન છે કે વધુ ચેપવાળા વિસ્તારોમાં તેને સાર્વજનિક રસીકરણ કાર્યક્રમમાં પ્રી-વેક્સિનેશન સ્ક્રીનિંગ વિના શામેલ કરી શકાય છે. ને WHOની પ્રી-ક્વોલિફિકેશન પણ મળી ચૂકી છે. એનો મતલબ છે કે તે ગુણવત્તા, સુરક્ષા અને અસરકારકતાના આંતરરાષ્ટ્રીય માપદંડો પર ખરી ઉતરે છે. એ પછી UNICEF અને પાન અમેરિકન હેલ્થ ઓર્ગેનાઈઝેશન (PAHO) જેવી વૈશ્વિક એજન્સીઓ પણ તેની ખરીદી કરી શકે છે.

## દિલ્હીમાં CJP બાદ સરકાર માટે બીજી મુશ્કેલી ઊભી થઈ, ખેડૂતો હવે મેદાને પડ્યા

**નવી દિલ્હી, તા.20**

સંસદના ચોમાસું સત્ર વચ્ચે દેશની રાજધાની દિલ્હીમાં એકસાથે બે મોટા આંદોલનોને કારણે રાજકીય ગરમાવો આવી ગયો છે અને સુરક્ષા દળો હાઈ એલર્ટ પર છે. એક તરફ આજે સોમવારે કોકરોચ જનતા પાર્ટી(CJP)ના વિરોધ પ્રદર્શનથી સંસદ ભવન આસપાસ તંગદીલીભર્યો માહોલ બન્યો છે, તો બીજી તરફ પંજાબથી હજારો ખેડૂતોનો કાફલો દિલ્હી તરફ રવાના થતાં સરકાર માટે બેવડી સુરક્ષા અને રાજકીય પડકાર ઊભો થયો છે. ખેડૂતોનો કાફલો રાત્રિ રોકાણ અલગ-અલગ સ્થળોએ કરીને 21 જુલાઈના રોજ દિલ્હીના 'કિસાન ઘાટ' ખાતે યોજાનાર મહારેલીમાં ભાગ લેશે.



ખેડૂત નેતાઓએ દાવો કર્યો કે ભારતની ડેરી વ્યવસ્થા કરોડો ગ્રામીણ પરિવારોની આજીવિકા સાથે જોડાયેલી છે. એવામાં આ ક્ષેત્ર પર કોઈપણ પ્રકારનું દબાણ ગ્રામીણ અર્થતંત્ર અને રોજગાર પર નકારાત્મક અસર પાડી શકે છે. દેશ બચાવો મોરચાએ કેન્દ્ર સરકાર પાસે માંગ કરી છે કે ભારત-અમેરિકા વેપાર કરાર સાથે જોડાયેલા તમામ દસ્તાવેજો જાહેર કરવામાં આવે. સાથે જ ખેડૂતો, મજૂરો, ડેરી ઉત્પાદકો અને અન્ય સંબંધિત પક્ષો સાથે વ્યાપક ચર્ચા કર્યા પછી જ કોઈ નિર્ણય લેવામાં આવે. કિસાન મજદૂર સંઘર્ષ કમિટીના વરિષ્ઠ નેતા સરવણ સિંહ પંઢેરે જણાવ્યું કે અમૃતસર અને ગુરદાસપુર જિલ્લાઓમાંથી સેંકડો બસો અને અન્ય વાહનોનો કાફલો આજે બિયાસ પુલથી દિલ્હી માટે રવાના થયો. આ સિવાય પંજાબના વિવિધ જિલ્લાઓમાંથી કિસાન મજદૂર મોરચા, બીકેયુ એકતા સંઘર્ષ અને અન્ય ખેડૂત સંગઠનોના જથ્થા પણ દિલ્હી કૂચ કરી રહ્યા છે. આ કાફલા નક્કી કરેલા કાર્યક્રમ મુજબ રાત્રિના સમયે અલગ-અલગ સ્થળોએ રોકાશે. કિસાન મજદૂર સંઘર્ષ કમિટીનો કાફલો ફતેહગઢ સાહિબ-સરહિંદમાં રાત્રિ રોકાણ કર્યા પછી સવારે શંભુ બોર્ડરના રસ્તે દિલ્હી પહોંચશે. સરવણ સિંહ પંઢેરે કહ્યું કે આ મહારેલીમાં પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓડિશા સહિત અનેક રાજ્યોમાંથી હજારો ખેડૂતો જોડાશે.

## રામમંદિર ચોરી-સુપ્રીમ કોર્ટે કહ્યું-યુપી સરકાર ફરીથી SIT બનાવે: IPS અધિકારીને જવાબદારી સોંપવામાં આવે, આ મામલે રાજકારણ ન થવું જોઈએ

**અયોધ્યા, તા.20**

અયોધ્યા રામ મંદિરના દાન ચોરીના કેસમાં સુપ્રીમ કોર્ટે ફરીથી SIT બનાવવાનો આદેશ આપ્યો છે. સોમવારે બપોરે 3:30 વાગ્યે સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે કહ્યું- નવેસરથી SIT બનાવવામાં આવે. સિનિયર IPS અધિકારી ટીમનું નેતૃત્વ કરે, જેથી તપાસ કોઈ નિર્ણાયક સ્તર સુધી પહોંચે.

CJIએ કહ્યું- તપાસ નિષ્પક્ષ અને કોઈ પણ ભેદભાવ વિના થવી જોઈએ. તપાસ યોગ્ય રીતે થાય. કોર્ટે સોલિસિટર જનરલ (SG) તુષાર મહેતાને યુપી સરકાર પાસેથી SIT માટે નામ લઈને આવવા કહ્યું. કોર્ટ હવે 27 જુલાઈએ આગામી સુનાવણી કરશે. અરજદારો વતી એડવોકેટ દેવદત્ત કામત અને અન્ય સામેલ હતા.

SG- સત્ય સામે લાવવા માટે SIT બનાવવામાં આવી હતી. હવે પોલીસ તેની તપાસ કરી રહી છે.

CJI- SITની ફરીથી રચના કરવામાં આવે, જેમાં કેટલાક વરિષ્ઠ નિષ્ણાતો હોય, IPS અધિકારીઓ તપાસ ટીમનું નેતૃત્વ કરે, જેથી તપાસ કોઈ નિર્ણાયક સ્તર સુધી પહોંચે.

CJI- અમે 3-4 દિવસ પછી આ મામલે સુનાવણી કરીશું. તપાસના દરેક પાસા પર ધ્યાન આપીશું. SITમાં વરિષ્ઠ સભ્યો હતા. કૃપા કરીને શોધી કાઢો કે શું તપાસ માટે SIT બનાવી શકાય છે.

એડવોકેટ કામત- રાજ્યે દાનની માહિતી જાહેર કરવી જોઈએ. એવા સમાચાર છે કે આ વસ્તુઓ ગુમ થઈ ગઈ છે.

CJI- તમારે વ્યવહારુ બનવું પડશે. લોકો કહી શકે છે કે અમે હીરાનું દાન કર્યું છે. જ્યાં પણ રસીદ આપવામાં આવી છે, તેનો રેકોર્ડ હોવો જોઈએ.

રામ મંદિરના ચઢાવાની ચોરીની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે કહ્યું- કેસની તપાસ માટે રચાયેલી SITનું પુનર્ગઠન થવું જોઈએ.



તેમણે કહ્યું,બે IAS અધિકારીઓ છે. એક લખનઉના કમિશનર છે, બીજા સ્પેશિયલ સેક્રેટરી છે. આ ઉપરાંત એક ઈન્સ્પેક્ટર જનરલ (IG) સ્તરના અધિકારી પણ છે. હાલની તપાસને જોતા નવી SIT બનાવવામાં આવે અને આ IG અધિકારીને તેના પ્રમુખ બનાવવામાં આવે, કારણ કે તેમને કેસની સંપૂર્ણ જાણકારી છે.

CJIએ રાજ્ય સરકારને કહ્યું કે તે પરસ્પર ચર્ચા કરીને SITનું પુનર્ગઠન કરે. તેમણે સ્પષ્ટ કર્યું કે જરૂર પડ્યે કોર્ટ આગળ પણ જરૂરી નિર્દેશો આપશે. સાથે જ કોર્ટે ચેતવણી આપી કે આ કેસમાં રાજકારણ ન થવું જોઈએ. CJIએ કહ્યું, "તપાસ સંપૂર્ણપણે નિષ્પક્ષ હોવી જોઈએ અને તેને તેના તાર્કિક નિષ્કર્ષ સુધી પહોંચાડવી જોઈએ."

અયોધ્યા રામ મંદિર ચઢાવા ચોરી કેસમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ રવિવારે પોતાની તપાસનો સ્ટેટસ રિપોર્ટ સુપ્રીમ કોર્ટમાં રજુ કર્યો હતો. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ રિપોર્ટ સીલબંધ કવરમાં રજુ કરવામાં આવ્યો છે.

ખરેખરમાં, દાન ચોરી સંબંધિત ચાર અલગ-અલગ અરજીઓ સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી છે. આમાં તપાસ CBIને સોંપવા ઉપરાંત મંદિરમાં દાનના સંચાલન સંબંધિત અલગ-અલગ વિષયોની સમીક્ષા માટે નિષ્ણાત સમિતિ બનાવવાની માંગ કરવામાં આવી છે. બીજી તરફ, રામ મંદિર દાન ચોરીના આરોપી રમાશંકર યાદવ ઉર્ફે 'ટિન્નુ' અને તેના ભત્રીજા મનીષ પાસેથી પોલીસે 39 કલાકની રિમાન્ડ દરમિયાન અર્ટિગા કાર, બુલેટ અને જમીન સંબંધિત દસ્તાવેજો જપ્ત કર્યા છે. મનીષ અને ટિન્નુ પાસેથી રોકડ પણ મળી છે. બંનેના રિમાન્ડ પૂરા થતાં 19 જુલાઈની રાત્રે 11 વાગ્યે તેમને જેલમાં ધકેલવામાં આવ્યા.

ટિન્નુ, પૂર્વ મહાસચિવ ચંપત રાયનો નજીકનો રહ્યો છે. તે મંદિરના દાનપાત્રોની દેખરેખ કરતો હતો, જ્યારે મનીષ ચઢાવાની ગણતરીનું કામ કરતો હતો. પોલીસે ટિન્નુના ઘરેથી 1 લાખ રૂપિયા અને મનીષના ઘરેથી 2 લાખ રૂપિયા જપ્ત કર્યા હતા.

આ પહેલા 13 જુલાઈએ સુપ્રીમ કોર્ટે આ અરજીઓ પર સુનાવણી કરી હતી. કોર્ટે યુપી, કેન્દ્ર સરકાર અને શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને નોટિસ પાઠવી હતી. યુપી સરકાર દ્વારા બનાવવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) પાસેથી અત્યાર સુધીની તપાસનો સ્ટેટસ રિપોર્ટ એક સપ્તાહમાં માંગ્યો હતો. સાથે જ કોર્ટે કેસ સંબંધિત CCTV સુરક્ષિત રાખવાના પણ નિર્દેશ આપ્યા હતા.



# વલસાડમાં સાડા ત્રણ ઇંચ વરસાદ, રાજ્ય માથે ત્રણ ખતરનાક સિસ્ટમ

## 4 દિવસ માછીમારો માટે ચેતવણી, નવસારી-વલસાડમાં ઓરેન્જ ઓલર્ટ, 93 તાલુકામાં વરસાદ

**વલસાડ, તા.20**

ગુજરાતમાં હાલમાં એકસાથે ત્રણ શક્તિશાળી વરસાદી સિસ્ટમ સક્રિય થતાં ચોમાસું ફરી જામ્યું છે, જેના ભાગરૂપે આજે સવારે 6થી બપોરે 2 વાગ્યા સુધીમાં રાજ્યના 93 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં વલસાડમાં સૌથી વધુ 3.5 ઈંચ વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગે આગામી 7 દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી સાથે આજે નવસારી અને વલસાડ માટે 'ઓરેન્જ અલર્ટ' જાહેર કર્યું છે, તેમજ દરિયામાં ભારે પવન ફૂંકાવાની શક્યતાને પગલે માછીમારોને 4 દિવસ દરિયો ન ખેડવા કડક સૂચના આપી છે.

રાજ્યમાં અત્યાર સુધી ચોમાસાની સીઝનમાં 33% વરસાદની ઘટ પ્રવર્તી રહી છે, ત્યારે આ નવો રાઉન્ડ શરૂ થતાં મહીસાગર સહિતના પંથકોમાં ખેડૂતોમાં આશાની કિરણ જાગી છે. દરમિયાન, દક્ષિણ ગુજરાતના ખરાબ હવામાન અને દમણ એરપોર્ટ પર આધુનિક લેન્ડિંગ સિસ્ટમ (ILS)ના અભાવે દિલ્હી-દમણની એલાયન્સ એરની ફ્લાઈટને અમદાવાદ ડાયવર્ટ કરી દિલ્હી પરત મોકલવી પડી હતી.

વલસાડ જિલ્લામાં મેઘરાજા મન મૂકીને વરસ્યા છે. બપોરના 2 વાગ્યા સુધીમાં વલસાડ-પારડીમાં 3.5 ઈંચ વરસાદ વરસ્યો છે. ભારે વરસાદને પગલે શહેરના RPF ગ્રાઉન્ડ પાસે આવેલી મહાદેવનગર સોસાયટીમાં ગોઠણ સુધીના પાણી ભરાતા સ્થાનિકોને અવર-જવરમાં મુશ્કેલી પડી રહી છે. સ્થાનિકોના જણાવ્યું પ્રમાણે, 17 વર્ષથી પાણી ભરાતા હોવા છતાં તંત્ર દ્વારા નિરાકરણ લાવવામાં આવતું નથી.

સાર્વત્રિક વરસાદના પગલે શહેરના છીપવાડ રેલવે અંડર પાસ અને મોગરાવાડી રેલવે અંડર પાસમાં વરસાદી પાણીનો ભરાવો થતા શાળા-કોલેજે જતા વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ અને વલસાડ શહેરમાં આવતા લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. વલસાડ સિટી પોલીસ દ્વારા તકેદારીના ભાગ રૂપે મોગરાવાડી અને છીપવાડ રેલવે અંડર પાસમાં વાહન-વ્યવહાર અટકાવવામાં આવ્યો છે. મેઘરાજાની બીજી ઈનિંગમાં વલસાડ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો થતા વાહનચાલકોને હાલાકી ભોગવાનો વારો આવ્યો છે. બીજી તરફ ડાંગરના પાક ઉપર નભતા ખેડૂતોમાં ખુશીનો મહિલા પણ જોવા મળ્યો હતો.



નવસારી જિલ્લામાં ગત રાતથી જ વરસી રહેલા અવિરત વરસાદને કારણે સમગ્ર શહેરમાં ફરી એકવાર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં જનજીવન ભારે પ્રભાવિત થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અગાઉ નવસારીની મુલાકાત વખતે પાણીના નિકાલ અંગે કડક તાકીદ કરી હોવા છતાં મહાનગરપાલિકા દ્વારા ગટરો અને ડ્રેનેજ લાઈનની યોગ્ય સફાઈ ન કરાતાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે.

આ પ્રી-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ રહેવાના કારણે છાપરા રોડ અને શાંતાદેવી રોડ જેવા નીચાણવાળા વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા છે, જ્યાં માર્ગો જળમગ્ન થવાની સાથે ગટરના પાણી બેક મારતાં સોસાયટીઓમાં અવરજવર બંધ થઈ ગઈ છે. શાંતાદેવી રોડ પર ઘૂંટણસમા ભરાયેલા વરસાદી પાણી વેપારીઓની દુકાનોમાં ઘૂસી જતાં કિંમતી સામાનને ભારે નુકસાન પહોંચ્યું છે, જેને પગલે મનપાની નીંભર નીતિ સામે સ્થાનિક રહીશો અને વેપારીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, હાલમાં દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન પર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે, જે સમુદ્રની સપાટીથી 3.1થી 4.5 કિમીની ઊંચાઈ વચ્ચે બનેલું છે. આ ઉપરાંત, એક મોનસૂન ટ્રફ રાજસ્થાનના ગંગાનગરથી થઈને ઉત્તર-પૂર્વ બંગાળની ખાડી સુધી લંબાયેલું છે. બંગાળની ખાડીમાં પણ એક નવું સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે, જ્યાંથી નીકળતો એક ટ્રફ દક્ષિણ છત્તીસગઢ, દક્ષિણ ઓડિશા, તેલંગાણા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને દક્ષિણ ગુજરાત થઈને ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રની સપાટીથી 5.8 કિમી ઉપર વિસ્તરેલો છે. આ વિવિધ હવામાન સિસ્ટમના સંયુક્ત પ્રભાવને કારણે આગામી 7 દિવસ દરમિયાન ગુજરાતના જુદા-જુદા વિસ્તારો તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના સેવાઈ રહી છે.

વરસાદની તીવ્રતા અંગે, આજના દિવસ માટે નવસારી અને વલસાડ જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આશંકાને પગલે ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે 21 અને 22 જુલાઈના રોજ દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે વરસાદની સંભાવના સાથે યલો અલર્ટ આપવામાં આવ્યું છે. ચોમાસાના આગામી 25 અને 26 જુલાઈના રોજ મધ્ય અને ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદી એક્ટિવિટિમાં વધારો જોવા મળશે. જેમાં 25 જુલાઈએ દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર અને અરવલ્લીમાં તેમજ 26 જુલાઈએ દાહોદ, પંચમહાલ, મહીસાગર, અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ભારે વરસાદ થઈ શકે છે. આ જ સમયગાળા દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરમાં પણ હળવાથી મધ્યમ વરસાદની અપેક્ષા છે. આગામી 7 દિવસ સુધી રાજ્યમાં તાપમાન સામાન્યની આસપાસ જ જળવાઈ રહેશે અને તેમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય.

દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની સ્થિતિ થોડી મજબૂત રહેશે, જેમાં ઉત્તર ગુજરાતના કાંઠે 20થી 25 નોટની ઝડપે પશ્ચિમી-દક્ષિણપશ્ચિમી પવન ફૂંકાશે, જે વધીને 30 નોટ સુધી પહોંચી શકે છે. દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે પણ આ જ ગતિએ પવન ફૂંકાવા સાથે વાતાવરણ તોફાની બનવાની શક્યતા છે. આ પ્રતિકૂળ સ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી 4 દિવસ સુધી માછીમારોને અરબી સમુદ્ર કે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ન જવાની કડક સલાહ આપવામાં આવી છે, કારણ કે દરિયામાં પવનની ગતિ 45થી 55 નોટ અને ગસ્ટિંગ 65 નોટ સુધી પહોંચી શકે છે.

સમગ્ર ચોમાસાની સીઝનના આંકડાની વાત કરીએ તો, ગુજરાત રિજીયનમાં સામાન્ય કરતાં 25% અને સૌરાષ્ટ્ર-કચ્છમાં 42% ઓછો વરસાદ નોંધાયો છે, જેથી સમગ્ર રાજ્યમાં અત્યાર સુધી સામાન્ય કરતાં 33% વરસાદની ઘટ જોવા મળી છે. જોકે, માત્ર જુલાઈ મહિનાના (19 જુલાઈ સુધીના) આંકડા જોઈએ તો ગુજરાત રિજીયનમાં 6% વધુ વરસાદ થયો છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં 2%ની ઘટ સાથે સમગ્ર રાજ્યમાં જુલાઈમાં 2% વધુ વરસાદ નોંધાયો છે. આ જ ગાળામાં કેન્દ્રશાસિત પ્રદેશોમાં જુલાઈ મહિના દરમિયાન સામાન્ય કરતાં 61% જેટલો વધુ વરસાદ નોંધાયો છે.

# CG રોડના ટીમ હોર્ટન્સ કાફેમાં વહેલી પરોઢે 60 હજારની ચોરી

## બીજા બનાવમાં રાણીપમાં જ્વેલર્સના માણસ બની રોકડ-દાગીના લઈ ગઠીયા ફરાર

**અમદાવાદ, તા.20**

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલી ટીમ હોર્ટન્સ કાફેમાં વહેલી પરોઢે ચોરીની ઘટના સામે આવી છે. એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા યશરાજ લાખાણી પી.જી. સેન્ટરમાં રહેતા અને સી.જી. રોડ પર આવેલી હોર્ટન્સ કાફેમાં સ્ટોર મેનેજર તરીકે ફરજ બજાવતા રોહિતસિંહે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વહેલી પરોઢે હાથ પર ટેટૂ ધરાવતો એક અજાણ્યો શખ્સ કાફેમાં ઘૂસ્યો હતો.




તેણે કાફેનું લોક ખોલી અંદર પ્રવેશ કર્યો અને કાઉન્ટરમાં રાખેલા રૂ.60 હજારની રોકડ પર હાથફેરો કરી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના કાફેમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોવાનું જાણવા મળ્યું છે. નવરંગપુરા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે ટેટૂધારી આરોપીની ઓળખ મેળવવા તપાસ શરૂ કરી છે.

રાણીપ વિસ્તારમાં પાંચ લાખ રૂપિયાની ચીટિંગનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ભીમજીપુરાના રિદ્ધિશ્વર સોસાયટીમાં રહેતા અક્ષય નાગરે રાણીપ પોલીસ સ્ટેશનમાં કરણ ભરવાડ, દેવાંગ ઉર્ફે ભઈલુ, દેવ ઠાકોર સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, અક્ષયનો ભાઈ વિનિત નાગર હાલમાં હંગેરીમાં વર્ક પરમિટ પર છે. વિદેશ જતાં પહેલાં તેણે કરણ ભરવાડ પાસે દાગીના ગીરવે મૂક્યા હતા.

દાગીના છોડાવવા અક્ષય 5 લાખ રૂપિયા લઈને ગયો હતો. તે દરમિયાન આરોપીઓએ પોતાને જ્વેલર્સના માણસ તરીકે ઓળખાવ્યા હતા અને વિશ્વાસમાં લઈ રૂપિયા તેમજ ગીરવે મૂકેલા દાગીના કબજે કરી ફરાર થઈ ગયા હતા. છેતરપિંડીનો ભાંડો ફૂટતાં અક્ષયે રાણીપ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

એલીસબ્રિજ વિસ્તારમાં વધુ એક ચેઈન સ્નેચિંગની ઘટના સામે આવી છે. જૈનેમ ફ્લેટમાં રહેતા 66 વર્ષીય સુશીલાબહેન રમણીકલાલ મોરખીયાએ એલીસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, 17 જુલાઈના બપોરે આશરે 2 વાગ્યે તેઓ નવચેતન સ્કૂલથી ગોપી ડાઈનિંગ હોલ તરફ દેવાશ્રય ફ્લેટ પાસે પગપાળા જઈ રહ્યા હતા.

ત્યારે મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સોએ તેમના ગળામાંથી અંદાજે રૂ.1.25 લાખ કિંમતની સોનાની ચેઈન ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. ઘટનાને પગલે એલીસબ્રિજ પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને શોધવાની કાર્યવાહી શરૂ કરી છે.

અમરાઈવાડીના જવાહરનગરમાં રહેતા નિલેશ શ્રીમાળીએ વાસણા પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ટાવરમાંથી કોપર કેબલ ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે. નિલેશ શ્રીમાળી વાસણા વિસ્તારમાં આવેલા ખુલ્લા પ્લોટમાં સ્થિત મોબાઈલ ટાવરની દેખરેખની કામગીરી સંભાળે છે. તપાસ દરમિયાન ટાવરમાંથી અંદાજે રૂ.79 હજાર કિંમતનો કોપર કેબલ કોઈ અજાણ્યા શખ્સે ચોરી કરી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું હતું. વાસણા પોલીસે ગુનો નોંધી ચોરને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

# સેક્ટર-28માં મધુર ડેરીના પાર્લરમાં ચોરી: 19 કિલો ઘી સહિત 15 હજારની મત્તા લઈને પલાયન, પોલીસ તપાસનો ધમધમાટ

**ગાંધીનગર, તા.20**

ગાંધીનગરના સેક્ટર-28માં ગાર્ડન નજીક આવેલા એક મધુર ડેરીના પાર્લરને નિશાન બનાવી અજાણ્યા ચોર ઈસમો તાળું તોડી અંદર પ્રવેશી રોકડ રકમ અને મોટી માત્રામાં ઘીના ડબ્બાની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે ગાંધીનગર સેક્ટર-21 પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વાસણી મહાદેવ, જમબા વાળા વાસમાં રહેતા અને નોકરી કરતા દિપકસિંહ સતુજી વાઘેલા સેક્ટર-28માં આવેલ મધુર ડેરીના પાર્લર સાથે સંકળાયેલા છે. ગત તારીખ 15 જુલાઈના રોજ સવારે 10:00 વાગ્યાથી તારીખ 16 જુલાઈના સવારે 6:00 વાગ્યા દરમિયાનના સમયગાળામાં કોઈ અજાણ્યો તસ્કર આ પાર્લરનું તાળું તોડી અંદર પ્રવેશ્યો હતો.




બાદમાં તસ્કરે પાર્લરમાં મુકેલા પાંચ કિલોના બે ડબ્બા, બે લીટરના બે ડબ્બા, એક લીટરના ચાર પાઉચ અને 500 ગ્રામના બે પાઉચ મળીને કુલ 19 કિલો મધુર ઘી કિંમત રૂ. 12,350 તથા ડ્રોવરમાં મુકેલા પરચુરણ સહિતના રોકડા રૂ. 2,500 મળી કુલ રૂ. 14,850ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયો હતો.

આ ચોરીની ઘટના બાદ દિપકસિંહ અને તેમની ટીમે પાર્લરમાં મુકેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસીને ચોર ઈસમની શોધખોળ કરવા માટે પોતાના સ્તરે સઘન પ્રયાસો કર્યા હતા. પરંતુ ચોરનો કોઈ પત્તો ન લાગતા આખરે તેમણે પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. જેના પગલે સેક્ટર 21 પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો ખતરો યથાવત્, 8 બાળકોના મોત: 63 શંકાસ્પદમાંથી 12 પોઝિટિવ

## આરોગ્ય વિભાગ એલર્ટ, અસરગ્રસ્ત વિસ્તારોમાં ફોગિંગ અને સ્ક્રીનિંગ તેજ

**ગાંધીનગર, તા.20**

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના વધતા જતા કેસોને પગલે આરોગ્ય વિભાગ અત્યંત સતર્ક બન્યું છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. વર્ષ 2026 દરમિયાન રાજ્યભરમાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના કુલ 63 જેટલા શંકાસ્પદ કેસો સામે આવ્યા છે. આ શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા, જેમાંથી 12 દર્દીઓમાં ચાંદીપુરા વાયરસની સત્તાવાર પુષ્ટિ થઈ ચૂકી છે. આ પરિસ્થિતિમાં સૌથી વધુ ચિંતાજનક બાબત એ સામે આવી છે કે વાયરસના પોઝિટિવ આવેલા 12 દર્દીઓમાંથી 8 બાળકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય 8 દર્દીઓના લેબોરેટરી રિપોર્ટ આવવાના હજુ બાકી છે.



આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવેલી મહત્વપૂર્ણ માહિતી અનુસાર, ચાંદીપુરા વાયરસની સૌથી પહેલી ઓળખ વર્ષ 1965માં મહારાષ્ટ્રના ચાંદીપુરા નામના ગામમાં થઈ હતી, જેના પરથી આ વાયરસનું નામ આપવામાં આવ્યું છે. આ વાયરસ મુખ્યત્વે સેન્ડ ફ્લાય એટલે કે રેતીની માખી કરડવાથી ફેલાય છે અને ખાસ કરીને 15 વર્ષથી ઓછી વયના બાળકોને ખૂબ જ ઝડપથી પોતાની ચપેટમાં લે છે. સામાન્ય રીતે આ રોગના શરૂઆતી લક્ષણોમાં બાળકને અચાનક તીવ્ર તાવ આવવો, સતત ઊલટી થવી, શરીરમાં આંચકી કે ખેંચ આવવી અને બેભાન થઈ જવું જેવા ગંભીર લક્ષણો જોવા મળે છે. રોગની તીવ્રતા વધતાં તે એક્યુટ એન્સેફેલાઈટિસ સિન્ડ્રોમનું રૂપ ધારણ કરી લે છે, જે બાળકના મગજ પર સીધી અસર કરે છે.

રાજ્ય સરકારે આ પરિસ્થિતિને અત્યંત ગંભીરતાથી લઈને તમામ શંકાસ્પદ દર્દીઓને તાત્કાલિક ધોરણે નજીકની મેડિકલ કોલેજ, જિલ્લા હોસ્પિટલ અથવા અન્ય વિશેષ સુવિધા ધરાવતી હોસ્પિટલોમાં દાખલ કરીને તેમની સઘન સારવાર શરૂ કરી દીધી છે. તમામ શંકાસ્પદ કેસોના સેમ્પલ ચોક્કસ તપાસ માટે ગાંધીનગર સ્થિત જીબીઆરસી લેબોરેટરી ખાતે મોકલવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, જ્યાં પણ કેસ નોંધાય છે તે વિસ્તારોમાં ત્વરિત કદમ ઉઠાવવા માટે રેપિડ રિસ્પોન્સ ટીમ દ્વારા સ્થળ તપાસ અને ઘર-ઘર સુધી ફિલ્ડ સર્વેલન્સની કામગીરી જોરશોરથી શરૂ કરવામાં આવી છે.

વાયરસનો ફેલાવો અટકાવવા માટે જે વિસ્તારોમાં અસર જોવા મળી છે ત્યાં વેક્ટર કંટ્રોલની કામગીરી સાથે જંતુનાશક ઓનું ફોગિંગ, સ્થાનિક રહીશોનું સ્ક્રીનિંગ અને વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તબીબી સારવાર વધુ સુદ્રઢ બને તે હેતુથી રાજ્યભરના 1,993 જેટલા બાળરોગ નિષ્ણાત ડોક્ટરોને ઈન્ડિયન એકેડમી ઓફ પીડિયાટ્રિક્સના ખાસ સહયોગથી સ્પેશિયલ ટ્રેનિંગ આપવામાં આવી રહી છે, જેથી તેઓ આ રોગનું વહેલું નિદાન કરી યોગ્ય સારવાર આપી શકે. આ સાથે વાયરસના વાહક એવી સેન્ડ ફ્લાયની હાજરી તપાસવા માટે અત્યાર સુધીમાં 117 જેટલા નમૂનાઓ પણ ભેગા કરીને ચકાસણી હેઠળ મૂકવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા તમામ વાલીઓને ખાસ અપીલ કરવામાં આવી છે કે જો બાળકોમાં તાવ, ઊલટી, શરીર ખેંચાવું કે બેભાન થવા જેવાં કોઈપણ લક્ષણો દેખાય તો જરાય પણ વિલંબ કર્યા વગર તાત્કાલિક નજીકના સરકારી કે ખાનગી આરોગ્ય કેન્દ્ર પર પહોંચીને સારવાર શરૂ કરાવવી.

# વસ્ત્રાલ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટમાં વધુ એકનું મોત, કુલ 10 મોત: એક મહિલા ગંભીર, 4 સારવાર હેઠળ, બે આરોપીઓના 7 દિવસના રિમાન્ડ મંજૂર

**અમદાવાદ, તા.20**

શહેરના રામોલ વિસ્તારમાં આવેલી ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરીમાં સર્જાયેલા ભયાનક બ્લાસ્ટના કેસમાં પોલીસે કાયદાકીય શિકંજો કસ્યો છે. આ ભયાનક દુર્ઘટનામાં કુલ 10 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેમાંથી 4 મૃતકો 18 વર્ષથી નીચેના સગીર વયના હતા. આ કેસમાં રામોલ પોલીસે મુખ્ય આરોપીઓ પૈકી મેહુલ ડોડિયા અને સાદિકને અમદાવાદ મેટ્રો કોર્ટમાં રજૂ કરી 14 દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે બંને આરોપીઓના 27 જુલાઈ સુધીના એટલે કે 7 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જ્યારે ત્રીજી મહિલા આરોપી રમીલાબેન પોતે પણ દાઝી જવાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોય, તેમને રજા મળ્યા બાદ રિમાન્ડ અર્થે રજૂ કરવામાં આવશે.

કોર્ટમાં રિમાન્ડ અરજીની સુનાવણી દરમિયાન સરકારી વકીલે રજૂઆત કરી હતી કે, આરોપીઓએ કોઈપણ પ્રકારની પરવાનગી વગર ફટાકડા બનાવવાની ફેક્ટરી શરૂ કરી હતી. તપાસ દરમિયાન નીચે મુજબના મહત્વના મુદ્દાઓ સામે આવ્યા.

ફેક્ટરીમાં બીજા કોણ ભાગીદારો છે? કોણે પૈસા રોક્યા છે? અને શું આરોપીઓએ અન્ય કોઈ જગ્યાએ પણ આવી ગેરકાયદેસર ફેક્ટરીઓ શરૂ કરી છે? આરોપીઓ આટલો મોટો દારૂખાનાનો જથ્થો ક્યાંથી લાવ્યા હતા? શું બીજે ક્યાંય પણ આવો ગેરકાયદેસર જથ્થો સંતાડેલો છે કે અન્ય કોઈને સપ્લાય કર્યો છે?

પરવાના વગર ચાલતી આ જોખમી ફેક્ટરી સામે કોઈ કાર્યવાહી ન થવા પાછળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની કોઈ સંડોવણી કે મિલીભગત છે કે કેમ, તેની પણ ઊંડાણપૂર્વક તપાસ કરવાની છે.

વર્ષ 2014માં પણ સહ-આરોપી રમીલાબેનની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. તે સમયે ફેક્ટરી બંધ કરાવાઈ હોવા છતાં તેમણે ફરીથી પરવાના વગર ફેક્ટરી શરૂ કરી દીધી હતી. આરોપીઓ આવું કરવા ટેવાયેલા છે. આ ઉપરાંત, આરોપીઓએ સંતાડેલા મોબીલ ફોન રીકવર કરવા, કોલ ડિટેલ્સ મેળવવા, માલ-મજૂરોનું રજિસ્ટર શોધી કાઢવા અને ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન કરવા માટે પોલીસ કસ્ટડી અત્યંત જરૂરી હોવાની રજૂઆત કરાઈ હતી.

બીજી તરફ આરોપીઓના વકીલે રિમાન્ડનો વિરોધ કરતા દલીલ કરી હતી કે આ કોઈ જાણીજોઈને કરાયેલું કૃત્ય નથી પરંતુ એક અકસ્માત છે. ફેક્ટરીમાં આગ લાગવાને કારણે મોટાભાગના દસ્તાવેજો નાશ પામ્યા છે. પોલીસ આરોપીઓની પ્રાથમિક પૂછપરછ કરી ચૂકી છે અને તેમની પાસે લાયસન્સ પણ હતું. તમામ પક્ષોની દલીલો સાંભળ્યા બાદ મેટ્રો કોર્ટે ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને બંને આરોપીઓને 27 જુલાઈ સુધી પોલીસ રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો છે.



અમદાવાદના વસ્ત્રાલમાં આવેલા ફટાકડા કારખાનામાં થયેલા વિસ્ફોટની દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 10 થયો છે, જેમાં 95% દાઝી ગયેલા વધુ એક વ્યક્તિનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ બનાવમાં હાલ 4 લોકો સારવાર હેઠળ છે, જેમાં એક મહિલાની સ્થિતિ હજુ પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

ત્રણમાંથી બે આરોપીને મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં પોલીસે 14 દિવસના રિમાન્ડની માંગ કરી હતી. પરંતુ કોર્ટે 7 દિવસના એટલે કે 27 જુલાઈ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. કોર્ટે આરોપીઓને પૂછ્યું કે પોલીસ વિરુદ્ધ ફરિયાદ છે? જેના જવાબમાં બન્નેએ આરોપીએ ના પાડી હતી.

સરકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે, ફેક્ટરીમાં આગ લાગતા 10 લોકોના મોત અને 5ને ઈજા થઈ છે. 10માંથી 04 મૃતક 18 વર્ષથી નીચેના સગીર છે. આરોપી રમીલાબેન પણ ઈજાગ્રસ્ત હોવાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બન્ને આરોપીની 19 જુલાઈથી અટકાયત કરી લેવાઈ છે. તેમણે પરમિટ વગર ફટાકડા બનાવવાની ફેક્ટરી ચાલુ કરી દીધી હતી. બીજા કોઈ ભાગીદાર કે આર્થિક મદદ કરી તે જાણવાનું છે પણ આરોપીઓ હકીકત જણાવતા નથી.

જ્યારે આરોપીના વકીલે જણાવ્યું કે, આ ઘટના એક અકસ્માત છે. આ કોઈ જાણી જોઈને કરાયેલુ કૃત્ય નથી. આગમાં મોટાભાગના દસ્તાવેજો નાશ પામ્યા છે. આરોપીઓની પૂછપરછ કરાઈ ચૂકી છે. અમારી પાસે લાયસન્સ હતું. ભાગીદારોની પૂછપરછ પોલીસ કસ્ટડીમાં થઈ જ ગઈ હોય છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, ફટાકડા ફેક્ટરીમાં જે ગોઝારી ઘટના બની, એનાથી 5 દર્દી દાખલ કરેલા. જેમાં એક મહિલા અને ચાર પુરુષ હતા. એમાં એક મહિલા અને એક પુરુષને ગંભીર રીતે દાઝેલા હતા. પુરુષનો 95 %થી વધારે અને મહિલાનો 75 %થી વધારે હિસ્સો દાઝેલો હતો.

વધુમાં કહ્યું કે, જ્યારે ત્રણ દર્દી બર્ન્સ વોર્ડમાં દાખલ છે, જેમાં બે બર્ન્સ વાળા દર્દી છે, એકને 40% છે, એકને 20% છે. આ બંને દર્દીને સિવિલ હોસ્પિટલ પાસે સ્કીન બેંક હોવાથી જે 40% વાળા દર્દી છે એને લગભગ શરીરના 28% ભાગમાં દાનમાં મળેલી ચામડી લગાવવામાં આવી છે. જ્યારે એ જ રીતે 20%ના દાઝેલા દર્દીને 15% જેટલા એરિયાની અંદર સ્કીન બેંકની ચામડી લગાવવામાં આવી છે, જેથી કરીને અમારી ટીમ, પ્લાસ્ટિક સર્જરી ટીમ સઘન સારવાર કરી રહી છે. એમને ઝડપથી રિકવરી થાય એવી કોશિશ કરી રહી છે, જ્યારે જે ત્રીજા વ્યક્તિ જે દાખલ છે એ બિલકુલ સ્વસ્થ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમેરિકી સૈનિકોની રાહ જોઈ રહ્યા છીએ: ખાર્ગ આઈલેન્ડ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો, તો કોઈ જીવતું નહીં બચે : ઈરાન

તેહરાન, તા.20

ઈરાને અમેરિકાને કડક ચેતવણી આપતા કહ્યું છે કે જો તેણે ખાર્ગ આઈલેન્ડ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો તો તેના સૈનિકો જીવતા પાછા નહીં ફરે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ખાર્ગ આઈલેન્ડ પર કબજા સાથે જોડાયેલા નિવેદન પર પ્રતિક્રિયા આપતા કહ્યું,

ખાર્ગ આઈલેન્ડ ફારસની ખાડીમાં બુશેહર પ્રાંતના કિનારેથી લગભગ 55 કિલોમીટર દૂર આવેલો છે. તે ઈરાનના ઓઈલ નિકાસનું સૌથી મોટું કેન્દ્ર છે અને વ્યૂહાત્મક રીતે દેશની સૌથી મહત્વપૂર્ણ ઊર્જા સંપત્તિઓમાં ગણાય છે.

ઈરાનનો જોર્ડન, કુવૈત અને ઓમાનમાં અમેરિકી ઠેકાણાઓ પર હુમલો: IRGC એ કહ્યું કે તેણે જોર્ડન, કુવૈત, ઓમાન સહિત ઘણા દેશોમાં હાજર અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર મોટા હુમલા કર્યા છે. સાથે જ ચેતવણી આપી કે આ અભિયાન આગળ પણ ચાલુ રહેશે.

કુવૈતમાં ડિસેલિનેશન પ્લાન્ટ પર બે દિવસમાં બીજી વાર હુમલો: કુવૈતના વીજ ઉત્પાદન અને વોટર ડિસેલિનેશન પ્લાન્ટ પર ફરી હુમલો થયો, જેનાથી ઘણી વીજ ઉત્પાદન એકમોમાં આગ લાગી ગઈ. મંત્રાલયે ઘટનાની પુષ્ટિ કરતા રાહત કાર્ય ચાલુ હોવાની જાણકારી આપી.

ઈરાને કહ્યું- અમેરિકાએ પરમાણુ પ્લાન્ટને નિશાન બનાવ્યો: ઈરાનના એટોમિક એનર્જી ઓર્ગેનાઈઝેશન (AEOI) એ આરોપ લગાવ્યો કે અમેરિકાએ ખુજેસ્તાન પ્રાંતમાં બની રહેલા ડારખોવિન પરમાણુ ઊર્જા પ્લાન્ટની સાઈટ પર હુમલો કર્યો છે.

ઈરાનમાં વીજ સંકટ ઘેરું બન્યું: અમેરિકી હુમલાઓ અને ભીષણ ગરમી વચ્ચે ઈરાનમાં વીજ સંકટ વધી ગયું છે. તેહરાન સહિત ઘણા વિસ્તારોમાં રોજ વીજ કાપ થઈ રહ્યો છે, જેનાથી સામાન્ય જનજીવન અને અભ્યાસ પ્રભાવિત થઈ રહ્યા છે.

ઈરાક હોર્મુઝ પર નિર્ભરતા ઘટાડવાની તૈયારીમાં: ઈરાકે બસરાથી તુર્કીયે અને સીરિયા સુધી નવી તેલ પાઈપલાઈન બિછાવવાની યોજના પર કામ શરૂ કર્યું છે. તેનો ઉદ્દેશ્ય તેલ નિકાસ માટે હોર્મુઝ પર નિર્ભરતા ઓછી કરવાનો છે.

યમનના ઈરાન સમર્થિત હુતી બળવાખોરોએ સાઉદી અરેબિયા વિરુદ્ધ નૌકાદળની નાકાબંધીની જાહેરાત કરી છે.

હુતીઓના સૈન્ય પ્રવક્તાએ સોમવારે જણાવ્યું હતું કે સંગઠને આ નિર્ણય લીધો છે. જોકે, તેમણે તાત્કાલિક કોઈ માહિતી આપી ન હતી કે નાકાબંધી કેવી રીતે લાગુ કરવામાં આવશે અથવા તેના હેઠળ કયા જહાજો નિશાન પર હશે.

રિપોર્ટ્સ અનુસાર, હુતી બળવાખોરો બાબ અલ-મંદેબ સ્ટ્રેટ પર નાકાબંધી લગાવી શકે છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, ગયા અઠવાડિયે જોર્ડનમાં અમેરિકી ઠેકાણાઓ પર થયેલા ઈરાનના ત્રણ હુમલામાં ડઝનબંધ અમેરિકી સૈનિકો ઘાયલ થયા હતા અને અનેક હેલિકોપ્ટરને નુકસાન થયું હતું.

અહેવાલમાં અમેરિકી અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે પેન્ટાગોને આ હુમલામાં થયેલા નુકસાન અને ઘાયલોની માહિતી સાર્વજનિક કરી નથી. આ હુમલા તે હુમલા પહેલાં થયા હતા, જેમાં બે અમેરિકી સૈનિકો માર્યા ગયા હતા અને એક ગુમ થઈ ગયો હતો.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાનએ કહ્યું કે તેમનો દેશ આ સમયે અમેરિકા સાથે સંપૂર્ણપણે યુદ્ધ જેવી સ્થિતિમાં છે. રાષ્ટ્રપતિ કાર્યાલય અનુસાર, તેમણે કહ્યું કે દેશે આ સંઘર્ષની અસર અને તેના પરિણામો માટે તૈયાર રહેવું પડશે.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાને કહ્યું છે કે અમેરિકા સાથે થયેલી ડીલ (MoU) ઈરાનના રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. તેમાં દેશે પોતાના કોઈપણ અધિકાર સાથે કોઈ સમાધાન કર્યું નથી.

અલ જઝીરા અનુસાર, તેમણે કહ્યું, ‘કરારના 14માંથી કોઈપણ મુદ્દામાં અમે અમારા અધિકારો, સિદ્ધાંતો, રાષ્ટ્રીય હિતો, ક્રાંતિકારી મૂલ્યો કે માન્યતાઓથી પીછેહઠ કરવાની વાત સ્વીકારી નથી.‘

પજશકિયાન અનુસાર, કરારનો મોટો ભાગ ઈરાનની તરફેણમાં છે અને તેમાં અમેરિકાને એકતરફી ફાયદો પહોંચાડતી કોઈ કલમ નથી.



અમેરિકી સંરક્ષણ વિભાગે જોર્ડનમાં ઈરાની હુમલામાં માર્યા ગયેલા બે સૈનિકોની ઓળખ કરી છે. જેમાં એક હવાઈના 25 વર્ષીય ફર્સ્ટ લેફ્ટનન્ટ ટાયલર જેમ્સ ફીહાન અને બીજા ટેક્સાસના 19 વર્ષીય પ્રાઈવેટ ઈસાબેલા ગોન્ઝાલેસ છે.

બંને સૈનિકો જોર્ડનમાં ઈસ્લામિક સ્ટેટ (ISIS) વિરુદ્ધ અમેરિકી મિશનમાં તૈનાત હતા. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ અનુસાર, બંને સૈનિકો ઈરાની બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોન હુમલાઓથી બચાવ દરમિયાન માર્યા ગયા. આ સાથે, ઈરાન સાથેના યુદ્ધમાં અત્યાર સુધીમાં 17 અમેરિકી સૈનિકોના મોત થયા છે.

સાઉથ કોરિયાના વિદેશ મંત્રાલયે મિડલ ઈસ્ટમાં હાજર પોતાના નાગરિકોને જલદીથી જલદી ત્યાંથી નીકળી જવાની અપીલ કરી છે. મંત્રાલયે કોરિયન જહાજોની સુરક્ષાને લઈને પણ વિશેષ સાવચેતી રાખવાના નિર્દેશ આપ્યા.

ઉપ વિદેશ મંત્રી કિમ જીનાએ કહ્યું કે માર્ચથી મિડલ ઈસ્ટ દેશો માટે લેવલ-3 ટ્રાવેલ એડવાઈઝરી લાગુ છે, જેના હેઠળ જરૂરી ન હોય તો ત્યાંથી નીકળી જવાની સલાહ આપવામાં આવે છે.

ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) એ કહ્યું છે કે તેની જમીની સેના કોઈપણ અમેરિકી ઘૂસણખોરીને તરત જ નિષ્ફળ બનાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

તસ્નીમ ન્યૂઝ એજન્સી અનુસાર, IRGC એ કહ્યું કે તેની સેના આધુનિક હથિયારો, સતત તાલીમ અને વધેલી ઓપરેશનલ ક્ષમતા સાથે તૈયાર છે.

સોમવારે હોર્મુઝ સ્ટ્રેટમાં ઓમાનના કુમઝાર દરિયાકાંઠે એક જહાજ પર પ્રોજેક્ટાઈલથી હુમલો થયો હતો. હુમલા બાદ જહાજમાં આગ લાગી હતી અને ક્રૂને તેને છોડવું પડ્યું હતું.

યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (UKMTO) એ જણાવ્યું કે આ ઘટના કુમઝારથી 8 નોટિકલ માઈલ (લગભગ 15 કિલોમીટર) ઉત્તર-પશ્ચિમમાં બની હતી. જહાજના તમામ ક્રૂ સભ્યોને ટગ બોટની મદદથી સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા.

UKMTO અનુસાર, જહાજમાં લાગેલી આગ હજુ સુધી ઓલવાઈ નથી અને તે નિયંત્રણ વિના સમુદ્રમાં વહી રહ્યું છે. એજન્સીએ આ વિસ્તારમાંથી પસાર થતા જહાજોને સાવચેત રહેવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની તાત્કાલિક જાણ કરવાની સલાહ આપી છે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ સોમવારે કહ્યું કે અમેરિકા સાથે થયેલા વચગાળાના કરાર (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) માં કોઈપણ પ્રકારની અસ્પષ્ટતા નથી. તેથી અમેરિકા પાસે આ કરાર તોડવા માટે કોઈ બહાનું ન હોવું જોઈએ.

બઘાઈએ કહ્યું કે આ કરાર 14 કલમોવાળો એક સંક્ષિપ્ત દસ્તાવેજ છે અને તેની તમામ શરતો સંપૂર્ણપણે સ્પષ્ટ છે. તેમણે કહ્યું કે ઈરાન શરૂઆતથી જ કહેતું આવ્યું છે કે હોર્મુઝ સ્ટ્રેટના ભવિષ્યના સંચાલનની જવાબદારી ઈરાનની છે.

ઈરાને અમેરિકાને ચેતવણી આપી છે કે જો તેણે ખાર્ગ આઈલેન્ડ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો તો તેને ગંભીર પરિણામો ભોગવવા પડશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે ટાપુ પર એવા લોકો હાજર છે જે અમેરિકી દળોનો સામનો કરવા તૈયાર છે.

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો છે કે જોર્ડનમાં હાજર કેટલાક લોકો પાસેથી મળેલી ગુપ્ત માહિતીના આધારે તેણે અમેરિકી સૈન્ય ઠેકાણાઓ પર સફળ હુમલો કર્યો. ઈરાની સમાચાર એજન્સી તસ્નીમ અનુસાર, IRGC એ કહ્યું કે જોર્ડનના અલ-અઝરાક એરબેઝ પર અમેરિકી સેનાના 20 હેંગર નષ્ટ કરી દેવામાં આવ્યા અને આ હુમલામાં ડઝનબંધ અમેરિકી સૈનિકો માર્યા ગયા.

IRGCએ એવો પણ દાવો કર્યો કે તેની બેલિસ્ટિક મિસાઈલોએ અકાબા એરપોર્ટ પર ઉભેલા અમેરિકી C-17 ટ્રાન્સપોર્ટ વિમાન અને P-8 સર્વેલન્સ વિમાનને પણ નિશાન બનાવ્યા, જેનાથી તેમને ભારે નુકસાન થયું.

ઈરાનના કેરમાનશાહ પ્રાંતના કુજારાન વિસ્તારમાં સોમવારે સવારે પાંચ મિનિટની અંદર બે ભૂકંપ આવ્યા. સરકારી મીડિયા અનુસાર, આ ભૂકંપમાં ત્રણ લોકો ઘાયલ થયા છે.

આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણના એક પ્રવક્તાએ જણાવ્યું કે પહેલો ભૂકંપ સ્થાનિક સમય અનુસાર સવારે 7:13 વાગ્યે આવ્યો. તેની તીવ્રતા 5.2 અને ઊંડાઈ 8 કિલોમીટર હતી. તેના પાંચ મિનિટ પછી 13 કિલોમીટરની ઊંડાઈમાં 5.7 તીવ્રતાનો બીજો અને વધુ શક્તિશાળી આંચકો નોંધાયો.

ઘાયલોને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે. અધિકારીઓ અનુસાર, પ્રભાવિત વિસ્તારમાં રાહત અને સર્વેક્ષણનું કામ ચાલુ છે. હાલમાં મોટા પાયે જાનમાલના નુકસાનની કોઈ માહિતી નથી.

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા લશ્કરી સંઘર્ષ વચ્ચે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો છે. સોમવારે બ્રેન્ટ ક્રૂડ 2.7% વધીને 90.49 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું. કારોબાર દરમિયાન તેની કિંમત 91.41 ડોલર પ્રતિ બેરલ સુધી ગઈ, જે જૂન પછીનું સૌથી ઊંચું સ્તર છે.

ઈરાની મીડિયાએ દાવો કર્યો છે કે બહેરીનમાં અમેરિકી સેનાના કમાન્ડ એન્ડ કંટ્રોલ (C2) સેન્ટરને ઈરાની હુમલામાં નુકસાન થયું છે. આ દાવાના સમર્થનમાં સેટેલાઈટ તસવીરો પણ જાહેર કરવામાં આવી છે.

ઈરાને કહ્યું છે કે અમેરિકા વિરુદ્ધ તેની જવાબી કાર્યવાહી ચાલુ રહેશે. ઈરાની અધિકારીઓ અનુસાર, જ્યાં સુધી અમેરિકા તરફથી હવાઈ હુમલા ચાલુ રહેશે, ત્યાં સુધી ઈરાન પણ વળતો પ્રહાર કરતું રહેશે. ઈરાનનું કહેવું છે કે આ તેની સુરક્ષા નીતિનો ભાગ છે અને તે અમેરિકી હુમલાઓનો જવાબ આપવાથી પાછળ નહીં હટે.

# ચીનમાં ફૂડ ડિલિવરી બોયને સૌથી મોટું સાહિત્યિક સન્માન: ફૂડ ડિલિવરી કરતાં-કરતાં ઘણી કવિતાઓ લખી

શાંઘાઈ, તા.20

ચીનમાં ફૂડ ડિલિવરીનું કામ કરતા 56 વર્ષીય વાંગ ઝિબિંગને દેશના સૌથી પ્રતિષ્ઠિત સાહિત્યિક સન્માનોમાંનો એક લુ શુન સાહિત્ય પુરસ્કાર મળ્યો છે. તેમના કાવ્યસંગ્રહ ’લો ફ્લાઈટ’ને આ સન્માન આપવામાં આવ્યું છે. આ પુસ્તકની ઘણી કવિતાઓ તેમણે ફૂડ ડિલિવરી દરમિયાન મળેલા ખાલી સમયમાં કાગળના નાના-નાના ટુકડાઓ પર લખી હતી.

વાંગ 2019ની આસપાસ ફૂડ ડિલિવરી રાઈડર બન્યા હતા. તેમની કવિતાઓ સોશિયલ મીડિયા પર ખૂબ લોકપ્રિય થઈ હતી. તેમનું નવું પુસ્તક ’લો ફ્લાઈટ’ ડિલિવરી રાઈડર્સની રોજિંદી મુશ્કેલીઓ, સંઘર્ષ અને જીવન પર આધારિત છે. આ પુસ્તક તેમણે 2024માં પ્રકાશિત કર્યું હતું. આ માટે તેમણે લગભગ 200 ડિલિવરી રાઈડર્સ સાથે વાતચીત કરી અને તેમના અનુભવોને પોતાની કવિતાઓમાં નોંધ્યા.

તેમની એક કવિતાની પંક્તિ છે, ‘કોણે કહ્યું કે પાંખો ફેલાવવાનો અર્થ ફક્ત ઊંચી ઉડાન ભરવી છે? નીચે ઉડવું પણ ઉડાન જ છે.‘ વાંગનો જન્મ ચીનના જિયાંગસુ પ્રાંતમાં થયો હતો. આર્થિક તંગીને કારણે તેમને 14 વર્ષની ઉંમરે જ અભ્યાસ છોડવો પડ્યો. આ પછી તેમણે બાંધકામ મજૂર, ભંગાર વીણનાર અને રસ્તા કિનારે સામાન વેચવા જેવા ઘણા નાના-મોટા કામ કર્યા. બાદમાં તેઓ ફૂડ ડિલિવરી રાઈડર બન્યા. જોકે, તેમનો વાંચન-લેખનનો શોખ ક્યારેય પૂરો થયો નહીં.

2022માં તેમની કવિતા ’મેન ઈન એ હરી’ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. આ કવિતા 2019ની એક ઘટનાથી પ્રેરિત હતી. તે સમયે તેઓ જિયાંગસુના કુનશાન શહેરમાં ફૂડ ડિલિવરીનું કામ કરી રહ્યા હતા. એક ગ્રાહકે ખોટું સરનામું દાખલ કર્યું હતું. સાચું ઘર શોધવા માટે વાંગને ત્રણ રહેણાંક ઈમારતોમાં ભટકવું પડ્યું અને 18 માળ સુધી સીડીઓ ચઢવી પડી.

જ્યારે તેઓ આખરે ભોજન લઈને પહોંચ્યા ત્યારે ગ્રાહકે મોડું થવા બદલ તેમને ઠપકો આપ્યો. ઘરે પાછા ફરતી વખતે તેમણે પોતાની નારાજગી અને પીડાને શબ્દોમાં ઢાળી દીધી. આમાંથી જ તેમની કવિતા ’મેન ઈન એ હરી’નો જન્મ થયો. આ કવિતા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ. અહીંથી જ તેમની સાહિત્યિક



યાત્રાની શરૂઆત થઈ. આ પછી 2023માં તેમનો પહેલો કવિતા સંગ્રહ ’મેન ઈન એ હરી: પોએમ્સ ઓફ એ ફૂડ ડિલિવરી રાઈડર’ પ્રકાશિત થયો.

અત્યાર સુધીમાં તેઓ 6 હજારથી વધુ કવિતાઓ લખી ચૂક્યા છે. તેમની ઘણી રચનાઓ પ્રતિષ્ઠિત સાહિત્યિક પત્રિકાઓમાં પ્રકાશિત થઈ ચૂકી છે. વાંગ કહે છે, ‘લોકો કદાચ મને યાદ ન રાખે, પરંતુ તેમને ઝડપી ગતિએ પસાર થતો એક ફૂડ ડિલિવરી રાઈડર ચોક્કસ યાદ રહે છે.‘ આ જ વિચાર તેમને લાખો ડિલિવરી કર્મચારીઓના જીવન પર પુસ્તક લખવાની પ્રેરણા બની.

પુરસ્કાર જીત્યા પછી વાંગે સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સને જણાવ્યું કે પુરસ્કાર મળવાના સમાચાર આવ્યા ત્યાં સુધી તેઓ ખૂબ જ ગભરાયેલા હતા. તેમણે જણાવ્યું કે મીડિયાનું વધતું ધ્યાન તેમના માટે માનસિક દબાણ પણ લઈને આવ્યું.

તેમણે સ્પષ્ટ કર્યું કે પુરસ્કાર મળવા છતાં તેઓ પોતાની નોકરી છોડશે નહીં. તેમનું કહેવું છે કે તેઓ 60 વર્ષની ઉંમર સુધી ફૂડ ડિલિવરીનું કામ ચાલુ રાખવા માંગે છે.

વાંગ જિબિંગ બ્લુ-કોલર કામદારોની નવી પેઢીનો એક ભાગ છે, જેમને તાજેતરના કેટલાક વર્ષોમાં તેમના સાહિત્યિક લેખન માટે ઓળખ મળી છે. તેમની રચનાઓ ચીનની ઝડપથી વિકસતી ગીગ ઈકોનોમીમાં કામ કરતા લાખો લોકોના સંઘર્ષ, દબાણ અને જીવનની વાસ્તવિકતાઓને સામે લાવે છે.

વર્ષ 2023માં પૂર્વ ડિલિવરી કર્મચારી હુ આનયાનની આત્મકથા ’આઈ ડિલિવર પાર્સલ્સ ઈન બીજિંગ’ પ્રકાશિત થઈ હતી. આ પુસ્તક ચીનમાં બેસ્ટસેલર બન્યું અને વિદેશોમાં પણ ચર્ચાનો વિષય રહ્યું. ગયા વર્ષે તેનો અંગ્રેજી અનુવાદ પણ પ્રકાશિત થયો.

આ જ રીતે 2017માં પ્રવાસી મજૂર ફાન યુસુનો આત્મકથાત્મક લેખ ’આઈ એમ ફાન યુસુ’ ચીનમાં ઈન્ટરનેટ પર જબરદસ્ત વાયરલ થયો હતો. તેને એટલી મોટી પ્રતિક્રિયા મળી કે સતત મીડિયાની ભીડથી બચવા માટે ફાનને થોડા સમય માટે પોતાનું ઘર પણ છોડવું પડ્યું.

વાંગ જિબિંગને જે લુ શુન સાહિત્ય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે, તેનું નામ ચીનના મહાન સાહિત્યકાર લુ શુનના નામ પર રાખવામાં આવ્યું છે. તેમને 20મી સદીના ચીનના સૌથી પ્રભાવશાળી લેખક માનવામાં આવે છે. તેમણે પોતાની વ્યંગાત્મક નવલકથાઓ અને વાર્તાઓ દ્વારા પરંપરાગત ચીની સમાજની ખામીઓ અને સામાજિક બુરાઈઓ પર પ્રહાર કર્યા.

લુ શુન સાહિત્ય પુરસ્કારનું આયોજન ચાઈના રાઈટર્સ એસોસિએશન કરે છે. આ પુરસ્કાર દર ચાર વર્ષે આપવામાં આવે છે અને તેને ચીનના સૌથી મોટા સાહિત્યિક સન્માનોમાં ગણવામાં આવે છે. તેની શરૂઆત સમકાલીન ચીની સાહિત્યની ઉત્કૃષ્ટ રચનાઓને સન્માનિત કરવા માટે કરવામાં આવી હતી.

સરકારી સમાચાર એજન્સી શિન્હુઆ અનુસાર, આ પુરસ્કાર લાંબા સમયથી ચીનના મુખ્ય પ્રવાહના સાહિત્યનો સૌથી મોટો માપદંડ માનવામાં આવે છે અને સાહિત્ય જગતમાં તેનું વિશેષ મહત્વ છે.

# જેડી વેન્સના ઘરે ફરી ગુંજી કિલકારી: US ઉપરાષ્ટ્રપતિ રહેતા ચોથા બાળકના પિતા બન્યા

વોશિંગ્ટન, તા.20

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ અને તેમની પત્ની ઉષા વેન્સના ઘરે ચોથા બાળકનો જન્મ થયો છે. 19 જુલાઈની સવારે તેમના પુત્ર એલેક નીલ વેન્સનો જન્મ થયો. 150 વર્ષથી વધુ સમય પછી આવું પહેલીવાર બન્યું છે, જ્યારે કોઈ વર્તમાન અમેરિકન ઉપરાષ્ટ્રપતિના કાર્યકાળ દરમિયાન તેમના ઘરે બાળકનો જન્મ થયો હોય. ટાઈમ મેગેઝિન અનુસાર, આ પહેલા આવું 1870માં થયું હતું. તે સમયે રાષ્ટ્રપતિ યુલિસિસ એસ. ગ્રાન્ટના કાર્યકાળમાં ઉપરાષ્ટ્રપતિ શાયલર કોલફેક્સની પત્ની એલેન કોલફેક્સે પુત્ર શાયલર કોલફેક્સને જન્મ આપ્યો હતો. પુત્રના જન્મ સાથે જ અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે એક નવો ઈતિહાસ રચ્યો છે. તેઓ છેલ્લા 150થી વધુ વર્ષોમાં પદ પર રહીને સંતાનનું સ્વાગત કરનાર પ્રથમ વર્તમાન અમેરિકી ઉપરાષ્ટ્રપતિ બન્યા છે.

મોટાભાગના અમેરિકી ઉપરાષ્ટ્રપતિઓ 50 કે 60 વર્ષની ઉંમરે પદ સંભાળતા રહ્યા છે. ત્યાં સુધીમાં તેમના પરિવાર વસી ચૂક્યો હોય છે. જેડી વેન્સ નાની ઉંમરે ઉપરાષ્ટ્રપતિ બન્યા અને હવે પદ પર રહેતા તેમના પરિવારમાં એક વધુ બાળકનો જન્મ થયો છે.



એલેક નીલ વેન્સ, જેડી અને ઉષા વેન્સનું ચોથું સંતાન છે. તેમની પહેલા તેમના ત્રણ બાળકો ઈવાન (9 વર્ષ), વિવેક (6 વર્ષ) અને મિરાબેલ (4 વર્ષ) છે. ઉષા વેન્સનો જન્મ અને ઉછેર કેલિફોર્નિયાના સાન ડિએગોમાં થયો હતો. તેમના માતા-પિતા ભારતથી અમેરિકા જઈને સ્થાયી થયા હતા. તેમના પિતા મિકેનિકલ એન્જિનિયર છે, જ્યારે માતા મોલેક્યુલર બાયોલોજિસ્ટ છે. ઉષા અને જેડી વેન્સની મુલાકાત 2010માં યેલ લો સ્કૂલમાં અભ્યાસ દરમિયાન થઈ હતી. બાદમાં બંનેએ લગ્ન કર્યા. જેડી વેન્સ ટ્રમ્પ સરકારના એવા મુખ્ય નેતાઓમાંના એક રહ્યા છે, જેઓ અમેરિકામાં જન્મદર વધારવાની હિમાયત કરતા રહ્યા છે. તેમનું માનવું છે કે અમેરિકામાં ઘટતો જન્મદર ભવિષ્ય માટે એક મોટો પડકાર છે. આ જ કારણોસર તેમણે ટેક્સ છૂટ, પરિવારો માટે આર્થિક મદદ અને બાળકો ધરાવતા પરિવારોને વધુ સમર્થન આપવા જેવી નીતિઓની હિમાયત કરી છે.

પોતાના હાલમાં રિલીઝ થયેલા પુસ્તક ’કમ્યુનિયન’માં વેન્સે પોતાના અંગત જીવનનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે લખ્યું કે તેઓ ઘણા વર્ષોથી પત્ની ઉષા વેન્સને ચોથા બાળક વિશે વાત કરતા રહ્યા હતા, પરંતુ ઉષાનું માનવું હતું કે ત્રણ બાળકો પછી તેમનો પરિવાર પૂર્ણ થઈ ચૂક્યો છે. સાર્વજનિક જીવનમાં આવ્યા પછી તે ચોથું બાળક ઈચ્છતી ન હતી.

આ વર્ષે મિશિગનમાં વ્હાઈટ હાઉસના એક કાર્યક્રમમાં જેડી વેન્સે મજાકિયા અંદાજમાં જણાવ્યું હતું કે તેમણે ઉષાને ચોથા બાળક માટે કેવી રીતે રાજી કરી. તેમણે કહ્યું કે ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી લડતા પહેલા તેમણે ઉષાને કહ્યું હતું, ‘મારે ચોથું બાળક જોઈએ છે.‘ આના પર ઉષાએ જવાબ આપ્યો, ‘ઠીક છે, પણ તમારે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ બનવું છે કે ચોથું બાળક જોઈએ છે, બંને એક સાથે ન મળી શકે.‘ વેન્સે હસતાં હસતાં કહ્યું, ‘હું મારી વાત મનાવવામાં ઘણો સારો છું, કારણ કે આજે મારી પાસે બંને છે.‘ વેન્સના મતે, આ વિચાર ત્યારે બદલાયો જ્યારે 2025માં તેમના નજીકના મિત્ર અને કાર્યકર્તા ચાર્લી કિર્કની હત્યા થઈ ગઈ. અંતિમ સંસ્કાર દરમિયાન ઉષાની મુલાકાત ચાર્લી કિર્કની પત્ની એરિકા કિર્ક સાથે થઈ.

# એન્ડી બર્નહેમ બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા: 10 વર્ષમાં સાતમા PM બન્યા, પાકિસ્તાની મૂળના શબાના મહેમૂદ નાણા મંત્રી બની શકે છે

લંડન, તા.20

બ્રિટનમાં સોમવારે એન્ડી બર્નહેમે નવા વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યો. તેઓ છેલ્લા 10 વર્ષમાં બ્રિટનના સાતમા વડાપ્રધાન બન્યા છે. તેમણે દેશની રાજકીય અને વહીવટી વ્યવસ્થામાં મોટા ફેરફારોનું વચન આપતા કહ્યું છે કે તેમની સરકાર લોકોની રોજિંદી સમસ્યાઓ, જેમ કે મોંઘવારી અને નબળી જાહેર સેવાઓ, પર સૌથી વધુ ધ્યાન આપશે. પૂર્વ વડાપ્રધાન કીર સ્ટાર્મરે 10 ડાઉનિંગ સ્ટ્રીટની બહાર વિદાય ભાષણ આપ્યા બાદ કિંગ ચાર્લ્સને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. ત્યારબાદ ગ્રેટર માન્ચેસ્ટરના પૂર્વ મેયર એન્ડી બર્નહેમે કિંગ સાથે મુલાકાત કરી અને સત્તાવાર રીતે વડાપ્રધાન પદની જવાબદારી સંભાળી. 56 વર્ષીય બર્નહેમ એવા સમયે સત્તામાં આવ્યા છે, જ્યારે બ્રિટન અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. આમાં ધીમી આર્થિક વૃદ્ધિ, નબળી કામગીરી કરતી જાહેર સેવાઓ અને માળખાકીય સુવિધાઓની સમસ્યાઓ મુખ્ય છે. સરકાર સંભાળવાની સાથે જ તેમને પોતાની નવી કેબિનેટની પણ રચના કરવાની છે. વડાપ્રધાન બન્યા પછી બર્નહેમનો પહેલો મોટો પડકાર પોતાની કેબિનેટની રચના કરવાનો રહેશે. ખાસ કરીને નાણાંમંત્રીની નિમણૂક પર સૌની નજર રહેશે, કારણ કે અગાઉ પણ વડાપ્રધાન અને નાણાંમંત્રી વચ્ચેના મતભેદો ઘણી સરકારો માટે મુશ્કેલી ઊભી કરી ચૂક્યા છે. ઊર્જા સુરક્ષા મંત્રી એડ મિલિબેન્ડને પહેલા આ પદના મજબૂત દાવેદાર માનવામાં આવતા હતા, પરંતુ હવે ગૃહમંત્રી શબાના મહમૂદનું નામ સૌથી આગળ જણાવવામાં આવી રહ્યું છે. શબાના પાકિસ્તાની મૂળના નેતા છે. જોકે બર્નહેમે કહ્યું છે કે તેમણે હજુ પોતાની ટીમ પર અંતિમ નિર્ણય લીધો નથી અને અટકળો પર ધ્યાન આપવું ન જોઈએ.

બર્નહેમ સરકારના શરૂઆતી નિર્ણયો પર પણ સૌની નજર રહેશે. સરકારે પહેલાથી જ એક મહત્વપૂર્ણ પગલું ભરતા તમામ કર્મચારીઓ માટે ડિજિટલ ઓળખપત્ર લાગુ કરવાની યોજના રદ કરી દીધી છે. આની શરૂઆત પૂર્વ વડાપ્રધાન કીર સ્ટાર્મર સરકારે સપ્ટેમ્બર 2025માં કરી હતી. આનો હેતુ એ હતો કે દેશમાં કામ કરતા દરેક કર્મચારીની ઓળખ અને તેના કામ કરવાના કાનૂની અધિકારની ડિજિટલ રીતે પુષ્ટિ કરી શકાય. સરકારનું માનવું હતું કે આનાથી નકલી દસ્તાવેજોનો ઉપયોગ ઓછો થશે અને ગેરકાયદેસર સ્થળાંતર પર રોક લગાવવામાં મદદ મળશે.

જોકે, આ યોજનાનો



શરૂઆતથી જ વિરોધ થવા લાગ્યો. ટીકાકારોનું કહેવું હતું કે આનાથી સરકાર નાગરિકોની ખાનગી માહિતી પર જરૂરિયાત કરતાં વધુ નિયંત્રણ મેળવી શકે છે. ડેટા સુરક્ષા અને ગોપનીયતાને લઈને પણ ગંભીર સવાલો ઉભા થયા.

બ્રિટનનું અર્થતંત્ર છેલ્લા ઘણા વર્ષોથી નબળું રહ્યું છે. 2008ની વૈશ્વિક આર્થિક મંદી, બ્રેક્ઝિટ અને કોવિડ-19 મહામારીને કારણે લોકોનું જીવનધોરણ સતત પ્રભાવિત થયું છે. બર્નહેમે વચન આપ્યું છે કે તેઓ સામાન્ય લોકોના જીવનમાં વાસ્તવિક સુધારા લાવશે. તેમણે ટેક્સ ન વધારવાનું પણ વચન આપ્યું છે. બર્નહેમ ઘરેલું મુદ્દાઓ પર વધુ ધ્યાન આપવા માંગે છે, પરંતુ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓ તેમને તેમ કરવાની સંપૂર્ણ છૂટ આપશે નહીં. યુક્રેન યુદ્ધ હજુ ચાલુ છે અને મિડલ ઈસ્ટમાં પણ તણાવ વધેલો છે. એવું માનવામાં આવે છે કે આ બંને મુદ્દાઓ પર બ્રિટનની વિદેશ નીતિમાં બહુ મોટો ફેરફાર થશે નહીં, કારણ કે NSA જોનાથન પોવેલ તેમના પદ પર યથાવત રહી શકે છે. સાથે જ અમેરિકા સાથે બ્રિટનના સંબંધો પણ નવી સરકાર માટે મહત્વના રહેશે. પૂર્વ વડાપ્રધાન કીર સ્ટાર્મરે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે સારા સંબંધો બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓને ખુલ્લેઆમ સમર્થન ન આપવાને કારણે બંને નેતાઓ વચ્ચે તણાવ પેદા થયો હતો. સંરક્ષણ ખર્ચ વધારવા અંગેના મતભેદને કારણે ગયા મહિને કીર સ્ટાર્મર સરકારના સંરક્ષણ મંત્રી જોન હીલીએ રાજીનામું આપી દીધું હતું. તેમનું કહેવું હતું કે સેના માટે પ્રસ્તાવિત બજેટ વધારો પર્યાપ્ત નથી. આના થોડા અઠવાડિયા પછી, સ્ટાર્મરે આગામી ચાર વર્ષમાં સંરક્ષણ બજેટમાં 15 અબજ પાઉન્ડ (લગભગ 1.9 લાખ કરોડ રૂપિયા) નો વધારો કરવાની જાહેરાત કરી. જોકે, તેમણે એ જણાવ્યું ન હતું કે વધારાના પૈસા ક્યાંથી આવશે અને કયા સરકારી વિભાગોના બજેટમાં કાપ મૂકીને તેની ભરપાઈ કરવામાં આવશે. હાલના વર્ષોમાં બ્રિટનમાં સ્થળાંતર (નેટ માઈગ્રેશન) માં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેનું કારણ અગાઉની કન્ઝર્વેટિવ સરકાર દ્વારા લાગુ કરાયેલી કડક ઈમિગ્રેશન નીતિઓ છે. લેબર સરકારે પણ તેને ચાલુ રાખી છે. મે મહિનામાં એન્ડી બર્નહેમે સ્વીકાર્યું હતું કે ઈમિગ્રેશનમાં ઘટાડો થયો છે, પરંતુ તેમણે કહ્યું કે તેને વધુ ઘટાડવાની જરૂર છે. તેમણે એ પણ સંકેત આપ્યો કે તેઓ ભૂતપૂર્વ ગૃહમંત્રી શબાના મહેમૂદની કડક ઈમિગ્રેશન નીતિને મોટા પાયે ચાલુ રાખશે. જોકે, લેબર પાર્ટીના ઘણા સાંસદો અને ઉદારવાદી સમર્થકો તેનો વિરોધ કરતા રહ્યા છે. આવી સ્થિતિમાં, બર્નહેમ સામે સૌથી મોટો પડકાર તેમની પાર્ટીની અંદરના વિરોધ વચ્ચે બેસેન્લ જાળવવાનો રહેશે.

બ્રિટનમાં સરકારનો સામાજિક કલ્યાણ (વેલફેર) પરનો ખર્ચ સતત વધી રહ્યો છે. આનું એક મોટું કારણ એવા કાર્યકારી વયના લોકોની વધતી સંખ્યા છે, જેઓ માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓના આધારે સરકારી સહાય લઈ રહ્યા છે. આમાં મોટી સંખ્યામાં યુવાનો છે, જેઓ બેરોજગાર છે. જોકે, સામાજિક સુરક્ષા પર થતા કુલ સરકારી ખર્ચનો સૌથી મોટો હિસ્સો નિવૃત્ત લોકો પર જાય છે. સરકારી પેન્શન અને અન્ય સહાય યોજનાઓ પર કુલ સામાજિક સુરક્ષા બજેટનો અડધાથી વધુ હિસ્સો ખર્ચ થાય છે. જો બર્નહેમ આ ખર્ચને નિયંત્રિત કરી શકે છે, તો તેમને સામાજિક આવાસ જેવી અન્ય યોજનાઓ પર વધુ પૈસા ખર્ચ કરવાની તક મળશે. પરંતુ આ સરળ નહીં હોય. કીર સ્ટાર્મરે પણ વેલફેર ખર્ચ ઘટાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમની જ પાર્ટીના સાંસદોના વિરોધ બાદ તેમને પોતાના નિર્ણયો પાછા ખેંચવા પડ્યા હતા. આ જ કારણ છે કે બર્નહેમ માટે આ આર્થિક જ નહીં, પરંતુ રાજકીય રીતે પણ સૌથી મુશ્કેલ પડકારોમાંથી એક હશે.

## તંત્રી લેખ

# હવે અમેરિકામાં રહીને ભણવું વધુ કપરું બનશે

મોટાભાગના F-1 વિઝા ધારક વિદ્યાર્થીઓ અને J-1 કેટેગરીના એક્સચેન્જ વિઝિટર્સને હવે એક જ વખતમાં અમેરિકામાં રહેવા માટે મહત્તમ ચાર વર્ષની જ મંજૂરી મળશે. આ પહેલા વિદ્યાર્થીઓ જ્યાં સુધી પોતાના શિક્ષણ સંસ્થાનમાં માન્ય કોર્સ પૂરો ન કરે, ત્યાં સુધી લીગલ સ્ટેટસ સાથે અમેરિકામાં રહી શકતા હતા : અત્યાર સુધી વિદ્યાર્થીઓ અમેરિકા પહોંચ્યા પછી પોતાની રુચિ કે અનુકૂળતા મુજબ કોર્સ અથવા યુનિવર્સિટી બદલી શકતા હતા. પરંતુ હવે નવો નિયમ આ સુવિધા ઉપર પણ પૂર્ણવિરામ મૂકી રહ્યો છે. વિદ્યાર્થીઓ હવે અમેરિકન ઈમિગ્રેશન સત્તાવાળાઓની આગોતરી લેખિત મંજૂરી વિના પોતાની મરજીથી સબ્જેક્ટ (મેજર) બદલી શકશે નહીં : પહેલાના નિયમ હેઠળ અભ્યાસ પૂર્ણ થયા પછી વિદ્યાર્થીઓને દેશ છોડવા, ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ શરૂ કરવા અથવા પોતાનું વિઝા સ્ટેટસ બદલવા માટે ૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ મળતો હતો. હવે નવા નિયમમાં આ સમયગાળો ઘટાડીને માત્ર ૩૦ દિવસ કરી દેવામાં આવ્યો છે. અમેરિકામાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનું અને ત્યાં પોતાના કરિયરને નવી ઊંચાઈઓ પર લઈ જવાનું સપનું જોતા લાખો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ, ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓ માટે અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ અને લાખો ડોલરની નોકરી સૌથી મોટું સપનું હોય છે. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે અને હજારો લોકો અમેરિકન કંપનીઓમાં નોકરી માટે વીઝા લેવા એપ્લિકેશન કરતા હોય છે. તાજેતરમાં તુંડ મિજાજી ટ્રમ્પે વધુ એક અવિચારી નિર્ણય લઈને ઈમિગ્રેશનના નિયમોમાં વધુ એક ફેરફાર કરાવ્યો છે. તેના પગલે ભારતીય સમાજ અને વિદ્યાર્થીઓ માટે ફરી એક ચિંતા ઊભી થઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને અમેરિકન સ્ટુડન્ટ વિઝા સિસ્ટમમાં છેલ્લા કેટલાક દાયકાઓનો સૌથી મોટો અને આમૂલ ફેરફાર કરવાની જાહેરાત કરી છે.

ઉલ્લેખનીય છે કે, આ નવા નિયમો હેઠળ, અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને મળતી વર્ષો જૂની 'ડ્યુરેશન ઓફ સ્ટેટસ'ની સુવિધાને સંપૂર્ણપણે નાબૂદ કરી દેવામાં આવી છે. તેના સ્થાને હવે અમેરિકામાં રહેવા માટેની એક નિશ્ચિત સમય-સીમા નક્કી કરવામાં આવી છે. અમેરિકી ગૃહ સુરક્ષા વિભાગ દ્વારા આખરી ઓપ આપવામાં આવેલા આ નિયમોથી અમેરિકામાં ભણતા અને ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ અનેકગણી વધી જવાની આશંકા છે. જાણકારોના મતે અમેરિકી ગૃહ સુરક્ષા વિભાગના નવા નોટિફિકેશન અનુસાર, વિઝા પ્રક્રિયા અને અમેરિકામાં રોકાણના નિયમોને અત્યંત કડક બનાવી દેવામાં આવ્યા છે. નવા નિયમો અનુસાર, મોટાભાગના ખ-૧ વિઝા ધારક વિદ્યાર્થીઓ અને વ-૧ કેટેગરીના એક્સચેન્જ વિઝિટર્સને હવે એક જ વખતમાં અમેરિકામાં રહેવા માટે મહત્તમ ચાર વર્ષની જ મંજૂરી મળશે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા વિદ્યાર્થીઓ જ્યાં સુધી પોતાના શિક્ષણ સંસ્થાનમાં માન્ય કોર્સ પૂરો ન કરે, ત્યાં સુધી તેઓ લીગલ સ્ટેટસ સાથે અમેરિકામાં રહી શકતા હતા. હવે નવા નિયમ પ્રમાણે જો કોઈ વિદ્યાર્થીનો કોર્સ ૪ વર્ષ કરતા વધુ સમયનો હશે (જેમ કે પીએચ.ડી. અથવા મેડિકલ), તો તેણે ૪ વર્ષ પૂરા થતા પહેલા વિઝા એક્સટેન્શન માટે અરજી કરવી પડશે અથવા તો અમેરિકાની બહાર બીજા દેશ અથવા તો પોતાના મૂળ દેશમાં જઈને ફરીથી પ્રવેશ મેળવવાની પરવાનગી લેવી પડશે.

આ ઉપરાંત અત્યાર સુધી વિદ્યાર્થીઓ અમેરિકા પહોંચ્યા પછી પોતાની રુચિ કે અનુકૂળતા મુજબ કોર્સ અથવા યુનિવર્સિટી બદલી શકતા હતા. પરંતુ હવે નવો નિયમ આ સુવિધા ઉપર પણ પૂર્ણવિરામ મૂકી રહ્યો છે. વિદ્યાર્થીઓ હવે અમેરિકન ઈમિગ્રેશન સત્તાવાળાઓની આગોતરી લેખિત મંજૂરી વિના પોતાની મરજીથી સબ્જેક્ટ (મેજર) બદલી શકશે નહીં. તેઓ પોતાનો ડિગ્રી પ્રોગ્રામ પણ બદલી શકશે નહીં. એક કોલેજ કે યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં ટ્રાન્સફર લેવા માટે પણ ઈમિગ્રેશન અધિકારીઓની પૂર્વ મંજૂરી ફરજિયાત બનાવવામાં આવી છે.

**ભાજપ રાજમાં બાંગો પોકારવામાં આવે છે કે, છેલ્લાં 70 વર્ષમાં જે નહોતું થયું તે હવે થઈ રહ્યું છે. છેલ્લાં પંદર વર્ષમાં થઈ રહ્યું છે. વાત બિલકુલ સાચી છે, છેલ્લાં ૭૦ વર્ષમાં ઈસરો છોડીને કોઈ જતું નહોતું પણ હવે ખાનગીકરણ અને પોલિસી પેરાલિસિસના પગલે સંશોધકો ઈસરો છોડીને ખાનગી કંપનીઓ સાથે જોડાઈ રહ્યા છે : આઝાદી બાદ વડા પ્રધાન નહેરુએ ધાર્મિક સમરસતાને માન આપીને વૈજ્ઞાનિક અભિગમ સાથએ આગળ વધવાનું નક્કી કર્યું હતું**

# ધર્મની સાથે વિજ્ઞાનનો વિકાસ થશે તો સાચા વિશ્વગુરુ થવાશે

## છેલ્લાં ૭૦ વર્ષમાં જે નહોતું થયું તે હવે થઈ રહ્યું છે. છેલ્લાં પંદર વર્ષમાં થઈ રહ્યું છે. વાત બિલકુલ સાચી છે

ભાજપ રાજમાં બાંગો પોકારવામાં આવે છે કે, છેલ્લાં 70 વર્ષમાં જે નહોતું થયું તે હવે થઈ રહ્યું છે. છેલ્લાં પંદર વર્ષમાં થઈ રહ્યું છે. વાત બિલકુલ સાચી છે, છેલ્લાં ૭૦ વર્ષમાં ઈસરો છોડીને કોઈ જતું નહોતું પણ હવે ખાનગીકરણ અને પોલિસી પેરાલિસિસના પગલે સંશોધકો ઈસરો છોડીને ખાનગી કંપનીઓ સાથે જોડાઈ રહ્યા છે : આઝાદી બાદ વડા પ્રધાન નહેરુએ ધાર્મિક સમરસતાને માન આપીને વૈજ્ઞાનિક અભિગમ સાથએ આગળ વધવાનું નક્કી કર્યું હતું. હાલની સરકારમાં છેલ્લાં પંદર વર્ષમાં વૈજ્ઞાનિક અભિગમ ક્યાંય ગંગા નદીના તળીયે જતો રહ્યો છે અને માત્ર ધાર્મિક વિકાસ અને મંદિરોના અને ધાર્મિક સ્થળોના વિકાસ સિવાય કશું જ થતું નથી : ભાજપ સરકારે નવી IITs અને AIIMS ખોલવાની જાહેરાત તો કરી, પરંતુ મોટાભાગની નવી સંસ્થાઓ કાયમી કેમ્પસ, પૂરતા પ્રોફેસરો અને પ્રયોગશાળાઓ વિના ભાડાના મકાનો કે હંગામી વ્યવસ્થા હેઠળ ચાલી રહી છે. નેહરુએ સ્થાપેલી ૫ IITs જેવી ગુણવત્તા નવી ૧૫ IITs ભેગી મળીને પણ આપી શકતી નથી. આ સિવાય ઈસરો અને ડીઆરડીઓ જેવા પ્રતિષ્ઠિત સંગઠનોમાં અમલદારશાહીનું વર્ચસ્વ વધ્યું છે

ભારતમાં તાજેતરમાં વૈજ્ઞાનિક સંસોધન અને સ્પેસ સંશોધન ક્ષેત્રમાં બે મોટી ઘટનાઓ બની છે. એક તરફ ૧૦૦થી વધારે સંશોધકો અને વૈજ્ઞાનિકોએ ઈસરોમાંથી રાજીનામા આપી દીધા છે. મોટાભાગનાએ વીઆરએસ લઈ લીધું છે. આ તો થઈ પહેલી ઘટનાની વાત જેણે દેશભરમાં વૈચારિક ભૂકંપ લાવી દીધો છે. બીજી ઘટનાની વાત કરીએ તો શનિવારે ભારતની જ ખાનગી સ્પેસ કંપની સ્કાયરૂટ એરોસ્પેસ દ્વારા એક ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આવી હતી. આ ખાનગી સ્પેસ કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલું વિક્રમ-૧ નામનું ઓર્બિટલ રોકેટ સફળતાપૂર્વક લોન્ચ થઈને ઉપગ્રહને અવકાશમાં સ્થાપિત કરી આવ્યું હતું. આત્મનિર્ભર ભારતના મિશનની દિશામાં આ ઉત્તમ પગલું ગણવામાં આવી રહ્યું છે. ભારતીય વડા પ્રધાને પણ આ અભિયાનની સફળતાના ખોબલે ખોબલે વખાણ કર્યા હતા.

આ બંને ઘટનાઓ એકબીજાથી અલગ છે છતાં સંકળાયેલી છે. હાલમાં જે ઈસરોના સંશોધકોની નોકરી છોડવાની વાતો ચાલી છે તેવા જ બે સંશોધકોએ ૨૦૧૮માં ઈસરો છોડી દીધું હતું.

પવન કુમાર ચંદાના અને નાગા ભરથ ડાકા નામના બે સંશોધકોએ ઈસરો છોડીને હૈદરાબાદ ખાતે સ્કાયરૂટ એરોસ્પેસ નામની ખાનગી સ્પેસ કંપનીની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેમની સાથે ઘણા નિવૃત્ત ઈસરો સંશોધકો જોડાયા હતા. બીજી તરફ એવા પણ અહેવાલો છે કે, ઘણા ઈસરો છોડીને પવન અને નાગા ભરથ સાથે જોડાયા હતા. આ બંને ઈસરો છોડનારા સંશોધકોની જ કંપનીઓ હવે ભારતને મહત્ત્વની સિદ્ધિ અપાવી છે. તેમની નોકરી છોડવા પાછળ કે પોતાની કંપની બનાવવા પાછળ જે કારણો રહ્યા હશે કે હાલમાં જે રહ્યા છે તેની તરફ લોકોનું ધ્યાન જતું જ નથી.

હકિકત એવી છે કે, ભાજપ રાજમાં બાંગો પોકારવામાં આવે છે કે, છેલ્લાં ૭૦ વર્ષમાં જે નહોતું થયું તે હવે થઈ રહ્યું છે. છેલ્લાં પંદર વર્ષમાં થઈ રહ્યું છે. વાત બિલકુલ સાચી છે, છેલ્લાં ૭૦ વર્ષમાં ઈસરો છોડીને કોઈ જતું નહોતું પણ હવે ખાનગીકરણ અને પોલિસી પેરાલિસિસના પગલે સંશોધકો ઈસરો છોડીને ખાનગી કંપનીઓ સાથે જોડાઈ રહ્યા છે. ભારતની આઝાદી બાદ આર્થિક સ્થિતિ ખસ્તાહાલ હતી છતાં કોંગ્રેસ સરકારે ભારતને આગળ વધારવા માટે મોટી મોટી શિક્ષણ સંસ્થાઓ, આઈઆઈટી, આઈઆઈએમ, ઈસરો જેવી સંસ્થાઓ શરૂ કરી હતી. તે સમયના વડા પ્રધાન નહેરુએ ધાર્મિક સમરસતાને માન આપીને વૈજ્ઞાનિક અભિગમ સાથએ આગળ વધવાનું નક્કી કર્યું હતું. હાલની સરકારમાં છેલ્લાં



પંદર વર્ષમાં વૈજ્ઞાનિક અભિગમ ક્યાંય ગંગા નદીના તળીયે જતો રહ્યો છે અને માત્ર ધાર્મિક વિકાસ અને મંદિરોના અને ધાર્મિક સ્થળોના વિકાસ સિવાય કશું જ થતું નથી.

ઉલ્લેખનીય છે કે, આઝાદી પછીના આ ૭૫ વર્ષની સફર જોઈએ તો તેમાં મોટો તફાવત છે જે આંખે ઉડીને વળગે તેવો છે પણ હાલની પેઢી અને પ્રજા તેને સ્વીકારી શકે તેવી સ્થિતિમાં નથી અને કદાચ સ્વીકારવા માગતી પણ નથી. નેહરુ અને મોદી શાસનકાળ વચ્ચેનો સૌથી મોટો તફાવત સરકારની પ્રાથમિકતાઓમાં જોવા મળે છે. ટીકાકારો અને સમાજશાસ્ત્રીઓના મતે વર્તમાન સમયમાં દેશની દિશા ભૌતિક અને વૈજ્ઞાનિક પ્રગતિથી હટીને ધાર્મિક પુનરુત્થાન તરફ વળી ગઈ છે. ભાજપ શાસનમાં ધાર્મિક સ્થળો, ભવ્ય મંદિરોના નિર્માણ અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને સત્તાવાર પ્રોત્સાહન મળ્યું છે. આના પરિણામે સમાજમાં બહુમતીવાદ હાવી થયો છે અને ધાર્મિક સહિષ્ણુતા ઘટી છે. ભીડ દ્વારા હિંસા, અપ્રમાણિત ધાર્મિક કથનોને વિજ્ઞાન તરીકે રજૂ કરવાની પ્રવૃત્તિ અને સોશિયલ મીડિયા પર વધતી નફરતને કારણે દેશનું સામાજિક માળખું નબળું પડયું છે.

બીજી ચિંતાજનક બાબત એવી છે કે, નેહરુએ સ્થાપેલી સંસ્થાઓ જેવી કે ૈંભલ્લઇ શભઈઇ્ અને અગ્રણી યુનિવર્સિટીઓ (જેમ કે વશેં, છસેં, મ્લ્લે) માં યોગ્યતાના આધારે નહીં પરંતુ વૈચારિક વફાદારીના આધારે નિમણૂકો થતી હોવાના આક્ષેપો છે. પાઠયપુસ્તકોમાંથી ઈતિહાસ અને વિજ્ઞાનના પ્રકરણો (હટાવવાના નિર્ણયોએ વૈજ્ઞાનિક સમુદાયમાં ચિંતા જન્માવી છે. વાર્ષિક ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસમાં પ્રાચીન ભારતીય વિજ્ઞાનના નામે અતિશયોક્તિભર્યા અને અપ્રમાણિત દાવાઓ રજૂ થવા લાગ્યા, જેનાથી વૈશ્વિક સ્તરે ભારતીય વૈજ્ઞાનિક શાખને નુકસાન થયું છે.

આઝાદીના અમૃત મહોત્સવો ઉજવાયા પણ ખરેખર દેશમાં ક્યાંય અમૃતકાળ જેવું નથી. શિક્ષણ સંસ્થાઓ અને વૈજ્ઞાનિક કામગીરીમાં ઘટાડો નોંધાય છે. આંકડાકીય અને ગુણાત્મક દ્રષ્ટિએ જોઈએ તો નેહરુકાળમાં શૂન્યમાંથી સંસ્થાઓનું નિર્માણ થયું હતું, જ્યારે વર્તમાન સમયમાં માત્ર સંસ્થાઓની સંખ્યા વધારવા પર ભાર છે, તેની ગુણવત્તા પર નહીં. ભારત પોતાના જીડીપી ના માત્ર ૦.૬% થી ૦.૭% જેટલો હિસ્સો જ સંશોધન પાછળ ખર્ચે છે, જે ચીન (૨.૪%) કે અમેરિકા (૩.૪%) ની સરખામણીએ ઘણો ઓછો છે.

ભાજપ સરકારે નવી ૈંં્જ અને ૈંૈંસ્જી ખોલવાની જાહેરાત તો કરી, પરંતુ મોટાભાગની નવી સંસ્થાઓ કાયમી કેમ્પસ, પૂરતા પ્રોફેસરો અને પ્રયોગશાળાઓ વિના ભાડાના મકાનો કે હંગામી વ્યવસ્થા હેઠળ ચાલી રહી છે. નેહરુએ સ્થાપેલી પૈંં્જ જેવી ગુણવત્તા નવી ૧૫ૈંં્જ ભેગી મળીને પણ આપી શકતી નથી. આ સિવાય ઈસરો અને ડીઆરડીઓ જેવા પ્રતિષ્ઠિત સંગઠનોમાં અમલદારશાહીનું વર્ચસ્વ વધ્યું છે. વૈજ્ઞાનિકોને મુક્તપણે કામ કરવાની સ્વાયત્તતા ઓછી મળી રહી છે અને તેમના વેતન ભથ્થાં વૈશ્વિક કે ખાનગી બજારની સરખામણીએ ખૂબ જ સીમિત છે. પરિણામે, ડેટા દર્શાવે છે કે આઈઆઈટી અને આઈઆઈએમમાંથી પાસ થતા યુવાનો અને ઈસરોના અનુભવી વૈજ્ઞાનિકો દેશ છોડી રહ્યા છે અથવા ખાનગી કોર્પોરેટ સેક્ટરમાં જોડાઈ રહ્યા છે. હાલમાં સર્જાયેલી બ્રેઈન ડ્રેઈનની સ્મસ્યાએ સમગ્ર દેશને ચિંતામાં મુકી દીધો છે.

ઉલ્લેખનીય છે કે, નહેરૂકાળમાં આયોજન પંચ દ્વારા પંચવર્ષીય યોજનાઓ હેઠળ લાંબાગાળાનું આયોજન થતું હતું. તેની સરખામણીમાં હાલમાં ભાજપ શાસનમાં નીતિઓ લાંબાગાળાના વિઝન વગર, અચાનક અને હેડલાઈન મેનેજમેન્ટ માટે લેવાતી હોવાની છાપ ઊભી થઈ છે, જે પોલિસી પેરાલિસિસ સિવાય કશું જ નથી. તેની અસર જોઈએ તો વર્ષ ૨૦૧૬માં કોઈ પણ પૂર્વ આયોજન કે આથક નિષ્ણાતોની સલાહ વિના લેવાયેલા નોટબંધીના મનસ્વી નિર્ણયે ભારતીય અર્થતંત્રની કમર તોડી નાખી. અસંગઠિત ક્ષેત્ર અને લઘુ ઉદ્યોગો આજ દિન સુધી આ આંચકામાંથી બહાર આવી શક્યા નથી. તેવી જ રીતે જીએસટીનો કાયદો સારો હોવા છતાં તેનો ઉતાવળિયો અમલ તથા તેનું જટિલ અને અવારનવાર બદલાતું માળખું વેપારીઓ માટે માથાનો દુખાવો બન્યું છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે તેના કારણે નાણાકીય વિવાદો વધ્યા છે.

મહત્ત્વની વાત એ છે કે, કોંગ્રેસ રાજમાં વિકાસ થયો અને ભાજપ રાજમાં રકાસ થયો તેવું નથી. બંને સરકારોના સમયમાં તેમની રીતે કામ થયું છે અને તેમના નકારાત્મક પાસાઓ પણ છે. તેમ છતાં હાલમાં ભારતની જે વૈજ્ઞાનિક સ્થિતિ છે અને સંશોધકોની કફોડી હાલત છે તેમાં પોલિસી પેરાલિસિસ સૌથી મોટો ભાગ ભજવે છે. જાણકારો માને છે કે, આઝાદી બાદ કોંગ્રેસકાળમાં સંસ્થાકીય માળખા બન્યા અને નવી સંસ્થાઓનો વિકાસ થયો પણ તે માત્ર શહેરી વિસ્તારમાં થયો અને તેનો લાભ ઉચ્ચ વર્ગ સુધી જ સિમિત રહ્યો. બીજી તરફ હાલમાં સંસ્થાઓની સંખ્યા મોટાપાયે વધી છે પણ તેની સ્વાયત્તતા પૂરી થઈ ગઈ છે. સંસ્થાના અધિકારીઓ, કર્મચારીઓ ઉપર વૈચારિક દબાણ વધ્યું છે. કોંગ્રેસ કાળમાં આથક અસમાનતા વધી હતી પણ સેક્યુલારિઝમ જળવાઈ રહ્યું હતું. હાલમાં સામાજિક ધ્રુવીકરણ ચરમસીમાએ ચાલી રહ્યું છે. ધાર્મિક અને સામાજિક કટ્ટરતા ચરમસીમાએ છે જેના કારણે દેશની આંતરિક સુરક્ષા અને શાંતિ જોખમાયા છે.

તેવી જ રીતે નીતિગત બાબતો જોઈએ તો આઝાદી પછીની તત્કાલિન સરકારે સોવિયેત મોડલ અપનાવ્યું હતું. તેના કારણે આર્થિક વિકાસ દર ધીમે હતો પણ મજબૂત રીતે આગળ વધતો હતો. હાલના સમયે વિકાસદર વધારે છે પણ અણધારી અને અવિચારી કેન્દ્રીય નીતિઓ જેવી કે જીએસટી, નોટબંધી, લોકડાઉન વગેરેના કારણે આર્થિક અસ્થિરતા આવી છે.

આ ઉપરાંત આઝાદી બાદ પ્રાથમિક શિક્ષણની ઉપેક્ષા થઈ હતી પણ ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ વિકસી હતી અને તેની આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા હતી. હાલમાં તમામ સ્તરે બજેટ કપાયું છે. સંશોધન થતા નથી અને સંશોધન કે પ્રયોગોના નામે સ્યુડો સાયન્સનો પ્રચાર થઈ રહ્યો છે.

જ્યારે કોઈ દેશ વિજ્ઞાન, તર્ક અને ગુણવત્તાયુક્ત શિક્ષણને બાજુ પર મૂકીને માત્ર ધાર્મિક ભવ્યતા, ઈતિહાસના વિવાદો અને રાષ્ટ્રવાદી લાગણીઓ પર રાજનીતિ કરવા લાગે છે, ત્યારે લાંબાગાળે દેશનું વૈશ્વિક સ્થાન નબળું પડે છે.

નેહરુ યુગની ભૂલો આર્થિક નીતિઓ અને ધીમી પ્રક્રિયાની હોઈ શકે, પરંતુ તેમનું વિઝન આધુનિક ભારતનું નિર્માણ કરવાનું હતું. તેની સામે, મોદી શાસનમાં ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (જેવા કે હાઈવે અને ડિજિટલ કનેક્ટિવિટી) નો વિકાસ ચોક્કસ થયો છે, પરંતુ માનવ સંસાધન, વૈજ્ઞાનિક વિચારધારા અને સામાજિક એકતાના સ્તરે દેશને મોટું નુકસાન વેઠવું પડી રહ્યું છે.

# પડોશીની પીડા અરીસો બની જાય

## દુઃખના આંગણામાં ઊગેલું કૃતજ્ઞતાનું ફૂલ અને દૂધમાં છુપાયેલો ઈશ્વર



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે મંગળવાર,જીવન એક એવી પોથી છે જેના દરેક પાનામાં બે જાત ની શાહી વપરાયેલી છે. એક શાહી આંસુની છે અને બીજી શાહી આભારની.આપણે જ્યારે ફક્ત પોતાનું જ પાનું વાંચીએ છીએ ત્યારે આખું પુસ્તક અંધકારમય લાગે છે. પણ જ્યારે બાજુવાળા પાના પર નજર જાય છે, ત્યારે સમજાય છે કે આપણો અંધકાર પણ કોઈના માટે દીવો બની શકે છે. આજે જે બે વાતો આપણી સામે છે, તે બંને આપણને એક જ સત્ય તરફ લઈ જાય છે. દુઃખ સર્વવ્યાપી છે, પણ ઈશ્વર પણ સર્વવ્યાપી છે. ફરક માત્ર જોવાની દ્રષ્ટિનો છે.

બીજાના આંગણામાં ડોકિયું કરતાં પોતાનું ઘર પ્રકાશિત થાય. એક રાતે એક પત્નીનો મન ભરાઈ ગયો. નાનો ઝઘડો મોટો થયો.પતિ અને બાળકો જમીને સૂઈ ગયા,અને તે ઘર છોડી ને નીકળી પડી. મનમાં એક જ વાક્ય ઘૂમતું હતું, 'હવે આ ઘરમાં રહી શકાશે નહીં.' શેરીઓ સૂમસામ હતી. ગુસ્સો પગમાં હતો, પણ પગને ખબર નહોતી કે ક્યાં જવું છે. ચાલતાં ચાલતાં એક ઘરમાંથી અવાજ આવ્યો.એક મા ભગવાનને પ્રાર્થના કરી રહી હતી,'પ્રભુ,આજે મારા બાળક માટે એક રોટલી આપજો.થોડે આગળ બીજું ઘર. ત્યાં એક મા રડતાં રડતાં કહેતીહતી 'હે ઈશ્વર,મારા દીકરાને બધી મુશ્કેલીમાંથી બચાવજો.'બીજી બાજુથી પતિનો થાકેલો અવાજ આવ્યો,'મકાન માલિકને કહે કે થોડા દિવસની રાહત આપે.રોજ આવીને અપમાન ન કરે.'વળી થોડું આગળ જતાં એક વૃદ્ધ દાદી પૌત્રને કહેતાં હતાં,'બેટા,મારી દવા લાવ્યો?' પૌત્રએ અડધી રોટલી હાથમાં રાખીને જવાબ આપ્યો, 'દાદી, કેમિસ્ટ દવા ઉધાર નથી આપતો. મારી પાસે પૈસા પણ નથી.'છેલ્લે એક ઘરમાંથી મા પોતાના ભૂખ્યા બાળકોને સમજાવતી હતી, 'સૂઈ જાવ. પપ્પા કંઈક લઈને જરૂર આવશે. આવે ત્યારે હું તમને ઉઠાડીશ.'

સ્ત્રી થીજી ગઈ. જે ગુસ્સામાં તે ઘરેથી નીકળી હતી તે ગુસ્સો ઓગળી ગયો. જે અપમાન લાગતું હતું તે નાનું લાગવા માંડ્યું.જે એકલતા ડંખતી હતી તેની જગ્યાએ એક નવી સમજ આવી. બહાર નીકળી હતી પોતાનું દુઃખ મોટું સાબિત કરવા, પણ પરત ફરી ત્યારે ખબર પડી કે દુઃખની હરિફાઈ હોતી જ નથી. દરેક ઘરની દીવાલોની અંદર એક અદ્રશ્ય યુદ્ધ ચાલી રહ્યું છે.તે પાછી ઘરે આવી.સૂતેલા પતિ સામે જોયું. બે બાળકોની નાનકડી શ્વાસની લય સાંભળી. અને પહેલી વાર મનથી પ્રાર્થના નીકળી, 'ભગવાન, આભાર. ઘર છે, છત છે, બે ટંકનું અનાજ છે, અને એક માણસ છે જે ભલે ઝઘડે પણ કાળજી રાખે છે.'

આ વાત આપણને શું શીખવે છે? આપણે ઘણીવાર એવું માની લઈએ છીએ કે સામેવાળાનું જીવન સેટ છે. તેના ચહેરા પરનું હાસ્ય જોઈને આપણને લાગે છે કે તેની પાસે કોઈ સમસ્યા જ નથી. પણ સત્ય એ છે કે દરેક સ્મિતની પાછળ એક વાર્તા છુપાયેલી છે. કોઈ દવાની ચિંતામાં હસે છે, કોઈ રોટલીની ચિંતામાં હસે છે, કોઈ સંબંધ બચાવવા માટે હસે છે. મુશ્કેલી જીવનની શરત છે. જે દિવસે મુશ્કેલી નહીં હોય તે દિવસે માણસ તરીકે આપણો વિકાસ પણ અટકી જશે. આપણું દુઃખ નાનું છે એવું કહેવાનો અર્થ એ નથી કે આપણા આંસુનું અપમાન કરીએ. અર્થ એટલો જ છે કે કૃતજ્ઞતાનો કાચ પહેરીએ તો દુઃખનો રંગ બદલાઈ જાય છે. જેને આપણે અભાવ કહીએ છીએ તે જ કોઈ બીજા માટે સ્વપ્ન હોઈ શકે.

દૂધમાં છુપાયેલો ઘી જેવો ઈશ્વર

બીજી વાત એક બ્રાહ્મણ અને રાજાની છે. બ્રાહ્મણ પૂજા કરીને જીવતા હતા. રાજાએ એક દિવસ ત્રણ પ્રશ્ન પૂછ્યા. ભગવાન ક્યાં રહે છે? ભગવાનની નજર ક્યાં છે? અને ભગવાન કરે છે શું?

બ્રાહ્મણ પાસે તરત જવાબ નહોતો. એક મહિનો માંગ્યો. દિવસો જતાં ગયા, ચિંતા વધતી ગઈ. છેવટે દીકરાએ કહ્યું, 'પિતાજી, મને લઈ જાવ. હું જવાબ આપીશ.'

દરબારમાં બાળકે સૌથી પહેલાં સન્માન માંગ્યું. દૂધનો ગ્લાસ આવ્યો. બાળકે આંગળી નાખીને દૂધમાં ઘી શોધવા માંડ્યું. રાજા હસ્યો અને કહ્યું, 'ઘી દેખાતું નથી. પહેલાં દહીં જમાવો, પછી વલોવો, પછી માખણ ગરમાવો, ત્યારે ઘી મળે.' બાળક બોલ્યો,'બસ,આ જ મારા પહેલા પ્રશ્નનો જવાબ છે. ઈશ્વર દરેક જીવની અંદર છે,પણ તેને પામવા માટે સાધનાની જરૂર છે. જેમ દૂધને મથ્યા વિના ઘી નથી મળતું, તેમ જીવનને મથ્યા વિના ઈશ્વરનો અનુભવ નથી થતો.'

બીજા પ્રશ્ન માટે બાળકે રાજાને કહ્યું, 'મને સિંહાસન પર બેસાડો અને તમે મારી જગ્યાએ ઊભા રહો.' એવું જ થયું. પછી બાળક બોલ્યો,'આ જ તમારા ત્રીજા પ્રશ્ન નો જવાબ છે. ભગવાન શું કરે? રંકને રાજા બનાવે અને રાજાને રંક બનાવે.પરિસ્થિતિ પલટી દે'

રાજા પ્રસન્ન થયો.જ્ઞાનની સામે ઉંમર નાની નથી હોતી.

બંને વાતોનો સેતુ: જોવું અને જાણવું પહેલી વાત આપણને બહાર લઈ જાય છે. શેરીઓમાં, પાડોશમાં, બીજાના ઘરની બારીમાં. અને શીખવે છે કે તુલના કરવાથી નહીં, પણ કરુણાથી શાંતિ મળે છે. જ્યારે આપણે બીજાના દુઃખને જોઈએ છીએ ત્યારે આપણું દુઃખ નાનું નથી થતું, પણ આપણું હૃદય મોટું થાય છે. અને મોટું હૃદય જ ઈશ્વરનું ઘર છે.

બીજી વાત આપણને અંદર લઈ જાય છે. આપણી અંદરના દૂધમાં, જ્યાં ઘીના રૂપમાં ઈશ્વર બેઠા છે. તેને બહાર શોધવાની જરૂર નથી. તેને પ્રગટ કરવા માટે મન, પ્રાર્થના અને સેવાનું મંથન જોઈએ. અને સૌથી મોટી વાત, ઈશ્વર સ્થિર નથી. તે પરિવર્તનનો સ્વામી છે. આજે જે રાજા છે તે કાલે પાઠ શીખવા માટે નીચે આવી શકે, અને જે આજે રસ્તા પર છે તે કાલે કોઈના માટે આશીર્વાદ બની શકે.

આપણે જીવનમાં ઘણીવાર ફરિયાદ કરીએ છીએ. 'મારી પાસે આ નથી, મારી સાથે આવું કેમ થયું?' પણ તે જ સમયે કોઈ બીજો માણસ આપણી પાસે જે છે તેના માટે પ્રાર્થના કરી રહ્યો હોય. કોઈને છત નથી અને આપણે છતને વાંકા કહીએ છીએ. કોઈને રોટલી નથી અને આપણે શાકને વાંકુ કહીએ છીએ. કોઈ સંબંધ માટે તરસે છે અને આપણે નાના ઝઘડાથી સંબંધ તોડવાની વાત કરીએ છીએ.આનો અર્થ એ નથી કે આપણે આપણી પીડાને નકારીએ. પીડા વાસ્તવિક છે. પણ પીડાની સાથે જો દ્રષ્ટિ પણ જાગે તો પીડા પ્રસાદ બની જાય છે.

રોજિંદા જીવન માટે ત્રણ દીવા

પહેલો દીવો કૃતજ્ઞતાનો. દરરોજ સૂતા પહેલાં ત્રણ વસ્તુ ગણો જેના માટે તમે આભારી છો. મોટી વસ્તુ નહીં, નાની વસ્તુ. પાણી, પંખો, એક ફોન કોલ, એક કપ ચા. કૃતજ્ઞતા દુઃખને ભૂસતી નથી, પણ દુઃખની બાજુમાં આશાનું બીજું બારણું ખોલે છે.

# અષાઢની ગુપ્ત નવરાત્રી એ ગુપ્ત ભાવની વૃદ્ધિ માટે મા આદ્યશક્તિ ને પ્રાર્થના કરીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આમ તો આજે મંગળવાર અને ગીતા જ્ઞાનનો દિવસ, પણ અષાઢ નવરાત્રી હવે પૂરી થવામાં છે, અને અષાઢ નવરાત્રીને ભલે ગુપ્ત નવરાત્રિ કહેવામાં આવે, પણ મા આદ્યશક્તિ અંબાની કોઈપણ નવરાત્રી હોય એ વિશ્વ મંગલ માટે જ અસ્તિત્વમાં આવી છે, તો આપણે પણ આજે શક્તિનાં ગુપ્ત ભાવ પર થોડું કંઈક વિશિષ્ટ ચિંતન કરીશું. સનાતનની પરંપરા મુજબ વર્ષમાં ચાર નવરાત્રી ઉજવવામાં આવે છે, મહા, ચૈત્ર, અષાઢ, અને આસો. મહા મહિનાની અને અષાઢ મહિનાની નવરાત્રીને ગુપ્ત નવરાત્રી કહેવામાં આવે છે. સામાન્ય રીતે મહા મહિનાની અને અષાઢ મહિનાની આ ગુપ્ત નવરાત્રી તંત્ર માર્ગના સાધકો માટે છે, અને તેઓ વિશિષ્ટ સિદ્ધિ માટે આ નવરાત્રીમાં અનુષ્ઠાન કરતાં હોય છે. ગુપ્ત નવરાત્રિમાં મા કાલી, તારા દેવી, ત્રિપુરા સુંદરી, ભુવનેશ્વરી, માતા છિન્નમસ્તા, ત્રિપુરા ભૈરવી, મા ધુમાવતી, માતા બગલામુખી, માતંગી અને કમલા દેવીની પૂજા કરવામાં આવે છે. અષાઢ સુદ એકમને દિવસે મહાકવિ કાલિદાસનો જન્મ દિવસ માનવામાં આવે છે, અને આપણે સૌ જાણીએ છીએ કે કાલિદાસને મહામૂર્ખની ઉપાધિ મળી હતી, અને પછી એ મા કાલીની ઉપાસના કરી મહાકવિ બન્યાં, એટલે અષાઢી નવરાત્રી એ મૂર્ખ માંથી મહાન બનવાની સીડી છે, એમ કહી શકાય. પણ આપણાં જેવાં સંસારીઓ માટે તો સિદ્ધિ નહીં પણ શુદ્ધિનું મહત્વ હોવાથી, સીધાસાદા પાઠ પૂજા કરીને એને ઉજવવી જોઈએ, કારણકે આજકાલ સમાજ સુખી હોવા છતાં શાંત નથી. મા દુર્ગાનું કોઈપણ સ્વરૂપ હોય પણ, તત્વતઃ તે શક્તિ પ્રદાન કરનાર છે, અને આ ઘોર કળિયુગમાં માત્ર સ્થૂળ શક્તિથી કામ નથી ચાલતું, એની માટે આંતરિક ભાવ શક્તિ વગર સુખ શાંતિ મળતાં નથી. તો ચાલો આ અષાઢી નવરાત્રી એ સિદ્ધિ નહીં, પણ શુદ્ધિ માટે કરીએ મા દુર્ગાને આહવાન! જે આપણાં આંતરિક મનોભાવને શુદ્ધ કરીને આપણાં જીવનની દિશાને એક નવો મોડ આપે, જ્યાં શાંતિનો બહોળો વ્યાપ હોય! મા અષાઢી અંબા ક્યારેક વર્ષા રુપે વરસીને, તો ક્યાંક લીલીછમ્મ પ્રકૃતિ રુપે, તો ક્યાંક પૃથ્વીને રસાતાળ કરીને આપણું પોષણ કરે છે. બાહ્ય પ્રકૃતિ શક્તિનું એક સ્વરૂપ છે જ, પરંતુ આંતર બાહ્ય પ્રકૃતિનું પોષણ કરનાર જો કોઈ તત્વ હોય તો એ શક્તિ છે! અને એ રીતે પોષણ કર્તા ઈશ્વર તત્વ પણ જો શક્તિ વિહિન હોય તો સર્જન શક્ય નથી! જૈવિક બાહ્ય વિશ્વમાં તો શક્તિનાં ઘણાં રુપ છે, અને એ આપણાં રોજિંદા જીવનનો હિસ્સો છે જ! પરંતુ ગુપ્ત નવરાત્રિમાં આપણા માનસમાં પનપતા ગુપ્ત ભાવ થકી પણ એક ભાવ વિશ્વનું નિર્માણ થાય છે, અને એ ભાવ જ તેની આંતરિક શક્તિ છે. આપણે એ રીતે ગુપ્ત નવરાત્રિમાં ગુપ્ત ભાવને શુદ્ધ કરી, આપણી ભાવ શક્તિને સમૃદ્ધ બનાવી શકીએ. માનવી માટે આજે રૂપિયા પૈસા કમાવા એ એટલું મુશ્કેલ નથી! પરંતુ શાંતિ મેળવવી એ બહુ દુર્લભ છે! અને શાંતિ જ આપણાં આંતર ભાવ વિશ્વની સૌથી મહત્વની ગુપ્ત શક્તિ છે! અને એવું પણ નથી કે શાંતિ સંન્યાસી માટે સાવ સહેલી ઉપલબ્ધિ છે, તો સંસારી માટે તો ક્યાંથી હોય જ! મનુષ્ય સમાજિક પ્રાણી છે અને એની માટે શારિરીક જેમ માનસિક પોષણ પણ જરૂરી છે. શારિરીક પોષણ માટે એને આહાર ની જરૂર પડે અને આહાર દ્વારા જે શક્તિ ઉત્પન્ન થાય કે જેને સીધાસાદા શબ્દોમાં આપણે બળ કહીએ છીએ, અને એનાથી એ ક્રિયા, કાર્ય, અને કર્મ કરે! તેમજ શારીરિક વૃદ્ધિ પણ તેમાંથી થાય. એટલે કે શક્તિ બુદ્ધિ અને વિદ્યા, શક્તિનાં એ ત્રણે સ્વરૂપ શરીર માટે જરૂરી છે, પરંતુ પૂરતાં એશોઆરામ અને સંપૂર્ણ પણે પોષણ મળતું હોવા છતાં, એને જરુરી પોષક ભાવ એટલે કે લાગણી મળે નહીં તો એ ખુશ રહી શકતો નથી, કોઈવાર મનોરોગી બની જાય, વિકૃત બને , મંદ બુદ્ધિ પણ બને! એટલે કે પાગલ થઈ શકે! લાગણી કે પ્રેમનાં આ ભાવ એટલે કે દયા, મૈત્રી, પ્રિતી, ક્ષમા, અહિંસા, ભક્તિ અને કરુણા અને શાંતિ, આ બધાં જ ભાવ મનુષ્યની આંતરિક તાકાત છે, અને જો એનું પૂરતું પોષણ થયું હોય તો જ, એની ભીતરી અવસ્થા ભાવથી ભીજાયેલી ભીની ભીની રહે! અને તો જ એમાં પ્રેમનું એવમ ભક્તિનું અંકુરણ ફૂટી શકે! અને તો જ આપણને પરમની પ્રાપ્તિ થાય! એકડા ને મીંડું કરીને ઘૂંટો કે અન્ય રીતે પણ મહત્વનો એકડો છે, એમ મનુષ્ય જીવનની સાર્થકતા આત્મ બોધ કે આત્મ દર્શનમાં સમાયેલી છે, આત્મ સાક્ષાત્કાર વગર બ્રહ્મ જ્ઞાન કે બ્રહ્મ બોધ મળી શકતો નથી. માનવીને સામાન્ય જીવનમાં નાની મોટી તકલીફોનો સામનો કરવો પડે છે, અને ક્યારેક વધુ તકલીફ આવે ત્યારે એ રડી પડે છે, તો ક્યારેક એ જ રીતે અન્યની તકલીફ પણ આંસુ આપી જાય છે, વેદના ના હોય કે સંવેદના નાં આ આંસુ એની ભીતરી ધરાને ભીની ભીની રાખે છે, અને એમાં હરિ નામ સ્મરણનું બીજ તરત અંકુરિત થઈ જાય! અને કોઈ બુદ્ધ પુરુષ કે સદગુરુનાં ચરણ સેવ્યાં હોય તો, સત્ય, પ્રેમ અને કરુણા ની ફસલ પણ પાકે છે. રામ એટલે સત્ય, કૃષ્ણ એટલે પ્રેમ અને કરુણા એટલે શંકરનું શુદ્ધ સ્વરૂપ છે, અને આ ભાવ ત્રીવેણી સાધકના જીવનને સદા પવિત્ર રાખે છે. મૈત્રી વગર પ્રિતી થઈ શકે નહીં! અને રામચરિત માનસમાં વાનર રાજ સુગ્રીવ ભગવાન રામ સાથે મૈત્રી ભાવે જોડાયેલ છે! અને પરિણામ આપણે જાણીએ છીએ કે રાવણ કુળનો નાશ થાય છે. એ જ રીતે શ્રીકૃષ્ણ અને અર્જુન પણ સખા ભાવે જોડાયેલ છે, અને આપણે જાણીએ છીએ કે અર્જુન ગમે તેટલો મોટો ધનુર્ધર કેમ ન્હોય! કુરુક્ષેત્રનું યુદ્ધ શ્રીકૃષ્ણ વગર જીતવું શક્ય જ નહોતું! સુદામા અને કૃષ્ણ વચ્ચે પણ મૈત્રી હતી, અને એનું દારિદ્રય દૂર થયું. આખું જીવન પુરું થાય તોય શાંતિ મળતી નથી, એનું કારણ આ ગુપ્ત ભાવની ગેરહાજરી તો છે જ, પરંતુ બીજું કારણ ભીતરમાં સંઘરવા જોઈએ નહીં એવાં બીજાં કેટલાંય ભાવ નો ભરાવો છે! જેમ વસ્તુનો અપરિગ્રહ જરુરી છે, એમ ઈર્ષા, નિંદા, ક્રોધ,લોભ લાલચ, રાગ દ્વેષ, હિંસા, વેર,બદલો, આગ્રહ નિગ્રહ અને દુરાગ્રહ કે પૂર્વ ગ્રહ આવાં નકામાં ભાવ આપણી શાશ્વત શાંતિને ડહોળી નાખે છે, અને જીવન જાણે ચૂલે ચડ્યું હોય એમ સતત તપતું રહે છે! જે આપણને તો દઝાડે જ છે, પણ નજીકનાં ને પણ દાઝવાનો ભય રહે છે એટલે કે ઉતારી પાડવું કે અત્યાચાર કરીને દાબમાં રાખવા કોશિશ કરવી! અને તેથી કોઈ નજીક આવતું નથી! ભીતરમાં અહિંસા અને કરુણાનો ભાવ વધે નહીં, ત્યાં સુધી શાંતિ અનુભવી શકાતી નથી! તો આ અષાઢ નવરાત્રી એ ભીતરી ધરાને, સદા લીલીછમ્મ રાખતાં સત્ય, પ્રેમ, અને કરુણાની ત્રીવેણી વહેતી રહે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# સોનમ વાંગચુકના સમર્થનમાં સુરત કલેક્ટર કચેરી ખાતે ઉગ્ર વિરોધ

## ઈન્કલાબ જિંદાબાદના નારા, 'અમે જ સરકાર ચૂંટી છે, તો સરકાર જનતાની વાત કેમ નથી સાંભળતી?'



**સુરત, તા.20**

સુરત કલેક્ટર કચેરી ખાતે લદ્દાખના જાણીતા પર્યાવરણવાદી અને શિક્ષણવિદ સોનમ વાંગચુકના સમર્થનમાં તથા દિલ્હીમાં તેમના સાથીઓ પર થયેલા લાઠીચાર્જના વિરોધમાં વિશાળ જનમેદની એકત્રિત થઈ હતી. કલેક્ટર કચેરી પરિસર 'ઈન્કલાબ જિંદાબાદ' અને 'ન્યાય આપો'ના પ્રચંડ નારાઓથી ગાજી ઉઠ્યું હતું. પ્રદર્શનકારીઓએ હાથમાં સોનમ વાંગચુકની તસવીરો અને બેનરો પકડીને પોતાનો ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો.

આ આંદોલનની સૌથી મોટી વિશેષતા એ હતી કે એમાં માત્ર સામાજિક કાર્યકરો જ નહીં, પરંતુ મોટી સંખ્યામાં સ્થાનિક શિક્ષકો, ડૉક્ટરો અને યુવા વિદ્યાર્થીઓ સ્વયંભૂ જોડાયા હતા. લોકોએ લોકશાહી ઢબે ચાલી રહેલા શાંતિપૂર્ણ આંદોલન પર કરાયેલા દમનકારી બળપ્રયોગની આકરા શબ્દોમાં ટીકા કરી હતી.

વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થાનિક નાગરિક વિજય અગ્રવાલે દેશની વર્તમાન સ્થિતિ અને શિક્ષણ વ્યવસ્થા પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, 'માનવીની ત્રણ મૂળભૂત જરૂરિયાતો રોટી, કપડાં અને મકાન છે, જે માત્ર અને માત્ર સારા શિક્ષણથી જ પ્રાપ્ત થઈ શકે છે. શિક્ષણને પ્રાથમિકતા આપ્યા વિના કોઈ પણ દેશ આગળ વધી શકે નહીં. જો રાષ્ટ્રનું શિક્ષણ ઉત્તમ નહીં હોય, તો પ્રગતિ અશક્ય છે.'

તેમણે દેશના 140 કરોડ નાગરિકોને આહ્વાન કર્યું હતું કે શિક્ષણના અધિકાર અને વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોના સમર્થનમાં દરેક નાગરિકે રસ્તા પર આવવું જોઈએ. પ્રદર્શનકારીઓએ શૈક્ષણિક અન્યાય અને દમનકારી નીતિઓનો વિરોધ કરતા કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની ઉગ્ર માગ કરી હતી તથા સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસની અપીલ કરી હતી.

આંદોલનમાં જોડાયેલા ડૉ. વૃંદા ભટ્ટે દિલ્હીની ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે,'એક ડેમોક્રેટિક કન્ટ્રીમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ થવો એ અત્યંત દુઃખદ અને શરમજનક બાબત છે. જે સરકારને દેશના લોકોએ મત આપીને ચૂંટી છે, તે જ સરકાર આજે જનતાનો અવાજ સાંભળવા તૈયાર નથી.'

ડૉક્ટરે પોતાની આપવીતી જણાવતા કહ્યું કે તેઓ પણ અગાઉ ગુજકેટ અને નીટ (NEET) ની અસ્પષ્ટ નીતિઓનો ભોગ બની ચૂક્યા છે. પરીક્ષાના માત્ર 10 દિવસ પહેલાં પણ વિદ્યાર્થીઓને ખબર નહોતી હોતી કે કઈ પરીક્ષા આપવાની છે. વર્ષોથી ચાલતી આ અરાજકતા માટે કોઈ પણ સરકાર પોતાની જવાબદારી સ્વીકારવા તૈયાર નથી, જે સિસ્ટમની સૌથી મોટી નિષ્ફળતા છે.

ડૉ. વૃંદા ભટ્ટે નીટ પેપર લીકની ઘટનાઓ અને જંતર-મંતર પર ચાલી રહેલા આંદોલનનો ઉલ્લેખ કરતા ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યું કે,'જ્યારે કોઈ નાની ઓફિસમાં ચોરી થાય તો પણ CEOએ જવાબ આપવો પડે છે, પરંતુ અહીં આખા દેશમાં પેપર લીક થઈ જાય છે છતાં સરકાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન પણ આપવામાં આવતું નથી.'

તેમણે ઉમેર્યું કે, છેલ્લા કેટલાક સમયમાં 15 જેટલા નિર્દોષ વિદ્યાર્થીઓએ માનસિક તણાવમાં આવીને આત્મહત્યા કરી લીધી છે. આ તમામ મોતો માટે આખરે જવાબદાર કોણ? સોનમ વાંગચુકની તબિયત અંગે સરકારી વલણ પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે જો ખરેખર સરકારને તેની ચિંતા હોત તો અધિકારીઓ તેમને રૂબરૂ મળી શક્યા હોત, પરંતુ હાઈકોર્ટના આદેશોનું પણ ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું છે.

વિરોધ પ્રદર્શનમાં હાજર યુવા વિદ્યાર્થીનીએ પોતાનો આક્રોશ ઠાલવતા સ્પષ્ટ કર્યું હતું કે, 'આ આંદોલન કોઈ રાજકીય પક્ષનું નથી કે કોઈ ચોક્કસ સમુદાયના વિરોધમાં નથી, પરંતુ આ સમગ્ર દેશના યુવાનોના ભવિષ્યનો પ્રશ્ન છે. આજે અન્ય વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે, કાલે અમે આપીશું. જો પેપર લીક થશે અને વિદ્યાર્થીઓના સપના રોળાઈ જશે, તો તેનો જવાબ કોણ આપશે?'

વિદ્યાર્થીઓએ માગ કરી હતી કે તેમને કોઈ મોટા ફેરફારો નથી જોઈતા, માત્ર દરેક ગેરરીતિ અને અન્યાય સામે સરકાર પોતાની જવાબદારી સ્વીકારે. ડોક્ટર બનવાના અને પરિવારનું નામ રોશન કરવાના સ્વપ્ન સાથે રાત-દિવસ મહેનત કરતા યુવાનો જ્યારે નિરાશ થઈને અંતિમ પગલું ભરે છે, ત્યારે આખી સિસ્ટમ પર સવાલો ઊભા થાય છે.

સુરત કલેક્ટર કચેરી ખાતે યોજાયેલા આ પ્રદર્શનમાં એક અનોખો દ્રશ્ય પણ જોવા મળ્યું હતું. સુરતના સ્થાનિક રહીશ પરેશભાઈ મહાલે હાથમાં ભારતીય સંવિધાનની નકલ રાખીને, ફાટેલા કપડાં અને 'કૉક્રોચ જનતા પાર્ટી' (CJP) લખેલું ટીશર્ટ પહેરીને વિરોધ નોંધાવ્યો હતો. તેમની આ અનોખી વિરોધ શૈલીએ સ્થળ પર હાજર તમામ લોકો અને મીડિયાનું ધ્યાન ખેંચ્યું હતું.

પરેશભાઈએ આ ડિજિટલ પાર્ટીના પ્રથમ સભ્યોમાંથી એક તરીકે જોડાઈને વર્તમાન રાજકીય સ્થિતિ અને જનતાની હાલત પર કટાક્ષ કર્યો હતો. વિરોધકર્તાઓએ ચીમકી આપી હતી કે જો સરકાર લદ્દાખના હિતો, સોનમ વાંગચુકની માંગણીઓ અને વિદ્યાર્થીઓના મુદ્દાઓ પર વહેલી તકે સકારાત્મક નિર્ણય નહીં લે, તો આ આંદોલન આગામી દિવસોમાં વધુ ઉગ્ર બનશે.

# સ્પીપા ખાતે સરદાર પટેલ સુશાસન મુખ્યમંત્રી ફેલોશિપ કાર્યક્રમ (૨૦૨૬-૨૭)'ની ત્રીજી બેચના ઈન્ડક્શન અને તાલીમ કાર્યક્રમનો પ્રારંભ

## યુવા વ્યાવસાયિકોની પ્રતિભા અને નિપુણતાને રાજ્યના વિકાસ સાથે સાંકળીને સુશાસનને વધુ મજબૂત બનાવવાનો સરદાર પટેલ સુશાસન મુખ્યમંત્રી ફેલોશિપ કાર્યક્રમનો ઉદ્દેશ્ય




**ગાંધીનગર, તા.20**

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા(SPIPA), અમદાવાદ ખાતે સંસ્થાના મહાનિદેશકશ્રી હારીત શુક્લાના માર્ગદર્શન હેઠળ 'સરદાર પટેલ સુશાસન મુખ્યમંત્રી ફેલોશિપ કાર્યક્રમ (૨૦૨૬-૨૭)'ની ત્રીજી બેચના ઈન્ડક્શન અને તાલીમ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં ગુજરાત સરકારના ભૂતપૂર્વ મુખ્ય સચિવ પી. કે. લહેરી અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA) ના નાયબ મહાનિર્દેશક ચંદ્રેશ કોટક તથા મુખ્યમંત્રીના ખાસ ફરજ પરના અધિકારી રાકેશ વ્યાસ, વહીવટી સુધારણા અને તાલીમ વિભાગના નાયબ સચિવ ડો. જયશંકર ઓધવાણી તેમજ સંયુક્ત સચિવ અને નોલેજ મેનેજર ઋતા ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સી.એમ. ફેલોને મુખ્યમંત્રી ફેલોશિપ કાર્યક્રમના હેતુઓ અને તેના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ પી. કે. લહેરીએ પોતાના પ્રેરણાદાયી ઉદબોધનમાં સી.એમ.ફેલોને પ્રામાણિકતા, નવીન જનકેન્દ્રિત અભિગમ અને સુશાસનના મૂલ્યોને આત્મસાત કરીને જાહેર જીવનમાં શ્રેષ્ઠ યોગદાન આપવા પ્રેરણા આપી હતી. ઉદઘાટન સત્રની પૂર્ણાહૂતિ બાદ પ્રથમ દિવસના તાલીમ કાર્યક્રમમાં 'Essence of Good Governance (સુશાસનનું સારતત્વ)' વિષય પર પી. કે. લહેરી દ્વારા વિશેષ વ્યાખ્યાન યોજાયું હતું. તેમણે નૈતિક નેતૃત્વ, પારદર્શિતા, જવાબદારી અને અસરકારક જાહેર વહીવટના વિવિધ પાસાઓ અંગે પોતાના સમૃદ્ધ વહીવટી અનુભવના આધારે માર્ગદર્શન પૂરું પાડયું હતું.

વર્ષ ૨૦૨૬-૨૭ના બેચમાં ૧૫ નવા મુખ્યમંત્રી ફેલોઝની પસંદગી કરવામાં આવી છે. જ્યારે અગાઉના બેચના ૮ ફેલોઝ તેમના ચાલુ પ્રોજેક્ટ્સમાં સાતત્ય જળવાઈ રહે તે માટે કાર્યક્રમમાં યથાવત્ રહેશે. આ તમામ ફેલોઝ રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નીતિ સંશોધન, સુશાસન, નવીનતા અને વિકાસલક્ષી પહેલોમાં સક્રિય યોગદાન આપશે.

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA), અમદાવાદ ખાતેના ઈન્ડક્શન કાર્યક્રમ બાદ ફેલોઝ માટે કાર્યક્રમના નોલેજ પાર્ટનર 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ (IIMA) ના સહયોગથી વિશેષ ક્ષમતા નિર્માણ અને નેતૃત્વ વિકાસ તાલીમનું આયોજન કરવામાં આવશે. સરદાર પટેલ સુશાસન મુખ્યમંત્રી ફેલોશિપ કાર્યક્રમ યુવા વ્યાવસાયિકોની પ્રતિભા અને નિપુણતાને રાજ્યના વિકાસ સાથે સાંકળીને સુશાસનને વધુ મજબૂત બનાવવાની ગુજરાત સરકારની એક મહત્વપૂર્ણ પહેલ છે.

# હરિત પહેલ : વિરમગામ ખાતે વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો દ્વારા 500થી વધારે સીડબોલ ફેંકવામાં આવ્યા

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ગુજરાત કલ્યાણ પરિષદ ટ્રસ્ટ દ્વારા વિરમગામ ખાતે કાર્યરત શૈક્ષણિક કેન્દ્રના બાળકોએ સીડબોલ બનાવ્યા

(વંદના નીલકંઠ વાસુકિયા)

વિરમગામ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ગુજરાત કલ્યાણ પરિષદ ટ્રસ્ટ સુરેન્દ્રનગર દ્વારા વિરમગામ ખાતે ચલાવવામાં આવતા વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો માટેના શૈક્ષણિક કેન્દ્રના બાળકો દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે હરિત પહેલ હાથ ભરવામાં આવી છે. નીલકંઠભાઈ વાસુકિયા અને દિલીપભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક કેદ્રના બાળકો દ્વારા 500 થી વધારે સીડબોલ બનાવવામાં આવ્યા હતા. આ સીડબોલ રવિવારે વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોના હાથે જ વૃક્ષ ઉગી શકે તેવી જગ્યાઓ અને રોડની બાજુમાં ફેંકાવવામાં આવ્યા હતા. બાળકોને પર્યાવરણ બચાવવા માટે વૃક્ષોનું મહત્વ સમજાવવામાં આવ્યું અને સીડબોલ કઈ રીતે બનાવવા તેની માહિતી આપવામાં આવી હતી. થોડા



દિવસો પહેલા બાળકો દ્વારા લીંબોળીઓ એકત્રિત કરવામાં આવી હતી અને પછી સીડબોલ બનાવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વરસાદનું પાણી મળતા માટી ઓગળશે અને બીજમાંથી છોડ અંકુરિત થશે. નાના બાળકોમાં છોડમાં રણછોડનો ભાવ જગાવવામાં આવ્યો હતો. ગણતરીની મિનિટોમાં જ બાળકો દ્વારા 500 થી વધારે સીડબોલ ફેંકી હરિયાળુ પર્યાવરણ સર્જવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું અને આ કાર્ય પૂર્ણ થયા બાદ તેમના ચહેરા પર જોવા મળેલો અનેરો આનંદ સૌ માટે પ્રેરણા રૂપ બન્યો છે.

# સુરત સિવિલના રેસિડેન્ટ ડોક્ટરની ગંભીર લાપરવાહી: 108માં આવેલી 16 વર્ષની સગીરાને નોર્મલ કહીને મોકલી, કેસ બારી પર બેભાન થઈ ઢળી પડી

**સુરત, તા.20**

સુરતની નવી સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી છે. હોસ્પિટલના રેસિડેન્ટ ડોક્ટરની ગંભીર લાપરવાહી સામે આવી છે, જ્યાં 108 મારફતે ગંભીર હાલતમાં લવાયેલી એક 16 વર્ષીય સગીરાને યોગ્ય સમયે સારવાર ન મળતા સગીરા કેસ બારી પાસે જ ઢળી પડી હતી. સદનસીબે ત્યાં હાજર સફાઈકર્મીઓની સમયસૂચકતાને કારણે તેને તાત્કાલિક ઈમરજન્સી વોર્ડમાં ખસેડવામાં આવી હતી, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે. હાલ તો આ મામલે સિવિલ તંત્ર દ્વારા ડોક્ટરો અને કડક સૂચના આપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતી 16 વર્ષીય મુસ્કાન રાજપૂત નામની સગીરા છેલ્લા કેટલાક સમયથી તીવ્ર તાવ અને અસહ્ય પેટના દુખાવાથી પીડાતી હતી. આજે સવારે અચાનક તેની તબિયત વધુ લથડતા પરિવાર ચિંતામાં મુકાયો હતો. સગીરાની ગંભીર હાલત જોઈને તેના પિતાએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો અને તેને તાબડતોબ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી.

108 એમ્બ્યુલન્સ મારફતે સગીરાને જ્યારે સિવિલના ઈમરજન્સી ટ્રોમા સેન્ટરમાં લાવવામાં આવી, ત્યારે ત્યાં ફરજ પર હાજર રેસિડેન્ટ ડોક્ટરે પેશન્ટની ગંભીરતા સમજવાને બદલે એમ્બ્યુલન્સમાંથી લગાવેલી સોય (ચેનલ) પણ કાઢી નાખી હતી. એટલું જ નહીં, સગીરાને તાત્કાલિક સારવાર આપવાના બદલે કેસ કઢાવી ઓપીડીના રૂમ નંબર 12માં તપાસ કરાવવા માટે કહીને ત્યાંથી રવાના કરી દીધી હતી.

ડોક્ટરના કહ્યા પ્રમાણે અસહ્ય પીડાથી કણસતી મુસ્કાન તેના પિતા સાથે 108ના કર્મી સિવિલ હોસ્પિટલની કેસ બારી પર પેપર કઢાવવા માટે લાઈનમાં ઊભી



હતી. આ દરમિયાન તબિયત વધુ બગડતા મુસ્કાન અચાનક જ ચક્કર ખાઈને જમીન પર બેભાન થઈને ઢળી પડી હતી. સગીરા બેભાન થતાં જ હોસ્પિટલ પરિસરમાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે, આ સમયે ત્યાં હાજર સફાઈકર્મીઓ દેવદૂત બનીને સામે આવ્યા હતા. તેમણે ક્ષણનો પણ વિલંબ કર્યા વિના બેભાન સગીરાને ઊંચકીને તાત્કાલિક ફરીથી ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરાવી હતી.

આ સમગ્ર મામલે ભારે હોબાળો મચ્યા બાદ જવાબદાર રેસિડેન્ટ ડોક્ટરે પોતાનો લૂલો બચાવ કરતા જણાવ્યું હતું કે, જ્યારે પેશન્ટને લાવવામાં આવ્યું ત્યારે તેની સ્થિતિ નોર્મલ જણાતી હતી, જેથી તેને આગળની તપાસ માટે રૂમ નંબર 12માં મોકલવામાં આવી હતી. જોકે, અહીં મોટો સવાલ એ ઊભો થાય છે કે જો પેશન્ટ નોર્મલ હતું, તો 108માં લાવવું કેમ પડ્યું? અને કેસ બારી સુધી પહોંચતા જ તે કેમ બેભાન થઈ ગઈ? હાલમાં સગીરાને ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરીને સારવાર શરૂ કરાઈ છે, પરંતુ સિવિલના તબીબોની આ પ્રકારની બેદરકારી સામે દર્દીના પરિવારજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ મામલે સુરત સિવિલ હોસ્પિટલના મેડિસિન વિભાગના વડા ડોક્ટર અશ્વિન વસાવાએ જણાવ્યું હતું કે, આજે સવારે લગભગ 9:50 વાગ્યાના સમયે 16 વર્ષની એક કિશોરીને 108 એમ્બ્યુલન્સ મારફતે તાવની સારવાર અર્થે ઈમરજન્સી વિભાગમાં લાવવામાં આવ્યા હતા. ઈમરજન્સી વિભાગમાં દર્દીને જરૂરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ, જ્યારે તેમને જરૂરી ટેસ્ટ કરાવવા માટે OPDમાં મોકલવામાં આવ્યા ત્યારે દર્દી ત્યાં ઢળી પડ્યા હતા. ઘટના બની તે જ સમયે તેમને તાત્કાલિક ફરીથી ઈમરજન્સી વિભાગમાં ટ્રાન્સફર કરીને દાખલ કરવામાં આવ્યા છે. હાલમાં દર્દીની તબિયત સંપૂર્ણપણે સ્થિર છે.

આ પ્રકારની ઘટના ભવિષ્યમાં ફરી ન બને તે માટે મારા તરફથી સંબંધિત ડૉક્ટરોને જરૂરી કડક સૂચનાઓ આપી દેવામાં આવી છે. આ ઉપરાંત, આ બાબતે જવાબદારી નક્કી કરવા માટે ડૉક્ટરને રૂબરૂ બોલાવીને તપાસ પણ કરવામાં આવી છે. સંબંધિત ડૉક્ટરને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે સારવારમાં કોઈપણ પ્રકારની નિષ્કાળજી ન રહેવી જોઈએ અને દર્દીને દાખલ કરવામાં કોઈ પણ વિલંબ ન થવો જોઈએ. જ્યારે પણ કોઈ દર્દી તાત્કાલિક સારવાર વિભાગમાં આવે છે, ત્યારે જરૂરી તપાસ અને ઈમરજન્સી સારવાર આપીને તેમને ત્વરિત દાખલ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવે છે.

# વનની રક્ષા કરતાં શહીદ થયેલા બહાદુર RFO સ્વ. વિકાસ દેસાઈને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા



**ગાંધીનગર, તા.20**

તાપી જિલ્લાના તાપ્તી રેન્જમાં વન સંપત્તિના રક્ષણ માટે ફરજ બજાવતાં, બહાદુરીપૂર્વક લાકડાની ચોરી રોકવા જતાં અકસ્માતમાં શહીદ થયેલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) સ્વ. વિકાસ દેસાઈને રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. વનમંત્રી મોઢવાડિયાએ આ દુઃખદ ઘટનાને વનવિભાગ માટે કદી પૂરી ન શકાય તેવી ક્ષતિ ગણાવી, શહીદના શોકસંતપ્ત પરિજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી, તેમને સાંત્વના પાઠવી હતી. મંત્રીએ જણાવ્યું કે ખેરના કીમતી લાકડાની ચોરી કરીને ભાગી રહેલા તસ્કરોની માહિતી મળતા જ રેન્જ ફોરેસ્ટ ઑફિસર વિકાસ દેસાઈએ ફરજ પ્રત્યેની નિષ્ઠા અને અડગ જવાબદારીભાવ સાથે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. તસ્કરોના વાહનનો પીછો કરતી વખતે થયેલા ગમખ્વાર અકસ્માતમાં તેઓ શહીદ થયા. વન અને પ્રકૃતિના રક્ષણ માટે પોતાના જીવનું બલિદાન આપનાર આવા નીડર અધિકારી સમગ્ર વન પરિવાર માટે હંમેશાં પ્રેરણાસ્રોત બની રહેશે તેમ તેમણે જણાવ્યું હતું. વનમંત્રીએ કહ્યું કે વન વિભાગની કામગીરી માત્ર સરકારી ફરજ નથી, પરંતુ પ્રકૃતિ, પર્યાવરણ અને આવનારી પેઢીના ભવિષ્યના સંરક્ષણનું એક પવિત્ર દાયિત્વ છે. આજે આપણાં વનો, વન્યજીવન અને કુદરતી સંપત્તિ સુરક્ષિત છે, તો તે આવા નિષ્ઠાવાન અને બહાદુર અધિકારીઓના સમર્પણને કારણે જ છે. વનની સંસ્કૃતિ જીવંત રહેશે, તો જ માનવ સંસ્કૃતિનું અસ્તિત્વ ટકી રહેશે. આ મહાન કાર્યમાં સ્વ. વિકાસ દેસાઈનું બલિદાન ક્યારેય ભૂલી શકાય તેમ નથી તેમ તેમણે ઉમેર્યું હતું.

# સુરતમાં બે બાળકોને છોડી મહિલા ભત્રીજા સાથે ફરાર: પ્રેમલગ્ન કરનાર પતિની રડતા-રડતા બે હાથ જોડીને હર્ષ સંઘવીને આજીજી, સંતાનો માટે અપનાવવા તૈયાર

**સુરત, તા.20**

સુરતના નાનપુરા અને રુદરપુરા વિસ્તારમાંથી કૌટુંબિક સંબંધોને લજવતી એક અત્યંત હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેણે સમગ્ર શહેરમાં ભારે ચકચાર જગાવી છે. આ કિસ્સામાં એક મહિલા પોતાના બાર વર્ષ જૂના પ્રેમલગ્ન અને બે માસૂમ બાળકો તેમજ દ્રષ્ટિની ખામી ધરાવતા પતિને છોડીને પોતાના જ કૌટુંબિક ભત્રીજા સાથે ભાગી ગઈ છે. આ ઘટના બાદ લાચાર અને પીડિત પતિ ન્યાય મેળવવા માટે સુરત પોલીસ કમિશનર કચેરીથી લઈને રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી સુધી બે હાથ જોડીને આજીજી કરી રહ્યો છે.

ઘટનાની વિગતો મુજબ, નાનપુરા વિસ્તારમાં રહેતા પંકજના લગ્ન બાર વર્ષ પહેલાં પ્રેમલગ્ન થયા હતા. લગ્ન બાદ આ દંપતી મહીધરપુરા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતું હતું અને શરૂઆતના પાંચ-છ વર્ષ સુધી તેમનો સંસાર ખૂબ જ ખુશહાલ ચાલી રહ્યો હતો. દંપતીને સંતાનમાં એક મોટી દીકરી અને એક નાનો દીકરો છે. પરંતુ બે વર્ષ પહેલાં પરિવારમાં પત્નીના કૌટુંબિક ભત્રીજા શંકરની એન્ટ્રી થતાં આ હસતા-રમતા પરિવાર પર ગ્રહણ લાગી ગયું હતું. શંકરે પંકજ સાથે મિત્રતા કેળવીને ઘરમાં આવવા-જવાનું શરૂ કર્યું અને આ મિત્રતાની આડમાં પંકજની પત્ની સાથે અનૈતિક પ્રેમસંબંધ બાંધી લીધો હતો. જ્યારે આ બાબતની જાણ



પંકજને થઈ ત્યારે તેમણે પત્નીને સમજાવી હતી, જે તે સમયે પત્નીએ ભૂલ સ્વીકારી ભવિષ્યમાં આવું ન કરવાની ખાતરી આપી હતી. પરંતુ તે માત્ર એક દેખાવ હતો અને પંકજ નોકરી પર જાય ત્યારે શંકર ઘરે આવતો હતો.

આ આખો મામલો માત્ર પ્રેમ પ્રકરણ પૂરતો સીમિત નહોતો, પરંતુ તેની પાછળ એક મોટું આર્થિક કાવતરું રચવામાં આવ્યું હતું. ભત્રીજો શંકર મહિલાને ઘરમાંથી પૈસા કઢાવવા માટે સતત ઉશ્કેરતો હતો અને ભાગતી વખતે બાળકોને સાથે ન લાવવા દબાણ કરતો હતો. આ યોજના મુજબ મહિલાએ ઘરમાંથી અવારનવાર ચોરી કરવાનું શરૂ કર્યું હતું. આખરે ગત ત્રેવીસ જૂનના રોજ બપોરના સમયે સાસુ સાથે ખોટો ઝઘડો કરીને ઘરમાં રાખેલા રોકડા રૂપિયા અને સગી દીકરીની સોનાની ચાર જોડી બુટ્ટીઓ ચોરીને મહિલા શંકર સાથે ફરાર થઈ ગઈ હતી. આ કાવતરામાં પત્નીની મોટી મમ્મીની દીકરી સંગીતા અને ચેતન નામના શખ્સની પણ સંડોવણી હોવાનો આક્ષેપ છે, કારણ કે મહિલા ઘર છોડીને પહેલા સંગીતાના ઘરે જ રોકાઈ હતી.

પત્નીના આ વિશ્વાસઘાત બાદ પંકજ પર દુઃખનો મોટો પહાડ તૂટી પડ્યો હતો. આ આઘાતના માત્ર ત્રણ જ દિવસ પછી એટલે કે સત્તાવીસ જૂને પંકજના પિતાનું પણ અવસાન થયું હતું. પારિવારિક કલહ અને સમાજમાં થયેલી ભારે બદનામીના કારણે ભાંગી પડેલા પંકજે આત્મહત્યા કરવાનો પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ આસપાસના લોકોએ સમયસર તેને ઉગારી લીધો હતો. માનસિક રીતે ભાંગી પડેલા પંકજ પાસે હવે પોતાના બે માસૂમ બાળકો માટે જીવવા સિવાય કોઈ રસ્તો બચ્યો નથી.

પોલીસ કાર્યવાહી અંગે વાત કરીએ તો, પીડિત પરિવારે અઠવા પોલીસ સ્ટેશનના અનેક ધક્કા ખાધા હોવા છતાં પોલીસ દ્વારા અત્યંત બેજવાબદાર વલણ દાખવવામાં આવ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જ્યારે પંકજે સોશિયલ મીડિયા પર ફોટો વાયરલ કર્યો ત્યારે પત્ની પોલીસ ચોકી પર હાજર થઈ હતી, તેમ છતાં કોઈ નક્કર પગલાં લેવાયા નહોતા. ત્યારબાદ સુરત પોલીસ કમિશનર કચેરી ખાતે રજૂઆત કરતાં મહિલા અધિકારીએ સીસીટીવી ફૂટેજ તપાસવાના આદેશ આપ્યા હતા, પરંતુ સ્થાનિક પોલીસે તે આદેશની પણ અમલવારી કરી નથી અને પચ્ચીસ દિવસ વીતી જવા છતાં માત્ર આશ્વાસન આપી રહી છે.

શારીરિક રીતે રતાંધળાપણું ધરાવતા પંકજ પરિવારમાં એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને મહિને માંડ અગિયારથી બાર હજાર રૂપિયાની નોકરી કરીને ઘર ચલાવે છે. પત્નીના ગયા પછી બાળકોને સાચવવાવાળું કોઈ ન હોવાથી તેમની સ્થિતિ અત્યંત દયનીય બની છે. આ પરિસ્થિતિમાં તેમણે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીને ગુહાર લગાવી છે કે અઠવા પોલીસને યોગ્ય કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવે અને તેમના પરિવારને બરબાદ કરનાર શંકરને કડકમાં કડક સજા થાય. આટલો મોટો વિશ્વાસઘાત અને ચોરી થયા છતાં, પંકજ આજે પણ પોતાના બાળકોના ભવિષ્ય ખાતર પત્નીને માફ કરીને પાછી અપનાવવા તૈયાર છે, જેથી બાળકોને મા નો પ્રેમ મળી રહે અને ઘર તૂટતું બચી જાય.

# બાવળા તાલુકામાં યોજાયેલી પ્રાકૃતિક ખેતીની તાલીમમાં ખેતી અને પશુપાલનને બચાવવા દેશી ગાય આધારિત ખેતી અપનાવવા આહવાન

**અમદાવાદ, તા.20**

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂત તાલીમ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત દેવડથલ (નવાપુરા) ગામમાં અને નાના રાજવાળા ગામમાં ખેડૂતો માટે તાલીમ વર્ગો યોજાયા હતા. આ પ્રસંગે પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલા તથા ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના કાર્યકર શ્રી ભાવિકભાઈ મિસ્ત્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન શ્રી કાશીરામભાઈ વાઘેલાએ પોતાના પ્રાકૃતિક ખેતીના બહોળા અનુભવો રજૂ કરી ખેતીમાં ગાયના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત ખેતીપ્રધાન દેશ છે અને પશુપાલન એ આપણો મુખ્ય પૂરક વ્યવસાય છે. પરંતુ હાલના સમયે મજૂરોની અછતને કારણે ખેડૂતો નિંદામણનાશક અને ભયંકર રાસાયણિક દવાઓનો ઉપયોગ કરવા લાગ્યા છે. શેઢા-પાળા પર ઉપયોગમાં લેવાતા આવા રસાયણોને લીધે ઘાસચારાની તંગી સર્જાઈ છે, જેના પરિણામે



ખેતમજૂરો પશુપાલન છોડીને ફેક્ટરીઓમાં રોજગારી મેળવવા તરફ વળ્યા છે. આમ, ખેતપદ્ધતિમાં રસાયણોના અતિશય વપરાશથી ઉત્પાદન ખર્ચ વધી રહ્યો છે અને ખેડૂતોની આવક નહિવત થઈ રહી છે.

ડાંગરના વાવેતર અંગે મહત્વનું માર્ગદર્શન આપતાં શ્રી કાશરામભાઈએ ઉમેર્યું કે, મોટાભાગના ખેડૂતો માત્ર 'ગુર્જરી ડાંગર'નું જ વાવેતર કરતા હોવાથી પુરવઠો વધી જાય છે અને યોગ્ય ભાવ મળતા નથી. તેથી ખેડૂતોએ જોખમ ઘટાડવા અલગ-અલગ જાતોનું વાવેતર કરવું જોઈએ. દેશી ગાયના મહત્વ વિશે પણ તેમને સમજણ આપી હતી. ખેડૂતોના આર્થિક અને શારીરિક સ્વાસ્થ્ય સુધારવાના હેતુથી તેમણે પોતાના ઘરઆંગણે, વાડામાં કે શેઢા-પાળે કિચન ગાર્ડન બનાવી પ્રાકૃતિક શાકભાજી ઉગાડવા અપીલ કરી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ખેડૂતોને ચોમાસામાં થતા વિવિધ શાકભાજીના બિયારણની કિટ્સનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

# 'રોહિત ભાઈએ રિટાયરમેન્ટ મુદ્દે કંઇ નથી કહ્યું...' કેપ્ટન ગિલના નિવેદન પછી સસ્પેન્સનો અંત

નવી દિલ્હી, તા.20

ભારતીય ક્રિકેટ ટીમના ઓપનર અને પૂર્વ કેપ્ટન રોહિત શર્માના ભવિષ્ય અને નિવૃત્તિને લઈને સોશિયલ મીડિયા અને મીડિયા જગતમાં ચાલી રહેલી તમામ અટકળો પર ભારતીય વન-ડે ટીમના કેપ્ટન શુભમન ગિલે પૂર્ણવિરામ મૂકી દીધું છે. ઇંગ્લેન્ડ સામે લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર રમાયેલી 3rd ODI મેચ બાદ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં શુભમન ગિલે સ્પષ્ટ કર્યું છે કે ડ્રેસિંગ રૂમમાં રોહિત શર્માના સંન્યાસ અંગે કોઈ જ ચર્ચા થઈ નથી.



લોર્ડ્સ વન-ડે મેચ શરૂ થતાં પહેલાં મીડિયા રિપોર્ટ્સમાં એવા દાવા કરવામાં આવી રહ્યા હતા કે ઇંગ્લેન્ડ સામેની આ મેચ રોહિત શર્માની કારકિર્દીની છેલ્લી વન-ડે મેચ હોઈ શકે છે. છેલ્લા કેટલાક સમયથી ફોર્મને લઈને ટીકાઓનો સામનો કરી રહેલા રોહિત શર્માએ આ તમામ અફવાઓનો જવાબ મેદાન પર પોતાના બેટથી આપ્યો હતો. તેમણે ઇંગ્લેન્ડના બોલરોની ધૂલાઈ કરતા 110 બોલમાં 17 ચોગ્ગા અને 5 છગ્ગાની મદદથી 138 રનની વિસ્ફોટક ઈનિંગ રમીને શાનદાર સદી ફટકારી હતી.

મેચ પૂર્ણ થયા બાદ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જ્યારે શુભમન ગિલને રોહિત શર્માના ભવિષ્ય અંગે સવાલ પૂછવામાં આવ્યો, ત્યારે તેમણે કોઈપણ ખચકાટ વિના આ અહેવાલોને ખોટા ગણાવ્યા હતા. ગિલે જણાવ્યું,

'રોહિત ભાઈએ અમને નિવૃત્તિ અંગે એવું કંઈ જ જણાવ્યું નથી. ટીમમાં અમને આ વિષય પર વાત કરવાનો મોકો પણ નથી મળ્યો. મને લાગે છે કે આ બધી વાતો માત્ર મીડિયામાં જ ચાલી રહી છે, ડ્રેસિંગ રૂમમાં કોઈએ પણ આ અંગે વાત કરી નથી.' ગિલે નોન-સ્ટ્રાઈકર એન્ડ પરથી રોહિત શર્માની બેટિંગના વખાણ કરતા ઉમેર્યું કે, 'હું મેદાન પર તેમને ખૂબ નજીકથી જોઈ રહ્યો હતો. 388 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતી વખતે પણ તેઓ એકદમ શાંત હતા. પાવરપ્લે દરમિયાન નવી બોલ સામે મોટા શોટ્સ રમવા સરળ નહોતા, પરંતુ રોહિત ભાઈએ પહેલા પરિસ્થિતિને સમજી અને ત્યારબાદ ખૂબ જ ઓછા સમયમાં 60-70 રન જોડીને રનની ગતિ વધારી દીધી હતી. તેમની આ ઈનિંગ ખરેખર અદ્ભુત હતી.'

બીજી તરફ, BCCIના સેક્રેટરી દેવજીત સૈકિયાએ પણ અગાઉ જ આ અફવાઓ પર સ્પષ્ટતા કરી દીધી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'આ વાતોમાં કોઈ સત્ય નથી. રોહિત શર્મા ભારતીય વન-ડે ટીમનો નિયમિત સભ્ય છે અને જ્યાં સુધી તે પસંદગીકારોની યોજનાઓનો હિસ્સો રહેશે, ત્યાં સુધી દેશ માટે રમતો રહેશે. લોર્ડ્સ વન-ડે મેચ તેમની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ નહોતી.'

આ મુકાબલામાં ભારત 388 રનના ટાર્ગેટનો પીછો કરતા 27 રનથી મેચ હારી ગયું હતું અને ઇંગ્લેન્ડે 3 મેચોની સીરિઝ 2-1થી જીતી લીધી હતી. જોકે ભારતીય ટીમની હાર છતાં, લોર્ડ્સના મેદાન પર હિટમેનની ધમાકેદાર વાપસી અને કેપ્ટન શુભમન ગિલનું આ નિવેદન ચર્ચાનો વિષય બન્યું છે.

# લંડનમાં હાર છતાં રોહિત શર્માએ રચ્યો ઈતિહાસ, ઇંગ્લેન્ડની ધરતી પર તોડ્યો પોતાનો જ 8 વર્ષ જૂનો રેકોર્ડ!

નવી દિલ્હી, તા.20

ઇંગ્લેન્ડ સામે લંડનના લોર્ડ્સ મેદાન પર રમાયેલી 3rd ODI મેચમાં ભલે ભારતીય ટીમને 27 રનથી હારનો સામનો કરવો પડ્યો હોય અને ટીમે T20 બાદ વન-ડે સીરિઝ પણ 1-2થી ગુમાવી દીધી હોય, પરંતુ આ મેચમાં પૂર્વ કેપ્ટન રોહિત શર્માએ એક અદભુત ઈનિંગ રમીને ઇંગ્લેન્ડની ધરતી પર નવો ઈતિહાસ રચી દીધો છે. રોહિત શર્માએ મેદાન પર ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કરતા 138 રનની લાજવાબ ઈનિંગ રમી હતી, જેની સાથે તેણે પોતાનો જ 8 વર્ષ જૂનો એક મોટો રેકોર્ડ ધ્વસ્ત કરી નાખ્યો છે. રોહિત શર્મા આ શાનદાર શતકીય ઈનિંગ સાથે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની વન-ડે સીરિઝમાં ઇંગ્લેન્ડની ધરતી પર સૌથી મોટી ઈનિંગ રમનાર બેટ્સમેન બની ગયો છે. આ મામલે તેણે વર્ષ 2017માં નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ મેદાન પર ઇંગ્લેન્ડ સામે રમેલી અણનમ 137 રનની ઈનિંગનો પોતાનો જ 8 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો છે. સીરિઝની પ્રથમ બે મેચમાં સસ્તામાં આઉટ થવાને કારણે રોહિત શર્માના ફોર્મ અને ભવિષ્યને લઈને ઘણા સવાલો ઉઠી રહ્યા હતા.




જોકે, ત્રીજી વન-ડેમાં હિટમેને પોતાના બેટથી રનનો અંબાર લગાવીને તમામ ટીકાકારોની બોલતી બંધ કરી દીધી હતી. તેમણે 110 બોલની ઈનિંગમાં 17 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા હતા. મેચમાં રોહિત શર્માએ કેપ્ટન શુભમન ગિલ સાથે મળીને ઓપનિંગમાં 147 રનની મજબૂત ભાગીદારી નોંધાવી હતી. ગિલ 77 રન બનાવીને આઉટ થયા બાદ, રોહિતે વિરાટ કોહલી સાથે મળીને મોરચો સંભાળ્યો હતો. આ બંને દિગ્ગજોએ બીજી વિકેટ માટે માત્ર 86 બોલમાં 113 રનની ધમાકેદાર પાર્ટનરશિપ કરીને ભારતને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું હતું. ઇંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતા બેન ડકેટના 141 રન, જેકબ બેથલના 91 રન, જો રૂટના અણનમ 74 રન અને કેપ્ટન જોસ બટલરની 13 બોલમાં 41 રનની તોફાની ઈનિંગ્સની મદદથી 50 ઓવરમાં 3 વિકેટે 387 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં 388 રનના પહાડ જેવા લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમ 50 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 360 રન જ બનાવી શકી હતી. રોહિતના 138 અને શુભમનના 77 રન ઉપરાંત વિરાટ કોહલીએ પણ ફોર્મ બતાવતા 60 બોલમાં 4 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી 74 રનની આક્રમક ઈનિંગ રમી હતી. જોકે, મિડલ ઓર્ડરમાં ઈશાન કિશન (14 રન), શ્રેયસ અય્યર (0), કેએલ રાહુલ (12 રન) અને અક્ષર પટેલ (2 રન) સસ્તામાં આઉટ થઈ જતાં ભારતીય ટીમ લક્ષ્યથી 27 રન દૂર રહી ગઈ હતી.

# 'રોહિત-કોહલીએ ફરી એકવાર સાબિત કરી દીધું...', નિવૃત્તિની અટકળો વચ્ચે BCCIનું નિવેદન

નવી દિલ્હી, તા.20

ઇંગ્લેન્ડ સામે લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર રમાયેલી 3rd ODI મેચમાં ભારતીય ટીમને 27 રનથી હારનો સામનો કરવો પડ્યો છે અને આ સાથે જ ભારતે 3 મેચોની વન-ડે સીરિઝ 2-1થી ગુમાવી દીધી છે. જોકે, ટીમ ઇન્ડિયાની આ હાર છતાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના વાઈસ પ્રેસિડેન્ટ રાજીવ શુક્લાએ ટીમના વરિષ્ઠ અને દિગ્ગજ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલીના પ્રદર્શનની જોરદાર પ્રશંસા કરી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે આ બંને આઈકોન ખેલાડીઓએ ફરી એકવાર પોતાની ક્ષમતા અને



તાકાત સાબિત કરી દીધી છે.

રાજીવ શુક્લાએ મેચ બાદ આપેલા એક નિવેદનમાં જણાવ્યું કે, ઇંગ્લેન્ડની ટીમે અંતિમ ઓવરોમાં ખૂબ જ વધારે રન બનાવી લીધા હતા. ખાસ કરીને છેલ્લી 3 ઓવરમાં ઇંગ્લેન્ડે 60 રન લૂંટી લીધા, જે ભારતીય બોલિંગની મોટી નબળાઈ સાબિત થઈ અને તેના કારણે ઇંગ્લેન્ડ 387/3નો વિશાળ સ્કોર ઊભો કરી શક્યું.

જોકે આ મુશ્કેલ લક્ષ્યાંક સામે ભારતીય બેટ્સમેનોએ જે રીતે લડત આપી, તેનાથી રાજીવ શુક્લા ખૂબ પ્રભાવિત દેખાયા હતા. આ વિશે તેમણે કહ્યું, 'આપણા બેટ્સમેનોએ શાનદાર પ્રદર્શન કર્યું, ખાસ કરીને આપણા અનુભવી આઈકોન્સ વિરાટ કોહલી અને રોહિત શર્માએ. તેમણે ફરી એકવાર સાબિત કરી દીધું કે તેઓ અત્યંત મજબૂત બેટ્સમેન છે અને તેમનામાં હજુ પણ મેચ પલટાવવાની પૂરેપૂરી તાકાત છે.' મેચ દરમિયાન રોહિત શર્માએ ટીકાકારોને જડબાતોડ જવાબ આપતા 110 બોલમાં 138 રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી, જે તેમની વન-ડે કારકિર્દીની 34મી સદી હતી. આ સાથે જ તેઓ લોર્ડ્સના મેદાન પર વન-ડે સદી ફટકારનારા પ્રથમ ભારતીય ઓપનર પણ બન્યા છે.

# ત્રીજી વનડે બાદ કેપ્ટન ગિલે કોના પર ફોડ્યું હારનું ઠીકરું? કહ્યું- છેલ્લી 3 ઓવરમાં કરી આ ભૂલ

નવી દિલ્હી, તા.20

ઇંગ્લેન્ડ સામે લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી 3rd ODI મેચમાં ભારતીય ટીમને 27 રનથી પરાજયનો સામનો કરવો પડ્યો છે. ઇંગ્લેન્ડ તરફથી મળેલા 388 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમ 50 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 360 રન જ બનાવી શકી હતી. આ હાર સાથે જ ભારતે T20 બાદ 3 મેચોની વન-ડે સીરિઝ પણ 1-2થી ગુમાવી દીધી છે. મેચ બાદ ભારતીય કેપ્ટન શુભમન ગિલે ટીમની હાર માટે સ્પષ્ટપણે બોલરોના ખરાબ પ્રદર્શનને જવાબદાર ઠેરવ્યું છે.

પોસ્ટ મેચ પ્રેઝન્ટેશનમાં કેપ્ટન શુભમન ગિલે સ્વીકાર્યું કે અંતિમ ઓવરોમાં બોલરોએ લુટાવેલા રન ટીમને ભારે પડ્યા હતા. શુભમન ગિલે જણાવ્યું, 'મને લાગે છે કે 45મી ઓવર સુધી અમે મેચમાં મજબૂત સ્થિતિમાં બનેલા હતા. પરંતુ અમે છેલ્લી 3 ઓવરોમાં ખૂબ જ વધારે રન આપી દીધા. અમે આ ઓવરોમાં લગભગ 60 રન લુટાવ્યા અને ત્યાંથી જ મેચ અમારા હાથમાંથી સરકી ગઈ.'

ભારતીય કેપ્ટન શુભમન ગિલે રન ચેઝની રણનીતિ અંગે ખુલાસો કરતા કહ્યું કે, 'હા, ચોક્કસપણે અમે વિચાર્યું હતું કે જો 40 ઓવર પછી અમારી પાસે વિકેટો બચી રહેશે, તો અમે મેચ જીતી શકીશું. જોકે, અમે રન રેટમાં પાછળ પણ રહેવા નહોતા માંગતા. આ જ કારણે પાવરપ્લે પછી અમે રન બનાવવાની ગતિ વધારી અને રન રેટને 6 કે 6.5ની આસપાસ જાળવી રાખ્યો. જો અમે 6 કે



6.5ની એવરેજથી રમીને અંતિમ 10 ઓવરમાં 100-110 રન બનાવ્યા હોત, તો પરિણામ કંઈપણ હોઈ શકતું હતું.'

શુભમન ગિલના મતે આ સીરિઝમાં બોલરોનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું છે. તેણે ઉમેર્યું, 'આ સીરિઝમાં લગભગ તમામ બેટ્સમેનોએ રન બનાવ્યા છે. પરંતુ આ મેચમાં અમે સારી બોલિંગ ન કરી, ખાસ કરીને પાવરપ્લેમાં. પાવરપ્લે દરમિયાન અમે ઘણા ખરાબ બોલ ફેંક્યા, જેનો ફાયદો ઉઠાવીને ઇંગ્લેન્ડના બંને ઓપનર્સે શાનદાર બેટિંગ કરી અને અમને મેચમાં વાપસી કરવાની કોઈ તક જ ન આપી. ત્યારબાદ ડેથ ઓવર્સમાં પણ તેઓ અમારાથી ઘણું આગળ નીકળી ગયા.'

મેચમાં રોહિત શર્માના 138 રન અને વિરાટ કોહલીના 74 રનની ઈનિંગ્સ અંગે વાત કરતા શુભમન ગિલે કહ્યું, 'રોહિત અને વિરાટે છેલ્લા કેટલાક વર્ષોમાં દુનિયાના અલગ-અલગ દેશોમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. રોહિત ભાઈએ આ મુકાબલામાં જે રીતે બેટિંગ કરી તેનાથી હું ઘણો ખુશ છું. અંતમાં વિકેટ થોડી ધીમી થઈ ગઈ હતી અને રન બનાવવા સરળ નહોતા, છતાં તેમણે જે અદભુત ઈનિંગ રમી તે જોવાની ખૂબ મજા આવી.'

મેચમાં ઇંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતા બેન ડકેટના 141 રન, જેકબ બેથલના 91 રન અને જો રૂટની 48 બોલમાં અણનમ 74 રનની વિસ્ફોટક ઈનિંગની મદદથી 50 ઓવરમાં 3 વિકેટે 387 રન બનાવ્યા હતા. જવાબમાં ભારત તરફથી રોહિત શર્માએ 138 રન, શુભમન ગિલે 77 રન અને વિરાટ કોહલીએ 74 રનની લડાયક ઈનિંગ્સ રમી હોવા છતાં મિડલ ઓર્ડરના ધબડકાને કારણે ટીમ ઇન્ડિયા લક્ષ્યથી 27 રન દૂર રહી ગઈ હતી.

# ભારતીય દર્શકોમાં હોલીવુડની કલાત્મકતાનાં કામણ:"ધ ઓડિસી"

મુંબઈ, તા.20

"ઓપેનહાઈમર" જેવી બ્લોકબસ્ટર ફિલ્મો આપનારા પ્રખ્યાત દિગ્દર્શક ક્રિસ્ટોફર નોલાન દ્વારા દિગ્દર્શિત ફિલ્મ "ધ ઓડિસી" આખરે ભારતનાં થિયેટરોમાં રિલીઝ થઈ ગઈ છે અને તેને અપેક્ષિત પ્રતિસાદ પણ મળી રહ્યો છે. હોમરના કાલાતીત ગ્રીક મહાકાવ્ય પર આધારિત, આ ફિલ્મ વર્ષની સૌથી અપેક્ષિત ફિલ્મોમાંની એક રહી છે, જેમાં સ્ટાર-સ્ટડેડ કાસ્ટ, વિશાળ સ્કેલ અને સિનેમાની સીમાઓને આગળ વધારવા માટે નોલાનની પ્રતિષ્ઠા છે. "ધ ઓડિસી"ની ટિકિટો ઊંચા દામે વેચાઈ રહી છે. નિર્માતાઓએ તાજેતરમાં ફિલ્મ વિવેચકો અને ઉદ્યોગના વ્યક્તિઓ માટે "ધ ઓડિસી" નું ખાસ સ્ક્રીનિંગ યોજ્યું હતું. જેને પગલે સોશિયલ મિડીયામાં તેને સારો આવકાર સાંપડી રહ્યો છે. ઘણા દર્શકોએ ક્રિસ્ટોફર નોલાનની ઓસ્કાર-સ્તરની વાર્તા કહેવાની, તેમજ



ફિલ્મના સ્કેલ, ભાવનાત્મક ઊંડાણ અને તકનીકી પાસાઓની પ્રશંસા કરી છે. તે ક્રિસ્ટોફર નોલાનની 'ટેન કમાન્ડમેન્ટ્સ' જેવી છે, જેનો અવકાશ અને સ્કેલ ઘણો મોટો છે, છતાં તે વાર્તાની આત્મીયતા જાળવી રાખે છે. તે એક મહાન પૌરાણિક કથા પર એક પાયાનું, છતાં વિશ્વાસુ સંશોધનવાદી દૃષ્ટિકોણ છે.

"ક્રિસ્ટોફર નોલાનનું "ધ ઓડિસી" નું રૂપાંતર અત્યાર સુધીની સૌથી શાનદાર ફિલ્મોમાંની એક છે, જેમાં કેટલાક ખરેખર અદભુત દ્રશ્યો શૂટ કરવામાં આવ્યા છે. નોલાનના ધોરણો પ્રમાણે પણ, આ એક સ્મારક સિદ્ધિ છે. નવા IMAX કેમેરાનો ઉપયોગ કરીને શક્ય તેટલા દ્રશ્યને કેમેરામાં કેદ કરવાનો તેમનો પ્રયાસ એક નોંધપાત્ર તકનીકી સિદ્ધિ છે. આ વાર્તા એક માણસની ઘરે પરત ફરવાની યાત્રા, નેતૃત્વની જવાબદારી અને તેના પરિણામો અને મનુષ્યો અને દેવતાઓ વચ્ચેના ક્યારેય ન સમાપ્ત થતા સંઘર્ષ વિશે છે. મેટ ડેમનની શક્તિશાળી સ્ક્રીન હાજરી અને ઓડિસીયસના આત્માની ઝલક આ વિશાળ અને મુશ્કેલ ભૂમિકાને જીવંત બનાવે છે. એન હેથવે અટલ પેનેલોપ જેટલું જ શક્તિશાળી અને ભાવનાત્મક પ્રદર્શન આપે છે. અને ટોમ હોલેન્ડ દ્વારા ટેલિમાક્સ તરીકે મોટા થવાની પ્રક્રિયાનું ચિત્રણ, એક મુખ્ય અભિનેતા તરીકેની તેમની કારકિર્દીમાં એક નવા રોમાંચક તબક્કાની શરૂઆત દર્શાવે છે.

ભારતીય દર્શકો પણ ફિલ્મના મૂળ સંસ્કરણને થિયેટરોમાં જોઈ શકશે, જે વિશ્વભરમાં રિલીઝ થઈ રહી છે. ભારતમાં રિલીઝ થયેલી ઘણી હોલીવુડ ફિલ્મો સામાન્ય રીતે સેન્સર બોર્ડની સેન્સરશીપનો સામનો કરે છે, જેમ કે તાજેતરની હોરર-થ્રિલર "ઓબ્સેશન" સાથે થયું હતું. જોકે, નોલાનની ફિલ્મને કોઈપણ ફેરફાર વિના મંજૂરી મળવી એ સિનેમા પ્રેમીઓ માટે મહત્વપૂર્ણ સમાચાર છે. સેકનિલ્કના મતે, "ધ ઓડિસી" એ ભારતીય બોક્સ ઓફિસ પર મજબૂત શરૂઆતનો દિવસ રહ્યો હતો, તેના પહેલા દિવસે (17 જુલાઈએ) 17.40 કરોડ કલેક્શન કર્યા હતા. ભારતીય દર્શકો "ધ ઓડિસી" માટે નોંધપાત્ર ઉત્સાહ અનુભવી રહ્યા છે.

"ધ ઓડિસી" ની વાર્તા ગ્રીક કવિ હોમરના મહાકાવ્ય પર આધારિત છે. ક્રિસ્ટોફર નોલાને તેને પોતાની અનોખી શૈલીમાં રજૂ કરી છે. વાર્તામાં, ટ્રોજન યુદ્ધ જીત્યા પછી, ઈથાકાના રાજા ઓડિસીયસ પોતાના વતન પાછા ફરવા માંગે છે. તેમની ઘરે જવાની યાત્રા ઘણા રોમાંચક વળાંક લે છે. તે ૧૦ વર્ષ પછી પોતાના રાજ્યમાં પાછો ફરે છે, છતાં ફિલ્મની વાર્તામાં અનેક વળાંકો આવતા રહે છે. ફિલ્મમાં મેટ ડેમનના ઓડીસીયસના ચિત્રણની ખાસ પ્રશંસા કરવામાં આવી રહી છે. રોબર્ટ પેટિન્સન, એન હેથવે અને ઝેન્ડાયાએ પણ તેમના અભિનયથી દર્શકોને પ્રભાવિત કર્યા છે. બીજી બાજુ, ટોમ હોલેન્ડના અભિનયને મિશ્ર પ્રતિસાદ મળ્યો છે.

# શિક્ષકોનું માનવું હતું કે મારે IAS કે IFS બનવું જોઈએ : અર્ચના પૂરન સિંહ

મુંબઈ, તા.20

અભિનેત્રી અર્ચના પૂરન સિંહ છેલ્લા કેટલાક સમયથી પોતાના રિયાલિટી શોના કારણે અને યુટ્યુબના કારણે ઘરઘરમાં જાણીતી છે, હવે તે ફરી એક્ટિંગમાં કમબૅક કરે છે, જે સિરીઝમાં એક સ્કૂલની સ્ટોરી છે, ત્યારે તેમણે પોતાનાં શાળાજીવનની યાદો તાજી કરતાં જણાવ્યું કે તેમનાં શિક્ષકોને વિશ્વાસ હતો કે તે ભવિષ્યમાં આઈએએસ અથવા આઈએફએસ અધિકારી બનશે. જોકે, જ્યારે તેમણે અભિનય ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનો નિર્ણય લીધો ત્યારે તેમનાં શિક્ષકો નિ:રાશ થયાં હતાં. પ્રાઈમ વિડિયોની નવી ઓરિજિનલ વેબ સિરીઝ 'આદર્શ બાલ વિદ્યાલય'ના પ્રીમિયર પહેલાં અર્ચનાએ જણાવ્યું કે તેઓ અભ્યાસમાં હંમેશાં પ્રથમ ક્રમે રહેતાં હતાં અને શિક્ષકોના સૌથી પ્રિય વિદ્યાર્થીઓમાં સામેલ હતાં.



અર્ચનાએ કહ્યું, "હું હંમેશાં વર્ગમાં પ્રથમ આવતી હતી અને શિક્ષકોની ફેવરિટ હતી. તેઓ સતત કહેતા કે મારે આઈએએસ કે આઈએફએસ બનવું જોઈએ. તે સમયે જો કોઈ વિદ્યાર્થી અભ્યાસમાં સારો હોય તો લોકો માની લેતા કે તે સિવિલ સર્વિસમાં જ જશે. મારા શિક્ષકોને પણ મારા માટે એવી જ અપેક્ષા હતી.તેમણે વધુમાં જણાવ્યું, "જ્યારે મેં તેમને કહ્યું કે હું અભિનેત્રી બનવા માંગું છું અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જઈ રહી છું, ત્યારે તેઓ ખરેખર નિ:રાશ થયાં હતાં. તેમને સમજાતું જ નહોતું કે હું એટલું ઉજ્જવળ ભવિષ્ય છોડીને અભિનય કેમ પસંદ કરી રહી છું. એક રીતે હું તેમની સૌથી પ્રિય વિદ્યાર્થી પણ હતી અને સૌથી મોટી નિ:રાશા પણ."

'આદર્શ બાલ વિદ્યાલય' એક કોમેડી-ડ્રામા સિરીઝ છે, જે આશા, સંઘર્ષ અને સામૂહિક પ્રયાસોની કહાની રજૂ કરે છે. મર્યાદિત સંસાધનો અને અનેક પડકારો વચ્ચે એક પ્રિન્સિપલ કેવી રીતે શાળાને બદલવાનો પ્રયાસ કરે છે, તે આ સિરીઝનો મુખ્ય વિષય છે. સિરીઝમાં કે કે મેનન મુખ્ય ભૂમિકામાં છે. તેમની સાથે અર્ચના પૂરન સિંહ, અભિમન્યુ સિંહ, નવીન કસ્તુરિયા, પ્રસન્ન બિષ્ત, દેવેન ભોજાણી, અજિતેશ ગુપ્તા, અન્નપૂર્ણા સોની અને પ્રાચી શાહ મહત્વના રોલમાં જોવા મળશે.'આદર્શ બાલ વિદ્યાલય'નું પ્રીમિયર 24 જુલાઈના રોજ પ્રાઈમ વિડિયો પર હિન્દી ભાષામાં તથા અંગ્રેજી સબટાઈટલ્સ સાથે ભારત સહિત વિશ્વના 240થી વધુ દેશો અને પ્રદેશોમાં થશે.

# મેરે નૈનાં સાવન ભાદોં... પ્રેમીઓનાં હૈયાંમાં જીવતા ગીતની ભીતરી કહાણી

મુંબઈ, તા.20

મેરે નૈનાં સાવન ભાદોં, ફિર ભી મેરા મન પ્યાસા... મહેબૂબા ફિલ્મનું આ ગીત આજે પણ એટલું જ પ્રચલિત છે. તેને સાંભળીને આજે ભલભલા ઝૂમી ઉઠતા હોય છે. ૫૦ વર્ષ જૂનું ગીત આજે પણ પ્રેમીઓના હૃદયમાં જીવંત છે. દરેક રોમેન્ટિક પ્રેમી પોતાનો પ્રેમ વ્યક્ત કરવા માટે તેને ઘણી વખત ગાતો જોવા મળે છે. એની ધૂન., એના શબ્દો અને એનો અવાજ અવિસ્મરણીય છે. ફિર ભી મેરા મન પ્યાસા...જિંદગીમાં બધું મળતું હોય છતાં માનવીનું મન તરસ્યું જ રહેતું હોય એવા જિંદગીના સાચા મર્મને રજૂ કરતા આ શબ્દો અને આ ગીતની પાછળની કહાણી રસપ્રદ છે. મોટેભાગે કોઈ પણ યાદગાર ગીત જેમ તેમ લખાતું નથી, તેની પાછળ હંમેશા કોઇ ને કોઇ કહાણી છૂપાયેલી હોય છે. ૧૯૭૬માં રિલીઝ થયેલી ફિલ્મ 'મહેબૂબા'નું ગીત "મેરે નૈના સાવન ભાદોં" ભારતીય સિનેમાના ઈતિહાસનું એક સીમાચિહ્નરૂપ ગીત છે. આર.ડી. બર્મન (પંચમદા)નું સંગીત, આનંદ બક્ષીના ગીત અને કિશોર કુમાર તેમજ લતા મંગેશકરના અવાજે આ ગીતને અમર બનાવી દીધું છે.

"મહેબૂબા" ફિલ્મ માટે તેના અભિનેતા રાજેશ ખન્નાના આગ્રહથી કિશોર કુમારે "મેરે નૈનાં સાવન ભાદોં" ગીત ગાયું, જો કે ફિલ્મના દિગ્દર્શક શક્તિ સામંતની ઈચ્છા આ ગીત મહંમદ રફી સાહેબ પાસે ગવડાવવાની હતી. પરંતુ કિશોર કુમારે તેને ગાયું. તેના રેકોર્ડિંગ વખતે કિશોર કુમારની નબળી ગાયકી સાંભળીને દિગ્દર્શક શકિત સામંત નારાજ થઈને સ્ટુડિયોમાંથી જતા રહ્યા હતા. ભાગી ગયા પછી, આ આરડી બર્મને આ ગીત માટે રચેલી નોટેશન અદ્ભુત હતી. ફિલ્મના નિર્માતા-દિગ્દર્શક શક્તિ સામંતનો મત હતો કે આ રચના રફી સાહેબ માટે છે. ગીત લખનારા આનંદ બક્ષી આ બાબતે પણ સંમત થયા હતા. જો કે ફિલ્મના મુખ્ય અભિનેતા રાજેશ ખન્ના પોતાનાં ગીતો કિશોરકુમાર પાસે ગવડાવવામાં આવે એવો આગ્રહ રાખતા હતા. રાજેશ ખન્ના સાથે કિશોરકુમારનો અવાજ બરાબર મેચ પણ થતો હતો.

આરડીની ઉપરોક્ત ધૂન માટે શક્તિ સામંતની ટીમ દ્વારા રાજેશ ખન્નાને સમજાવવામાં આવ્યું કે રફી સાહેબે તેમના માટે ઘણાં હિટ ગીતો ગાયાં છે, તેથી તેમની પાસે



આ ગીત પણ ગવડાવવું જોઈએ. પરંતુ રાજેશ ખન્નાએ ના પાડી હતી. એ વખતે રાજેશ ખન્નાનો સિતારો ચમકતો હતો. તેઓ તો કિશોર કુમારના ઘરે આ ગીત માટે પોતાની વિનંતી સાથે પહોંચી ગયા. તેમણે કિશોરદાને કહ્યું, "દાદા, તમારે આ ગીત ગાવાનું છે." જ્યારે કિશોર કુમારને ખબર પડી કે રફી સાહેબ મૂળ ગીત ગાવાના હતા, ત્યારે તેમણે તેને તૈયાર કરવા માટે એક મહિનાનો સમય માગ્યો. કિશોરકુમાર આમ કરીને સમય વીતાવવા માગતા હતા, પણ રાજેશ ખન્નાએ તો જો કિશોર કુમાર આ ગીત નહીં ગાય તો શક્તિ સામંતની ફિલ્મ છોડી દેવાની ધમકી આપી હતી. રાજેશ ખન્નાએ શક્તિ સામંતને કહ્યું કે કિશોર કુમાર જ ગીત ગાશે. બાદમાં જ્યારે કિશોર કુમારે એક મહિના પછી આનંદ બક્ષી અને શક્તિ સામંતની હાજરીમાં ગીત ગાયું, ત્યારે તે ખૂબ જ ખરાબ રીતે ગવાયું હોવાનું કાસ તો શક્તિ સામંતને લાગ્યું હતું. એટલે તેઓ નારાજ થઈને, સ્ટુડિયો છોડીને જતા રહ્યા. એટલું જ નહીં પણ તેમણે તો રફી સાહેબને ગીતની તારીખો ગોઠવવા કહ્યું. ૧૫-૨૦ મિનિટ પછી, કિશોર કુમારે પૂછ્યું કે શું શક્તિ સામંત ગયા છે, અને આનંદ બક્ષીએ જવાબ આપ્યો, "હા." કિશોર કુમારે પછી એક જ ટેઈકમાં મેરે નૈનાં સાવન ભાદોં....ગીત ગાયું અને તે અમર થઈ ગયું. દરમિયાન કિશોર કુમારે આર.ડી. બર્મન સામે એક શરત મૂકી. તેમણે કહ્યું કે પહેલા આ ગીત લતા મંગેશકર પાસે રેકોર્ડ કરાવવામાં આવે. કિશોરદા લતાજીનું રેકોર્ડિંગ વારંવાર સાંભળીને ગીતના સૂર અને હાવભાવ પકડવા માગતા હતા. પંચમદાએ એવું જ કર્યું. લતાજીના રેકોર્ડિંગ પછી, કિશોર કુમારે તેને દિવસો સુધી સાંભળ્યું અને પછી પોતાનું વર્ઝન ગાયું - જે આજે પણ લોકોની આંખો ભીની કરી દે છે.

આર.ડી. બર્મન સામાન્ય રીતે તેમના પશ્ચિમી (Western) અને ફાસ્ટ મ્યુઝિક માટે જાણીતા હતા. પરંતુ જ્યારે જ્યારે પણ તેમણે ક્લાસિકલ રાગ આધારિત ગીતો બનાવ્યાં, ત્યારે તેમણે ઈતિહાસ રચી દીધો. "મેરે નૈના સાવન ભાદોં..." ગીત રાગ શિવરંજની પર આધારિત છે. પંચમ દા) એ આ રાગનો ઉપયોગ કરીને વિરહ, પ્રેમ અને પુનર્જન્મની વેદનાને સંગીતમાં અદભુત રીતે વણી લીધી આ ગીતમાં શાસ્ત્રીય રાગની ગંભીરતા અને ગીતના શબ્દોનો તેમણે એ રીતે સહજતાથી અદભુત સમન્વય કર્યો કે તે લોકોના હૃદયમાં વસી ગયું. ફિલ્મમાં આ ગીતનાં બે વર્ઝન છે: મેઈલ વર્ઝન (કિશોર કુમાર), જે રાજેશ ખન્ના પર ફિલ્માવવામાં આવ્યું છે, જે તેમના પાછલા જન્મની યાદો અને વિરહની વેદનાને દર્શાવે છે. બીજું ફીમેઈલ વર્ઝન (લતા મંગેશકર) હેમા માલિની પર ફિલ્માવાયું છે. સંગીત સમીક્ષકો માને છે કે લતાજીનું વર્ઝન ટેકનિકલી અને શાસ્ત્રીય દૃષ્ટિએ એકદમ સચોટ હતું, પરંતુ કિશોર કુમારે ગીતમાં જે દર્દ અને લાગણીઓ રેડી હતી, તેના કારણે તેમનું વર્ઝન વધુ લોકપ્રિય થયું. આ ગીતની સફળતા પાછળ ગીતકાર આનંદ બક્ષીના શબ્દોનો બહુ મોટો ફાળો રહ્યો છે. 'સાવન' અને 'ભાદોં' એ હિન્દુ કેલેન્ડરના ચોમાસાના બે મહિના છે.

# અમેરિકા-ઈરાન તણાવથી બ્રેન્ટ ક્રૂડ 90 ડોલર પાર: એક અઠવાડિયામાં 16% વધ્યો

**નવી દિલ્હી, તા.20**

વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ફરી એકવાર તેજી જોવા મળી રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે બ્રેન્ટ ક્રૂડ ઓઈલ આજે 90 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું છે. તેલના વધતા ભાવે ભારતમાં મોંઘવારી અને એનર્જી શોકના જોખમને વધારી દીધું છે. આનાથી ભારતીય રૂપિયા અને વિદેશી પોર્ટફોલિયો રોકાણ (FPI) ના પ્રવાહ પર અસર થવાની સંભાવના છે. બીજી તરફ, ક્રૂડ ઓઈલ મોંઘું થવાથી ભારતની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) ના રિટેલ ફ્યુઅલ માર્જિન પર ભારે દબાણ આવ્યું છે, જેના કારણે ડીઝલ પર કંપનીઓને પ્રતિ લિટર 20.4 રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.

જોકે, રિફાઈનિંગ માર્જિનમાં ભારે ઉછાળાને કારણે કંપનીઓનો એકંદર નફો હાલ પૂરતો જળવાઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ 2.69 ડોલર (3.05%) વધીને 90.79 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું, જે 11 જૂન પછીનું સૌથી ઊંચું સ્તર છે. છેલ્લા એક સપ્તાહમાં બ્રેન્ટ ક્રૂડમાં 16%નો ઉછાળો આવ્યો છે, જે એપ્રિલ પછીના કોઈપણ એક સપ્તાહની સૌથી મોટી વૃદ્ધિ છે.

હાલમાં બ્રેન્ટ ક્રૂડ 88.43 ડોલર પ્રતિ બેરલ અને અમેરિકી WTI ક્રૂડ 82.40 ડોલર પ્રતિ બેરલ પર કારોબાર કરી રહ્યું હતું. જ્યારે ઈન્ડિયન ક્રૂડ બાસ્કેટ 81 ડોલર પ્રતિ બેરલ પર કારોબાર કરી રહ્યું છે.

જીઓજીત ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી.કે. વિજયકુમારે જણાવ્યું હતું કે, બજાર સામે હાલમાં ટૂંકા ગાળામાં ઘણા પડકારો છે. સૌથી મોટું દબાણ અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે બ્રેન્ટ ક્રૂડનું 90 ડોલર પાર જવું છે. જો આ વલણ ચાલુ રહેશે, તો ભારતમાં એનર્જી શોકનો ખતરો ફરી ઊભો થશે. તેની સીધી નકારાત્મક અસર રૂપિયાની ચાલ અને FPI ફ્લો પર પડી શકે છે. બેંક ઓફ બરોડાએ પણ પોતાના રિપોર્ટમાં ચેતવણી આપી છે કે ક્રૂડ ઓઈલની વધતી કિંમતોથી વૈશ્વિક સ્તરે 'મોંઘવારીની ચિંતાઓ' ફરીથી ઉભરી આવી છે. બેંક ઓફ બરોડાના રિપોર્ટ અનુસાર, ક્લીવલેન્ડ ફેડ અધ્યક્ષના નિવેદન બાદ અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા સપ્ટેમ્બર 2026ની મીટિંગમાં વ્યાજ દરો વધારવાની શક્યતા વધી ગઈ છે. ફેડ રેટ હાઈકની શક્યતા:



સપ્ટેમ્બર 2026ની બેઠકમાં વ્યાજ દરમાં વધારાની શક્યતા 16 જુલાઈ 2026ના 47% થી વધીને હવે 52.4% થઈ ગઈ છે. યુએસ ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન: અમેરિકામાં મે 2026 દરમિયાન ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્શનમાં મહિના-દર-મહિનાના આધારે 0.1% નો નજીવો વધારો નોંધાયો છે.

કરન્સી માર્કેટ પર અસર: અમેરિકા-ઈરાન તણાવ વચ્ચે બ્રિટિશ પાઉન્ડમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો. જ્યારે રૂપિયો અન્ય એશિયન કરન્સીની જેમ નબળો પડ્યો છે. HDFC સિક્યોરિટીઝના પ્રાઈમ રિસર્ચ હેડ દેવર્ષ વકીલે જણાવ્યું કે અમેરિકી બજારોમાં આ અઠવાડિયે ભારે અસ્થિરતા જોવા મળી છે. દેવર્ષ વકીલના મતે, અમેરિકા-ઈરાન સંઘર્ષમાં નવા હુમલાઓ, ટેક સેક્ટરમાં રોટેશન અને મોંઘવારીના આંકડાઓએ મુખ્ય ઈન્ડેક્સને નીચે ખેંચી દીધા, જેના કારણે મિડ-સમરની વૃદ્ધિનો સિલસિલો તૂટી ગયો.

વીકએન્ડ પર અમેરિકા અને ઈરાન વચ્ચે નવા હુમલા થયા છે. ઈરાને કહ્યું છે કે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ સંપૂર્ણપણે સમાપ્ત થઈ ગયો છે, જેના કારણે વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ તેલ માર્ગોમાં સપ્લાય ખોરવાઈ જવાનો ભય વધી ગયો છે. ઈક્વિટી સિક્યોરિટીઝના સાપ્તાહિક રિપોર્ટ અનુસાર, ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળાને કારણે ભારતની સરકારી તેલ માર્કેટિંગ કંપનીઓ- BPCL, HPCL, IOCLનું ફ્યુઅલ રિટેલિંગ માર્જિન ઘણું ઓછું થઈ ગયું છે. પેટ્રોલ માર્જિન: પેટ્રોલનું માર્કેટિંગ માર્જિન અઠવાડિયા-દર-અઠવાડિયે 42.1% ઘટીને 4.5 રૂપિયા પ્રતિ લિટર થઈ ગયું છે. ડીઝલ માર્જિન: ડીઝલનું માર્જિન પણ ઘટ્યું છે. ગયા અઠવાડિયે -15.4 રૂપિયા પ્રતિ લિટરની સરખામણીમાં હવે કંપનીઓને પ્રતિ લિટર -20.4 રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.

રિટેલ માર્જિનમાં નુકસાન છતાં, તેલ કંપનીઓના રિફાઈનિંગ વ્યવસાયમાં જોરદાર સુધારો આવ્યો છે, જેના કારણે કંપનીઓની કુલ ઈન્ટિગ્રેટેડ નફાકારકતા જળવાઈ રહી છે. ગેસોલિન (પેટ્રોલ) ક્રેક સ્પ્રેડ: 15.8% વધીને 27.3 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો, જે 1 વર્ષની સરેરાશ કરતાં 69% વધુ છે.

ગેસઓઈલ (ડીઝલ) ક્રેક સ્પ્રેડ: 12.5% વધીને 65.2 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો, જે 1 વર્ષની સરેરાશ કરતાં 99% વધુ છે. રશિયન નિકાસ પ્રતિબંધ: રશિયા દ્વારા ડીઝલની નિકાસ પર લાદવામાં આવેલા પ્રતિબંધો અને પશ્ચિમ એશિયામાં તણાવને કારણે વૈશ્વિક બજારમાં રિફાઈન્ડ પ્રોડક્ટ્સનો પુરવઠો ઓછો રહ્યો છે. ઈક્વિટી સિક્યોરિટીઝ અનુસાર, જોકે રિટેલ ફ્યુઅલ માર્જિન નબળું પડ્યું હોય, પરંતુ રિફાઈનિંગ અને માર્કેટિંગના 1:1ના સંયુક્ત માર્જિન હજુ પણ ઐતિહાસિક સ્તરોથી ઘણા ઉપર છે.

પેટ્રોલનું ઈન્ટિગ્રેટેડ માર્જિન 4.3% ઘટીને 21.0 રૂપિયા/લિટર અને ડીઝલનું 2.5% ઘટીને 19.1 રૂપિયા/લિટર પર આવી ગયું છે. જોકે, આ 3 મહિનાની સરેરાશ કરતાં અનુક્રમે 58.7% અને 34.6% વધુ છે. નિષ્ણાતોનું માનવું છે કે આગામી 1 થી 2 ક્વાર્ટર સુધી મજબૂત ડીઝલ ક્રેક કંપનીઓની કમાણીને ટેકો આપશે. રિફાઈનરીનો ઉપયોગ વધ્યા પછી અને ઈન્વેન્ટરી ફરીથી બન્યા પછી આ અસાધારણ માર્જિન સામાન્ય થઈ જશે.

# શેરબજારમાં કડાકો અને સોના-ચાંદીની કિંમતોમાં ઉછાળો, અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે ભારતમાં અસર થયું

**નવી દિલ્હી, તા.20**

સપ્તાહના પ્રથમ દિવસે જ વૈશ્વિક શેરબજારોમાં મોટો ફફડાટ જોવા મળ્યો છે. જાપાનથી લઈને કોરિયા સુધીના શેરબજારોમાં ભારે ઘટાડો નોંધાયા બાદ, ભારતીય શેરબજાર પણ ખૂલતાની સાથે જ ક્રેશ થઈ ગયું છે. જોકે, આ આર્થિક તબાહી વચ્ચે સોના અને ચાંદીના રોકાણકારો માટે રાહતના સમાચાર આવ્યા છે. કિંમતી ધાતુઓમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સતત ગિરાવટ પર અચાનક બ્રેક વાગી ગઈ છે અને મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર સોના-ચાંદીના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. આ તેજી છતાં, બંને કિંમતી ધાતુઓ તેમના અત્યાર સુધીના ઓલ-ટાઈમ હાઈ કરતાં હજુ પણ ઘણી સસ્તી મળી રહી છે.

સૌથી પહેલા વાત કરીએ ચાંદીના વાયદા બજારની, તો સોમવારે માર્કેટ ખૂલતાની સાથે જ 4 સપ્ટેમ્બરની એક્સપાયરી વાળી ચાંદીના ભાવમાં મોટો ઉછાળો આવ્યો હતો. શુક્રવારે ચાંદી પ્રતિકિલો 2,16,403 પર બંધ થઈ હતી, જે સોમવારે સીધી 2,20,408 પર પહોંચી ગઈ હતી. આમ, ચાંદીના ભાવમાં એકઝટકે પ્રતિકિલો 4005ની તેજી જોવા મળી છે.



સોમવારે ચાંદીના ભાવમાં ભલે મોટો ઉછાળો આવ્યો હોય, પરંતુ તે પોતાના રેકોર્ડ સ્તરથી હજુ પણ ખૂબ જ સસ્તા ભાવે મળી રહી છે. ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરી મહિનામાં MCX પર ચાંદીનો ભાવ ઈતિહાસમાં પહેલીવાર 4 લાખની સપાટી વટાવીને 4,20,048ના ઐતિહાસિક સ્તરે પહોંચ્યો હતો. આ હાઈ લેવલની સરખામણીએ અત્યારે 1 કિલો ચાંદી 2,03,645 જેટલી સસ્તી મળી રહી છે.

ચાંદીની સાથે સોનાના ભાવમાં પણ સોમવારે સારો ઉછાળો જોવા મળ્યો છે. વાયદા બજારની શરૂઆત થતાં જ 24 કેરેટ સોનાનો ભાવ વધીને પ્રત્યેક 10 ગ્રામના 1,41,649 પર પહોંચી ગયો હતો. આ અગાઉ ગત શુક્રવારે MCX પર સોનું 1,40,906 પર બંધ થયું હતું. આ હિસાબે જોતાં, સોનાના ભાવમાં 10 ગ્રામ દીઠ 743નો વધારો નોંધાયો છે.

એક તરફ સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચી રહ્યા છે, તો બીજી તરફ વૈશ્વિક તણાવને કારણે શેરબજારમાં ભારે તબાહી મચી ગઈ છે. સોમવારે માર્કેટ ખૂલતાની સાથે જ સેન્સેક્સ અને નિફ્ટી પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયા હતા. અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા યુદ્ધના સંકટ, ક્રૂડ ઓઈલના ભાવમાં આવી રહેલા તોતિંગ ઉછાળા અને બેંકિંગ શેરોમાં આવેલા મોટા કડાકાને કારણે શેરબજાર લાલ નિશાનમાં ગરકાવ થઈ ગયું છે. હાલમાં BSE સેન્સેક્સ 600 પોઈન્ટથી વધુ અને NSE નિફ્ટી 150 પોઈન્ટથી વધુના મોટા ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા છે.

# Ai+ની નવી સ્માર્ટફોન સિરીઝ લોન્ચ: ફોન અને મેસેજ આવતા જ ફોન કલર બદલશે

**નવી દિલ્હી, તા.20**

ટેક બ્રાન્ડ Ai+ એ ભારતમાં બે નવા બજેટ-ફ્રેન્ડલી 5G સ્માર્ટફોન 'નોવા 2 પ્રો' અને 'નોવા 2 નીઓ' લોન્ચ કર્યા છે. કંપનીએ બંને હેન્ડસેટ્સને 15 હજાર રૂપિયાની રેન્જમાં રજૂ કર્યા છે. આ સિરીઝમાં સૌથી ખાસ 'નોવા 2 પ્રો' છે, જેના બેક પેનલ પર કસ્ટમાઈઝેબલ LED લાઈટ્સ આપવામાં આવી છે, જે ફોનમાં આવતા કોલ, મેસેજ અને નોટિફિકેશન્સ અનુસાર પોતાનો રંગ બદલે છે.

આ ઉપરાંત, બંને ડિવાઈસમાં હેવી પાવર બેકઅપ માટે 6000mAhની મોટી બેટરી આપવામાં આવી છે. Ai+ એ બંને સ્માર્ટફોનને બે-બે વેરિઅન્ટ્સમાં રજૂ કર્યા છે. 'નોવા 2 નીઓ'ની કિંમત 12,999 રૂપિયાથી શરૂ થાય છે. જ્યારે, 'નોવા 2 પ્રો'ની શરૂઆતની કિંમત 15,999 છે. 'નોવા 2 પ્રો' પર 1000નું બેંક ડિસ્કાઉન્ટ મળશે.

ડિસ્પ્લે: 'નોવા 2 પ્રો'માં 2340x1080 પિક્સેલ રિઝોલ્યુશનવાળી 6.9-ઈંચની ફુલ HD+ સ્ક્રીન આપવામાં આવી છે. આ ડિસ્પ્લે 144Hz રિફ્રેશ રેટ અને 800nitsની પીક બ્રાઈટનેસને સપોર્ટ કરે છે. સ્ક્રીનની સુરક્ષા માટે તેના પર 2.5D ગ્લાસનું લેયર



આપવામાં આવ્યું છે. ફોનની જાડાઈ 8.2mm અને વજન 213 ગ્રામ છે. તેના બેક પેનલ પર કસ્ટમાઈઝેબલ LED લાઈટ્સ લાગેલી છે, જે કોલ કે મેસેજ આવવા પર બ્લિંક કરે છે.

કેમેરા: ફોટોગ્રાફી માટે તેના બેક પેનલ પર ડ્યુઅલ રિયર કેમેરા સેટઅપ છે. તેમાં 48 મેગાપિક્સલનો મેઈન સોની IMX582 સેન્સર છે, જે 8 મેગાપિક્સલ અલ્ટ્રા વાઈડ એંગલ લેન્સ સાથે મળીને કામ કરે છે. સેલ્ફી માટે 13 મેગાપિક્સલનો ફ્રન્ટ કેમેરા છે.

પર્ફોર્મન્સ અને સોફ્ટવેર: ફોન એન્ડ્રોઈડ 16 પર આધારિત નેક્સ્ટ ક્વોન્ટમ OS પર ચાલે છે. તેમાં 6 નેનોમીટર ફેબ્રિકેશન પર બનેલો મીડિયાટેક ડાયમેન્સિટી 7100 ઓક્ટા-કોર પ્રોસેસર આપવામાં આવ્યું છે, જે 2.4 ગીગાહટ્ર્ઝ સુધીની ક્લોક સ્પીડ પર રન કરે છે. ગ્રાફિક્સ માટે માલી-G610 GPU છે. બેટરી અને અન્ય સુવિધાઓ: તેમાં 33W ફાસ્ટ ચાર્જિંગ સપોર્ટ સાથે 6000mAhની બેટરી આપવામાં આવી છે. ફોનમાં સ્ટીરિયો સ્પીકર્સ, 3.5mm હેડફોન જેક, FM રેડિયો અને સાઈડ-માઉન્ટેડ ફિંગરપ્રિન્ટ સેન્સર જેવી સુવિધાઓ છે. પાણી અને ધૂળથી બચાવવા માટે તેને IP65 રેટિંગ મળ્યું છે.

ડિસ્પ્લે: 'નોવા 2 નીઓ 5G'માં 720 x 1600 પિક્સેલ રિઝોલ્યુશનવાળી 6.74-ઈંચની HD+ ડિસ્પ્લે આપવામાં આવી છે, જે 120Hz રિફ્રેશ રેટ અને 600nits બ્રાઈટનેસને સપોર્ટ કરે છે. કેમેરા: ફોટોગ્રાફી માટે તેના રિયર પેનલ પર 48 મેગાપિક્સલના સોની IMX582 લેન્સ સાથે ડ્યુઅલ રિયર કેમેરા સેટઅપ મળે છે, જ્યારે ફ્રન્ટમાં 8 મેગાપિક્સલનો સેલ્ફી કેમેરા લગાવવામાં આવ્યો છે. આ બજેટ ફોનમાં પણ સુરક્ષા માટે IP65નું રેટિંગ આપવામાં આવ્યું છે. પર્ફોર્મન્સ અને સોફ્ટવેર: પર્ફોર્મન્સ માટે 'નોવા 2 નીઓ'માં 6 નેનોમીટરવાળો મીડિયાટેક ડાયમેન્સિટી 6300 ઓક્ટા-કોર પ્રોસેસર અને આર્મ માલી-G57 MC2 જીપીયુ આપવામાં આવ્યું છે. આ ફોન પણ એન્ડ્રોઈડ 16 બેઝ્ડ નેક્સ્ટ ક્વોન્ટમ OS પર કામ કરે છે.

# આજે સોનું ₹756 અને ચાંદી ₹3493 મોંઘી થઈ: 10 ગ્રામ સોનું ₹1.42 લાખ પર અને 1 કિલો ચાંદીની કિંમત ₹2.19 લાખ પહોંચી

**નવી દિલ્હી, તા.20**

આજના દિવસમાં દેશના કિંમતી ધાતુના બજારમાં મજબૂત તેજીનો દોર જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડાઓ અનુસાર, ચાંદી અને સોના બંનેના ભાવમાં સારો એવો ઉછાળો નોંધાયો છે. ચાંદીના ભાવમાં પ્રતિ કિલોએ સાડા ત્રણ હજાર રૂપિયા જેટલો જંગી વધારો થતાં તે બે લાખ અઢાર હજાર નવસો સડસઠ રૂપિયાની નવી ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે, જે અગાઉના કારોબારી દિવસે એટલે કે શુક્રવારે બે લાખ પંદર હજાર ચારસો ચોત્તેર રૂપિયાના સ્તરે બંધ રહી હતી.

આ જ રીતે સોનાના ભાવમાં પણ ચમક જોવા મળી છે. ચોવીસ કેરેટ સોનાનો દસ ગ્રામનો ભાવ સાતસો છપ્પન રૂપિયા વધીને એક લાખ એકતાલીસ હજાર નવસો પંદર રૂપિયાની સપાટીએ પહોંચી ગયો છે, જે સત્તર જુલાઈના રોજ એક લાખ એકતાલીસ હજાર એકસો એકાવન રૂપિયા પર સ્થિર થયો હતો. સમગ્ર ચાલુ મહિનાની પરિસ્થિતિ પર નજર કરીએ તો સોનાના ભાવમાં દસ ગ્રામે બસો છ્યાસી રૂપિયાનો નજીવો વધારો થયો છે, જ્યારે તેનાથી વિપરીત ચાંદીના ભાવમાં પ્રતિ કિલોએ છ હજાર ચારસો ત્રેસઠ રૂપિયાનો



નોંધપાત્ર ઘટાડો પણ જોવા મળ્યો છે. ચાલુ મહિનાની પહેલી તારીખે સોનું પ્રતિ દસ ગ્રામ એક લાખ એકતાલીસ હજાર છસો બત્રીસ રૂપિયા અને ચાંદી પ્રતિ કિલો બે લાખ પચ્ચીસ હજાર ચારસો ત્રીસ રૂપિયાના મજબૂત સ્તરે વેચાઈ રહી હતી.

દેશના વિવિધ શહેરોમાં સોનાના સત્તાવાર ભાવમાં જોવા મળતા તફાવત પાછળ અનેક મહત્વના પરિબળો કામ કરી રહ્યા હોય છે. સોનાને એક સ્થળેથી બીજા સ્થળે સુરક્ષિત રીતે પહોંચાડવા માટે થતો પરિવહન અને કડક સુરક્ષા વ્યવસ્થાનો ખર્ચ અંતર વધવાની સાથે ઉમેરાય છે, જેનાથી કિંમતોમાં તફાવત આવે છે. દક્ષિણ ભારતમાં દેશના કુલ સોનાના વપરાશનો મોટો હિસ્સો એટલે કે આશરે ચાલીસ ટકા જેટલો વપરાશ થતો હોવાથી ત્યાંના વેપારીઓ મોટા જથ્થામાં ખરીદી કરે છે, તેમ છતાં ગ્રાહકો સુધી પહોંચતા ભાવમાં સ્થાનિક માંગ અને પુરવઠાનું સમીકરણ મુખ્ય ભાગ ભજવે છે. આ ઉપરાંત દરેક રાજ્ય અને શહેરના પોતાના સ્થાનિક જ્વેલરી એસોસિએશન બજારની પ્રવર્તમાન પરિસ્થિતિ મુજબ દૈનિક ભાવ નક્કી કરતા હોય છે, સાથે સાથે જ્વેલર્સ પાસે પડેલો જૂનો સ્ટોક અને તેમની પોતાની મૂળ ખરીદ કિંમત પણ ગ્રાહકો માટે અંતિમ વેચાણ કિંમત નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

બજારમાં ચાલી રહેલી આ તેજી વચ્ચે કેન્દ્ર સરકારે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણયો લેતા સોના અને ચાંદી પર લાગતી આયાત ડ્યુટી છ ટકાથી સીધી વધારીને પંદર ટકા કરી દીધી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને વૈશ્વિક રાજકીય તણાવની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે આ પગલું ભર્યું છે, જેથી વિદેશથી થતી બિનજરૂરી ખરીદીને અટકાવી શકાય અને દેશના વિદેશી મુદ્રા ભંડાર પર વધી રહેલા અતિશય દબાણને નિયંત્રિત કરી શકાય. સરકાર દ્વારા સોના પર દસ ટકા બેઝિક કસ્ટમ ડ્યુટી અને પાંચ ટકા એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ લાદવામાં આવ્યો છે, જેનાથી કુલ અસરકારક આયાત કર પંદર ટકા થઈ ગયો છે. અત્રે નોંધનીય છે કે વર્ષ 2024 ના અંદાજપત્રમાં નાણા મંત્રી નિર્મલા સીતારમણે આ ડ્યુટી પંદર ટકાથી ઘટાડીને છ ટકા કરી હતી, જેને હવે ફરીથી જૂના સ્તરે લઈ જવામાં આવી છે.

આવી સ્થિતિમાં સામાન્ય ગ્રાહકો જ્યારે જ્વેલર્સ પાસેથી સોનાની ખરીદી કરવા જાય ત્યારે તેમણે કેટલીક અત્યંત મહત્વની સાવચેતીઓ રાખવી જરૂરી બની જાય છે. ગ્રાહકોએ હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા પ્રમાણિત થયેલું અને હોલમાર્ક ધરાવતું સોનું જ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ, જેમાં આપેલા વિશિષ્ટ આલ્ફાન્યુમેરિક નંબર પરથી સોનાની સાચી શુદ્ધતા અને કેરેટની ખાતરી મળે છે. આ ઉપરાંત ખરીદી કરતી વખતે સોનાનું ચોક્કસ વજન અને તે જ દિવસનો સત્તાવાર ભાવ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એશોસિએશનની સત્તાવાર વેબસાઈટ જેવા માન્ય સ્ત્રોતોમાંથી ક્રોસ ચેક કરી લેવો હિતાવહ છે, કારણ કે ચૌવીસ કેરેટ, બાવીસ કેરેટ અને અઢાર કેરેટ સોનાના દર અલગ-અલગ હોય છે.

તેવી જ રીતે ચાંદીની ખરીદી વખતે પણ તેની અસલિયત પારખવા માટે કેટલીક સરળ પદ્ધતિઓ અપનાવી શકાય છે. અસલી ચાંદી ક્યારેય ચુંબક તરફ આકર્ષાતી નથી, તેથી જો તે ચુંબક સાથે ચોંટી જાય તો તેમાં ભેળસેળ હોવાની પૂરી શક્યતા છે. આ સિવાય ચાંદી પર બરફનો ટુકડો રાખવાથી તે તેની ઊંચી થર્મલ વાહકતાના કારણે ખૂબ જ ઝડપથી પીગળવા લાગે છે. અસલી ચાંદીમાંથી કોઈ જ પ્રકારની દુર્ગંધ આવતી નથી જ્યારે નકલી અથવા મિશ્રિત ચાંદીમાંથી તાંબા જેવી ધાતુની ગંધ આવે છે. તેમજ ચાંદીના ઘરેણાં કે સિક્કાને સફેદ કપડા વડે ઘસવાથી જો કપડા પર કાળાશ પડતો ડાઘ પડે તો તે ચાંદી અસલી હોવાની પ્રાથમિક ઓળખ આપે છે.

# સેન્સેક્સ 443 પોઈન્ટ ઘટીને 77,709 પર બંધ: નિફ્ટી પણ 96 પોઈન્ટ ઘટ્યો, પ્રાઈવેટ બેંક અને ઓટો શેર્સમાં વેચવાલી રહી

**નવી દિલ્હી, તા.20**

આજના ભારતીય શેરબજારમાં ભારે તણાવ અને ઘટાડાનો માહોલ જોવા મળ્યો છે. 20 જુલાઈના રોજ કારોબારના અંતે ભારતીય બજારના મુખ્ય સમાન સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા છે. દિવસ દરમિયાન બજારમાં મોટાપાયે વેચવાલીનું દબાણ રહ્યું હતું, જેના કારણે સેન્સેક્સ પોતાના અગાઉના સ્તરથી નોંધપાત્ર રીતે નીચે સરકીને 77,709 ની સપાટીએ આવી ગયો હતો. તેવી જ રીતે નિફ્ટીમાં પણ સાર્વત્રિક ઘટાડો નોંધાયો હતો અને તે 24,239 ના સ્તરે પહોંચીને બંધ થયો હતો.

આજના સમગ્ર કારોબાર દરમિયાન સેક્ટરલ ધોરણે મોટા તફાવતો જોવા મળ્યા હતા. ખાનગી બેંકો, ઓટોમોબાઈલ અને આઈટી ક્ષેત્રના દિગ્ગજ શેરોમાં ભારે પાછોપાની થવાથી બજાર પર સૌથી વધુ દબાણ સર્જાયું હતું. આ ક્ષેત્રોમાં રોકાણકારોએ મોટા પાયે નફો બુક કરવાનું યોગ્ય માન્યું હતું. તેની સામે સરકારી બેંકો અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રના શેરોમાં ખરીદીનો જોરદાર ટેકો જોવા મળ્યો હતો, જેણે બજારને વધુ પડતું નીચે જતાં અટકાવવામાં મદદ કરી હતી.



વૈશ્વિક સ્તરે પણ સ્થિતિ બહુ સાનુકૂળ રહી નહોતી. એશિયન બજારોમાં આજે મિશ્ર અને મોટાભાગે નકારાત્મક કારોબાર જોવા મળ્યો હતો. સાઉથ કોરિયાના કોસ્પી ઈન્ડેક્સ અને જાપાનના નિક્કેઈ ઈન્ડેક્સમાં ભારે તારાજી સર્જાઈ હતી અને બંને બજારો ચાર ટકાથી પણ વધુ તૂટ્યા હતા. જોકે, આ વિપરીત પરિસ્થિતિ વચ્ચે હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં અઢી ટકા જેટલો સુધારો નોંધાયો હતો. આ સિવાય ગયા અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે એટલે કે શુક્રવારે અમેરિકી શેરબજારોમાં પણ મંદીનો દોર રહ્યો હતો. ડાઉ જોન્સ, નાસ્ડેક અને S&P 500 જેવા તમામ પ્રમુખ વોલ સ્ટ્રીટ ઈન્ડેક્સ નોંધપાત્ર ઘટાડા સાથે રેડ ઝોનમાં બંધ થયા હતા, જેની નકારાત્મક અસર આજે એશિયન અને ભારતીય બજારો પર સ્પષ્ટપણે જોવા મળી છે.

ભારતીય બજારમાં ઘટાડા પાછળનું એક મુખ્ય કારણ વિદેશી રોકાણકારો દ્વારા થઈ રહેલી સતત વેચવાલી છે. છેલ્લા સાત દિવસના આંકડા દર્શાવે છે કે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ભારતીય બજારમાંથી હજારો કરોડ રૂપિયાના શેર વેચીને પોતાની મૂડી પાછી ખેંચી લીધી છે. જોકે, આ સમયગાળા દરમિયાન ઘરેલું સંસ્થાકીય રોકાણકારોએ બજારને સંભાળવાનો પ્રયાસ કરતા ભારે ખરીદી કરી છે, પરંતુ તે FII ના વેચાણના દબાણને પૂરેપૂરું પચાવી શકવામાં અસમર્થ રહી છે.

આજના ઘટાડા પાછળ આંતરરાષ્ટ્રીય અને રાજકીય સ્થિતિ પણ મુખ્ય રીતે જવાબદાર છે. મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા ભૌગોલિક રાજકીય તણાવને કારણે સમગ્ર વિશ્વના બજારોમાં અસુરક્ષા અને અનિશ્ચિતતાનો માહોલ ઊભો થયો છે. આ તણાવની સીધી અસર ક્રૂડ ઓઈલના ભાવ પર પડી છે, જેમાં બ્રેન્ટ ક્રૂડની કિંમત પ્રતિ બેરલ 90 ડૉલરની સપાટી વટાવી ગઈ છે. કાચા તેલના ભાવ વધવાથી ભારત જેવા તેલ આયાત કરતા દેશ માટે આયાત બિલ અને મોંઘવારી વધવાનો મોટો ભય ઊભો થયો છે.

બજારના આંતરિક કારણોની વાત કરીએ તો, પ્રથમ ક્વાર્ટરના નબળા કે અપેક્ષાથી ઓછા પરિણામોને કારણે એચડીએફસી બેંક, એક્સિસ બેંક અને કોટક મહિન્દ્રા બેંક જેવા ભારતીય બેંકિંગ ક્ષેત્રના અગ્રણી શેરોમાં તીવ્ર વેચવાલી આવી હતી. આ ઉપરાંત, અમેરિકામાં 10-વર્ષીય બોન્ડ યીલ્ડમાં થયેલા વધારાને કારણે રોકાણકારો શેરબજાર જેવા જોખમી વિકલ્પોમાંથી નાણાં પાછા ખેંચીને સુરક્ષિત બોન્ડ્સ તરફ વળ્યા છે.

આ આજનો ઘટાડો શુક્રવારના બજાર કરતા સાવ વિપરીત રહ્યો છે. શુક્રવાર, 17 જુલાઈના રોજ બજારમાં ભારે ઉત્સાહ હતો અને સેન્સેક્સ સાડા નવસોથી વધુ પોઈન્ટના ઉછાળા સાથે 78,151 ની મજબૂત સપાટીએ બંધ થયો હતો. શુક્રવારે નિફ્ટી પણ અઢીસોથી વધુ પોઈન્ટ વધીને 24,334 પર પહોંચ્યો હતો અને તેમાં આઈટી, ઓટો અને બેંકિંગ શેરોનું મોટું યોગદાન હતું. પરંતુ માત્ર એક જ કારોબારી દિવસમાં વૈશ્વિક સંકેતો બદલાતા આખી ચાલ પલટાઈ ગઈ છે અને શુક્રવારની તમામ તેજી આજે ધોવાઈ ગઈ છે.

# સ્માર્ટફોન શિપમેન્ટમાં ૬ વર્ષનો સૌથી મોટો ઘટાડો નોંધાયો

## મેમરી ચિપના ભાવ વધવાથી હેન્ડસેટ ૧૫% મોંઘા થયા : એન્ટ્રી-લેવલ ઉપકરણોમાં 4G મોડલ્સ પર વધુ આધાર

**અમદાવાદ, તા.20**

ભારતના સ્માર્ટફોન માર્કેટે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં છ વર્ષનો સૌથી મોટો શિપમેન્ટ ઘટાડો નોંૃધાવ્યો છે, જેમાં વાર્ષિક ૃધોરણે વોલ્યુમ ૧૦% ઘટયું છે. વૈશ્વિક મેમરી ચિપના વાૃધતા ભાવોને કારણે હેન્ડસેટ ઉત્પાદકોને કિંમતોમાં તીવ્ર વાૃધારો કરવાની ફરજ પડી હતી, જેનાથી આક્રમક ધિરાણ ઓફર્સ હોવા છતાં દેશના સૌથી મોટા સ્માર્ટફોન સેગમેન્ટમાં પરવડે તેવા દર પર નકારાત્મક અસર પડી છે.

આ ઘટાડો આ વર્ષની શરૂઆતમાં શરૂ થયેલી મંદીને આગળ ધપાવે છે, જ્યારે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં શિપમેન્ટમાં ૩%નો ઘટાડો થયો હતો. અગાઉની મંદી જે મુખ્યત્વે ઈન્વેન્ટરી સુૃધારણા અથવા વિલંબિત અપગ્રેડને કારણે હતી, તેનાથી વિપરીત હાલની નબળાઈ કમ્પોનન્ટ ખર્ચમાં તીવ્ર વાૃધારાને કારણે છે, ખાસ કરીને DRAM અને NAND મેમરી, જેનો બોજો ઉત્પાદકો દ્વારા ગ્રાહકો પર નાખવામાં આવ્યો છે.

ક્વાર્ટર દરમિયાન લગભગ તમામ મોટી બ્રાન્ડ્સે મલ્ટીપલ વખત કિંમતોમાં વાૃધારો કર્યો



હતો કારણ કે મેમરી અને અન્ય કમ્પોનન્ટના ખર્ચમાં સતત વાૃધારો થતો રહ્યો. ક્વાર્ટરના અંત સુૃધીમાં સ્માર્ટફોનની સરેરાશ કિંમતમાં આશરે ૧૫%નો વાૃધારો થયો હતો, જે ગ્રાહકોની ખરીદી પર મોંઘવારી અને નબળા વિવેકાૃધીન ખર્ચ વચ્ચે વાૃધુ એક મોટો ફટકો છે.

મેમરી અને અન્ય કમ્પોનન્ટ ખર્ચમાં સતત વાૃધારાને કારણે લગભગ દરેક ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરરને કિંમતોમાં મલ્ટીપલ રાઉન્ડ વાૃધારો કરવાની ફરજ પડી હતી.

આ અસર માસ-માર્કેટ (લોકપ્રિય બજેટ સેગમેન્ટ)માં સૌથી વાૃધુ દ્રશ્યમાન હતી. રૂ. ૧૫,૦૦૦થી ઓછી કિંમતના સ્માર્ટફોનનું શિપમેન્ટ વાર્ષિક ૃધોરણે ૪૫% ઘટયું છે, જે તેને સૌથી ખરાબ પ્રદર્શન કરનારી કેટેગરી બનાવે છે. આ સેગમેન્ટમાં બિલ ઓફ મટિરિયલ્સમાં મેમરીનો હિસ્સો હવે ૪૫%થી વાૃધુ છે, જે અગાઉ ૨૦% કરતા ઓછો હતો, જેના કારણે કેટલાક મોડલ્સની કિંમતો તેમની મૂળ લોન્ચ કિંમત કરતા બમણાથી વાૃધુ થઈ ગઈ છે.

# 'રાજ્ય સરકાર હાઈકોર્ટની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ ના કરે'

## નાના કર્મચારી સસ્પેન્ડ થયા તો મ્યુ. કમિશનર હજી હોદા પર કેમ? નાસીરનગર ડિમોલિશન મામલે HC ફરી લાલઘૂમ

**અમદાવાદ, તા.20**

સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા ગેરકાયદે ડિમોલીશન મામલે આજે (20 જુલાઈ)એ હાઈકોર્ટમાં યોજાયેલી સુનાવણીમાં કોર્ટે રાજ્ય સરકાર અને સુરત મ્યુનિસિપલ કમિશરની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી વેધક સવાલો કર્યા હતા. કોર્ટે કહ્યું હતું કે,રાજ્ય સરકાર હાઈકોર્ટની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ ન કરે. ગેરકાયદે ડિમોલીશન મામલે નાના કર્મચારીઓ સસ્પેન્ડ થયા તો મ્યુ. કમિશનર તેના હોદા પર કેવી રીતે રહી શકે?

સુરત નાસીરનગર ડિમોલિશન મુદ્દે 26 અરજદારો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં રાજ્ય, SMC, સુરત પોલીસ કમીશ્નર, SOG ના DCP રાજદીપસિંહ નકુમ, ખાનગી બિલ્ડર, પોલીસ અને SMCના કર્મચારીઓ તેમજ ટોરેન્ટ પાવરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.

કોર્ટે કહ્યું હતું કે, આ ઘટનામાં SMC કમિશ્નરના મોબાઈલ નંબરની સ્પષ્ટ હાજરી છે. ઉલ્લેખનીય છે કે આ મુખ્ય અરજીમાં SMCના એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુજલ પ્રજાપતિના વકીલે પણ રજૂઆત કરી હતી. તેઓએ કહ્યું હતું કે SMC કમિશ્નરે તેમના કામની પ્રશંસા કરી હતી અને મોટા દબાણ ઉપર નજર રાખવા કહ્યું હતું.

કોર્ટે કહ્યું હતું કે, SMC કમિશ્નરનો મેસેજ એફિડેવિટ ઉપર મુકાયો છે. આક્ષેપ મૂકનાર SMCના સસ્પેન્ડેડ કર્મચારી છે. તેને એફિડેવિટમાં ચોખ્ખું કહ્યું છે કે તેને SMC કમિશ્નરના કહેવાથી ડિમોલિશન કર્યું છે. શું તે હાઈકોર્ટમાં ખોટી એફિડેવિટ કરશે ? એડવોકેટ જનરલે SMC એક્ઝિક્યુટિવ એન્જિનિયરની વિશ્વનીયતા માનવા ઈનકાર કર્યો હતો. તેઓએ કહ્યું હતું કે એક્ઝિક્યુટિવ એન્જિનિયર રોડના કામ સાથે સંકળાયેલા છે, તેઓને ડિમોલિશન સાથે શું લેવાદેવા ?SMC કમિશ્નર આ બધા આક્ષેપ નકારી નાખશે.

કોર્ટે કહ્યું હતું કે, રાજ્ય સરકાર કોર્ટની આંખમાં ધૂળ નાખી રહી છે. કોર્ટને રાજ્યની કમિટીની રચના સામે વાંધો નથી, પણ કમિટી શેની તપાસ કરવાની છે તે જ સ્પષ્ટ નથી. SMC કમિશ્નર ઉપર આક્ષેપ છે, તો તેમનો ખુલાસો કેમ માંગ્યો નહીં ? નાના કર્મચારીઓ હોય તો સસ્પેન્ડ કરી દેવાય છે. તમે કોર્ટને બીજી રીતે વિચારવા મજબૂર કરી રહ્યા છો ! SMC કમિશ્નર પોતાના હોદ્દા પર અત્યાર સુધી શું કરે છે ?

SMC કમિશ્નરે મેસેજ ફોરવર્ડ કર્યો તે વાતને નકારી નથી, તેમના જ નંબરથી મેસેજ થયો તેનો પણ સ્વીકાર કરાયો છે. પાવર ધરાવતો આક્ષેપિત વ્યક્તિ હોદ્દા ઉપર હોય ત્યાં સુધી નિષ્પક્ષ તપાસ કેમ થાય ? SMC કમિશ્નરે હાઈકોર્ટમાં એફિડેવિટ કરી છે તો તેઓએ ચોખ્ખા હાથે કોર્ટ સમક્ષ આવું જોઈએ. કમિશ્નરને કોઈએ ડિમોલિશન માટે સૂચના આપી છે. એક વખત ડિમોલિશન કરવાની તાકત આવે એટલે આવું બધું ખોટું કામ પણ અધિકારીઓ કરે ! શું આ



દેશમાં કાયદો નથી ? 150 પરિવારોને રોડ ઉપર લાવી દીધા !

SMC કમિશ્નરના આદેશથી જ ડિમોલિશન થયું અને તે જ તપાસ કમિટીની રચના કરે છે ! નાનો કર્મચારી SMC કમિશ્નર ઉપર આક્ષેપ કરતી ખોટી એફિડેવિટ હાઈકોર્ટમાં કરવાની હિંમત કરે નહીં ! રાજ્ય પણ તલસ્પર્શી અભ્યાસના નામે કોર્ટની આંખમાં ધૂળ ના નાખે ! Smc કમિશનર કેવી રીતે પોતાના હોદ્દા ઉપર રહી શકે ? કમિશ્નર સામે પ્રથમદર્શી આક્ષેપો છે, તેને સસ્પેન્ડ ના કરો, પણ પ્રાથમિક તપાસ ક્યાં ? તે અત્યાર સુધી હોદ્દા ઉપર કેમ છે ? SITનો રીપોર્ટ પણ કોર્ટની આંખમાં ધૂળ નાખનારો છે. રાજ્ય સરકાર કેમ જાતે કારવાહી કરવા નથી માંગતી ? સરકાર કોને બચાવવા માંગે છે ?

એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે કમિશ્નરે નોટિસ આપવા વગર કાર્યવાહી કરવા SMC ના કોઈ કર્મચારીને નહોતું કહ્યું. કોર્ટે પૂછ્યું હતું કે, તો કમિશ્નરને પ્રાઈવેટ પ્રોપર્ટીમાં રસ કેમ છે ? આ જમીનનો ભાગ એક પારસીના નામે છે. એડવોક્ટ જનરલે જણાવ્યું હતું કે, પ્રાઈવેટ વ્યક્તિની જમીન ખાલી કરાવવા માટે SMC સમક્ષ રજૂઆત આવી હતી, પણ SMC એ ના પાડી હતી કે પહેલા ડિમાર્કેશન કરવું.પડે, પણ ડિમોલિશન થયું.

કોર્ટે કહ્યું હતું ના, અરજદારના વકીલે કોર્ટ સમક્ષ પુરાવા મુક્યા છે કે, ડિમોલિશન વાળી જમીન એક ખાનગી વ્યક્તિની છે. એડવોકેટ જનરલે કહ્યું હતું કે, ના આ જમીન જુદા જુદા સીટિ સર્વે નંબરમાં વહેંચાયેલી છે, ડિમોલિશન પ્રાઈવેટ જમીન ઉપર કરાયું નથી. જેથી કોર્ટે કહ્યું હતું કે, પહેલા ખાનગી વ્યક્તિને ડેવલપમેન્ટ પરમિશન અપાઈ, જમીન રોડ લાઈન માટે લેવાની હતી, પણ પ્રાઈવેટ માણસ માટે કેમ ડિમોલિશન કરાયું ?

FSI બેનીફીટ માટે ખાનગી વ્યક્તિ જમીન આપે પછી SMC ડિમોલિશન કરે ! SMC એ પ્રાઈવેટ માણસોના હિતમાં કામ કર્યું છે. તમે 30 થી 40 વર્ષ કશું ના કર્યું હવે અચાનક ડિમોલિશન કર્યું ! આટલા વર્ષોથી ખાનગી વ્યક્તિએ કશું ના કર્યું, પછી જમીન કોર્પોરેશનને આપી અને કહ્યું તમે દબાણ હટાવો ! ખાનગી વ્યક્તિએ રોડના નામે ડી માર્કેશન કરવા કહ્યું.

એડવોકેટ જનરલ કહ્યું હતું કે અહીં વર્ષ 1980થી રોડ બનાવવાનું નક્કી હતું. ખાનગી વ્યક્તિએ રોડ માટે જમીન આપી, તેને ડિમાર્કેશન કરવા કહ્યું પણ ડિમોલિશન થયું. કોર્ટે કહ્યું હતું કે તેઓ આ વાતથી કન્વિન્સ નથી, જમીનના ખરા માલિકે કોર્પોરેશનનો ઉપયોગ કર્યો છે. કોર્ટ રાજ્ય ચલાવતી નથી. રાજ્યને ખબર પડી કે, 150 ઘર તોડી પાડ્યા તે પણ કાનૂની કાર્યવાહી વગર, શું આ મોટી વાત નથી ? જો આક્ષેપિત વ્યક્તિ હોદ્દા ઉપર હોય તો લોકોમાં ન્યાયની ભાવના ક્યાંથી આવશે ? શું SMC કમિશ્નર સામેના આક્ષેપો ગંભીર નથી ?

એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે, તે મુદ્દે પણ તપાસ થશે, અત્યારે નાસીરનગરના લોકોના પુનર્વસન ઉપર કામ કરાઈ રહ્યું છે. જેથી કોર્ટે કહ્યું હતું કે પુનઃવસન રાજ્યના, લોકોના ખર્ચે કેમ ? દોષિતોના ખર્ચે પુનર્વસન કરો. કોર્ટ સમક્ષ અરજદારોની બે માંગ છે એક તો પુનર્વસનની અને બીજી દોષિત અધિકારીઓ સામે પગલાં લેવાની.

એડવોકેટ જનરલે હાઈકોર્ટને જણાવ્યું હતું કે, નાસીરનગરના લાયકાત ધરાવતા લોકોના પુનઃ વસન માટે 120 ફ્લેટ ખાલી છે. સરકારે હાઈલેવલ કમિટી બનાવવાનું નક્કી કર્યું , જેમાં અર્બન હાઉસિંગ અને ડેવલપમેન્ટ વિભાગના બે સિનિયર ઓફિસર હશે. કોર્ટે પૂછ્યું હતું કે, રાજ્ય દ્વારા નિમાયેલી આ કમિટીમાં તલસ્પર્શી અભ્યાસ લખ્યું છે, એટલે શું ? તપાસનો સ્પષ્ટ વિષય શું છે ? એડવોકેટ જનરલે જણાવ્યું હતું કે આ ઘટનામાં સામેલ દરેક અધિકારી અને કર્મચારીઓના રોલની તપાસ થશે.

# સોનમ વાંગચુકના સમર્થનમાં વિરોધ કરતા પ્રદર્શનકારીઓને પોલીસે દોડાવ્યા

## લાકડીઓ લઈને પાછળ દોડ્યા, મહિલાઓની ટીંગાટોળી કરી, દિલ્હી જંતર-મંતરના ગુજરાતમાં પડઘા

**અમદાવાદ, તા.20**

દિલ્હીના જંતર-મંતર ખાતે સોનમ વાંગચુકના સમર્થનમાં ચાલી રહેલા આંદોલનના પડઘા ગુજરાતમાં પણ જોવા મળ્યા છે. અમદાવાદમાં આજે 20 જુલાઈના યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ આંદોલનકારીઓ પાછળ લાકડીઓ લઈને દોડી હતી અને વિરોધ નોંધાવી રહેલી મહિલાઓની ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી. જ્યારે સુરતમાં કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં યુવાનો વિરોધ કરવા માટે એકત્રિત થયા છે. જૂનાગઢ અને ભાવનગરમાં પણ યુવાનોએ વિરોધ નોંધાવ્યો છે.

દિલ્હીમાં છેલ્લા ઘણા સમયથી NEET પેપર લીક મુદ્દે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. જ્યાં આ મુદ્દે સોનમ વાંગચુક ઉપવાસ પર બેઠા



હતા, પરંતુ તેમની તબિયત લથડતા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. દિલ્હીમાં લાંબા સમયના વિરોધ છતાં હજી સુધી શિક્ષણમંત્રીનું રાજીનામું લેવામાં ન આવતા તેના જ આક્રોશ સ્વરૂપે ગુજરાતમાં આ વિરોધ પ્રદર્શનનું થઈ રહ્યા.

જૂનાગઢ ખાતે અનુસૂચિત જાતિ સમાજના યુવાનોએ કલેક્ટર ઓફિસ બહાર આંદોલન શરૂ કર્યું છે. બીજી તરફ, ભાવનગરમાં કોંગ્રેસના નગરસેવક કિશન મેર અને તેમના સમર્થકો હાથમાં પોસ્ટરો સાથે ઘોઘા ગેઈટ ચોક સહિતના મુખ્ય બજાર વિસ્તારમાં રોડ પર ઉતર્યા છે.

સુરત કલેકટર કચેરી ખાતે વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા લોકોએ હાથમાં સોનમ વાંગચુકની તસ્વીરો પકડીને અને 'ઈન્કલાબ જિંદાબાદ' ના પ્રચંડ નારાઓ લગાવીને આક્રોશ વ્યક્ત કર્યો હતો. સુરત કલેક્ટર કચેરી ખાતે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં લોકોએ એકત્ર થઈ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. 'ઈન્કલાબ જિંદાબાદ'ના નારાઓ સાથે પ્રદર્શનકારીઓએ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી સમગ્ર ઘટનાની તટસ્થ તપાસની અપીલ કરી હતી, જેમાં પરેશભાઈ મહાલે નામના સ્થાનિકે ભારતીય સંવિધાન સાથે 'કૉક્રોચ જનતા પાર્ટી' લખેલું ટીશર્ટ પહેરી અનોખી રીતે વિરોધ નોંધાવી સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

# અમદાવાદના ઘુમાની પોશ સોસાયટીમાં દીપડો ઘૂસ્યો: ઘુમા-શેલા-બોપલમાં ડરનો માહોલ

**અમદાવાદ, તા.20**

અમદાવાદના ગ્રામ્ય વિસ્તારોમાં વન્યજીવોના દેખાવાના બનાવો બનતા હોય છે, પરંતુ હવે શહેરના અત્યંત પોશ અને વિકસિત ગણાતા ઘુમા-શેલા વિસ્તારમાં પણ દીપડાએ દેખા દેતાં સ્થાનિક રહીશોમાં ભારે ભય અને દહેશતનો માહોલ સર્જાયો છે. 19 જુલાઈની મોડી રાત્રે આશરે પોણા બે વાગ્યાના અરસામાં ઘુમાથી શેલા તરફ જવાના મુખ્ય માર્ગ પર આવેલી શરણદીપ સોસાયટીમાં દીપડો કોટ કૂદીને એક બંગલાના આંગણામાં ઘૂસી ગયો હતો. તે સમયે સોસાયટીના કૂતરા તેની પાછળ દોડ્યા હતા અને વાહનોની ચહલપહલ જોતાં દીપડો દીવાલ કૂદીને આસપાસની ઝાડીઓ તરફ ભાગી ગયો હતો.

આ ઘટનાની વિગત આપતા સ્થાનિક રહીશ મનોજભાઈએ જણાવ્યું હતું કે, રાત્રે આશરે એક ૨૦ વાગ્યાના સુમારે તેમના બાળકો બહારથી પરત ફરી રહ્યા હતા ત્યારે તેમણે રસ્તામાં ડિવાઈડર પર આશરે પંદર મીટરના અંતરે દીપડાને બેઠેલો જોયો હતો. તેમણે તરત જ પરિવારજનોને જાણ કરી હતી, જેના આધારે સોસાયટીના વોટ્સએપ ગ્રુપમાં મેસેજ મુકવામાં આવ્યો હતો. ત્યારબાદ રાત્રે બે વાગ્યે સોસાયટીના સીસીટીવી કેમેરા ચકાસવામાં આવતાં દીપડો ક્લબ હાઉસ પરથી છલાંગ લગાવીને નીચે આવતો સ્પષ્ટપણે દેખાયો હતો અને સોસાયટીના પરિસરમાં તેના પંજાના નિશાન પણ મળી આવ્યા હતા.

બનાવની જાણ થતાં જ સવારે અમદાવાદના મેયર હિતેશ બારોટ, વન વિભાગની ટીમ તેમજ કાંકરિયા પ્રાણી



સંગ્રહાલયના અધિકારીઓ શરણદીપ સોસાયટી ખાતે દોડી આવ્યા હતા. સાણંદ, દસક્રોઈ અને માંડલના પરિક્ષેત્ર વન અધિકારીઓ અને વેટરનરી ડોક્ટર્સ સહિતનો સમગ્ર કાફલો ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે પાંજરા ગોઠવવાની સાથે સમગ્ર વિસ્તારનું સ્કેનિંગ હાથ ધરવામાં આવ્યું છે.

ડીસીએફ મીનલ જાનીએ જણાવ્યું છે કે સીસીટીવી ફૂટેજની તપાસ પરથી આ આશરે આઠથી નવ વર્ષનો નર દીપડો હોય તેમ જણાય છે. સામાન્ય રીતે નર દીપડો એક જ રાતમાં પાંચથી પચાસ કિલોમીટર સુધીનું અંતર કાપી શકતો હોય છે. સીસીટીવી ફૂટેજ પરથી એવું લાગે છે કે તે કૂતરા જેવા પોતાના કુદરતી ખોરાકની શોધમાં આવ્યો હોય અને ત્યારબાદ પોતાના રસ્તે આગળ નીકળી ગયો હોય. તેમ છતાં વન વિભાગ દ્વારા કોઈપણ પ્રકારનું જોખમ લીધા વગર આગામી એક અઠવાડિયા સુધી આ આખો વિસ્તાર સ્કેન કરવામાં આવશે.

બીજી તરફ વન રાજ્યમંત્રી પ્રવીણ માળીએ પણ સ્પષ્ટતા કરી છે કે દીપડાએ કોઈ પણ નાગરિક કે પ્રાણીને નુકસાન પહોંચાડ્યું નથી અને વન વિભાગની ટીમો તેને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરવા કામે લાગી છે. ધરોઈ કે સાબરમતી નદીના પટ્ટમાંથી દીપડો અહીં આવ્યો હોવાની શક્યતાઓ ચકાસવામાં આવી રહી છે. તેમજ પીસીસીએફ જયપાલ સિંહે લોકોને અફવાઓથી દૂર રહેવા અને ગભરાટ ન ફેલાવવા અપીલ કરી છે, કારણ કે અમદાવાદ કે આસપાસના જિલ્લાઓમાં દીપડાની કાયમી વસતિ નથી અને મનુષ્ય એ દીપડાનો કુદરતી ખોરાક નથી.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને વન વિભાગે શેલા, બોપલ અને ઘુમા વિસ્તારના રહીશોને ખાસ કરીને સાંજના સમયે બાળકોને અવાવરું કે ખુલ્લી જગ્યાઓમાં એકલા ન મોકલવા અને નજર સામે જ રાખવા ખાસ સલાહ આપી છે. આ ઉપરાંત જો કોઈને પણ દીપડો સ્પોટ થાય તો તેની નજીક જવાનો કે તેને છંછેડવાનો પ્રયાસ કર્યા વગર તાત્કાલિક વન વિભાગના હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

# વિદેશી દારૂના કટિંગનો પર્દાફાશ, 4 શખ્સ પકડાયા, એક ફરાર

## ગાંધીનગરના કોલવડા-પુન્દ્રાસણ રોડ પર પોલીસે ત્રાટકી, ગાડીઓ સહિત 9.52 લાખનો મુદ્દામાલ જપ્ત

**ગાંધીનગર, તા.20**

ગાંધીનગર તાલુકાના કોલવડા-પુન્દ્રાસણ રોડ પર આવેલ ગરનાળા પાસેના ચરામાં ખુલ્લી જગ્યામાં ચાલતા વિદેશી દારૂના કટિંગ પર પેથાપુર પોલીસે પૂર્વ બાતમીના આધારે ત્રાટકીને અઢી લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂના જથ્થા સહિત બે ગાડીઓ મળીને કુલ રૂ.9.52 લાખના મુદ્દામાલ સાથે ચાર બુટલેગરોને દબોચી લીધા છે. જ્યારે એક બુટલેગર નાસી જવામાં સફળ રહ્યો હતો.

ગાંધીનગર પેથાપુર પોલીસ મથકના પીઆઈ અંકુર દેસાઈ સહિતની ટીમ કોલવડા ગામ નજીક પેટ્રોલીંગમાં હતી. એ દરમિયાન બાતમી મળી હતી કે, ગરનાળા પાસેના ચરામાં બે વાહનોમાં વિદેશી દારૂનો જથ્થો લાવીને તેનું કટિંગ કરવામાં આવી રહ્યું છે. આ બાતમીના પોલીસ દ્વારા સ્થળ પર દરોડો પાડવામાં આવ્યો હતો.

જેના પગલે દારૂનું કટિંગ કરી રહેલા ઈસમોમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે પોલીસે ઘેરાબંધી કરીને સ્થળ પરથી ચાર ઈસમોને ઝડપી લીધા હતા. જ્યારે બ્રેઝા ગાડીમાંથી ઉતરેલો એક અજાણ્યો



ઈસમ ભાગી છૂટ્યો હતો. આ અંગે પીઆઈ દેસાઈએ કહ્યું કે,સ્થળ પરથી સુઝુકી એસ-ક્રોસ (નંબર RJ.45.CH.3572) અને બ્રેઝા (નંબર GJ.18. BH.8199) ગાડીઓ જપ્ત કરી છે. બંને વાહનો તેમજ પ્લાસ્ટિકની થેલીઓમાંથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ 1337 નાની-મોટી કાચ અને પ્લાસ્ટિકની બોટલો મળી આવી છે.જેની કુલ કિંમત રૂ. 2,52,430 છે.

આ દરોડા દરમિયાન વિદેશી દારૂ, બંને ગાડીઓ મળીને કુલ 9.52 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામા આવ્યો છે. જ્યારે પકડાયેલા આરોપીઓમાં રાજસ્થાનના ઝુનઝુનુ જિલ્લાના ખેતડી તાલુકાના દેવતા ગામના રહેવાસી પવનકુમાર ગુરૂદયાલ ગુર્જર , ક્રિશનકુમાર ભોલારામ ગુર્જર, વિજેન્દ્રકુમાર રામેશ્વરલાલ કસાના તથા કોલવડા ગામના ચામુંડાપુરા હુડકાના રહેવાસી અક્ષય નરોત્તમભાઈ નાથબાવા નો સમાવેશ થાય છે. પકડાયેલા ચારેય આરોપીઓ તેમજ ભાગી છૂટેલા અજાણ્યા ઈસમ સામે પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હાથ ધરવામાં આવી છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




